શ્રી

# षट् पुरुष चरित्र.

(પંડિત ક્ષેમંકર ગણિ કૃત.)

ભાષાન્તર કર્ત્તા,

પ્ર. વક્તા મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજી.

પારેખ જુઠા પાનાચંદ માંગરોળ-
વાળાની સહાયથી—

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમ.

સોનગઢ—(કાઠિયાવાડ.)

(સર્વ હક્ક સ્વાધિન)

સંવત ૧૯૯૨] વીર સં. ૨૪૬૨ [સન ૧૯૩૫

મૂલ્ય આઠ આના.

श्री

# षट् पुरुष चरित्र.

(પંડિત ક્ષેમંકર ગણિ કૃત.)

ભાષાન્તર કર્ત્તા,

પ્ર. વક્તા મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજી.

પારેખ જુઠા પાનાચંદ માંગરોળ-
વાળાની સહાયથી—

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમ.

સોનગઢ—(કાઠિયાવાડ.)

(સર્વ હક્ક સ્વાધિન.)

સંવત ૧૯૯૨] વીર સં. ૨૪૬૨ [સન ૧૯૩૫

મૂલ્ય આઠ આના.

પાલીતાણા—શ્રી બહાદુરસિંહજી પ્રી. પ્રેસ
મુદ્રકઃ—શા. અમરચંદ બહેચરદાસ.



પ્રસિદ્ધવક્તા—
મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજી.

બી. પી. પ્રેસ–પાલીતાણા.

# પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના.

આ ગ્રંથમાં ૭ જાતના પુરૂષોનું દિગ્દર્શન કરેલું છે. જો કે મનુષ્યાકારમાં પુરૂષો દરેક સમાન છે. છતાં ૭ જાતના પુરૂષો કેમ બતાવ્યા છે? એવી આશંકા થાય વલી જાતિભેદે, રૂપભેદે, અવસ્થા-ભેદે કરીને અનેક પ્રકારના પુરૂષો થઇ શકે, એવી પણ આશંકા થવાનો અવકાશ છે; પણ સમજવુંજ જોઇએ કે પુરૂષોના જે ભેદ છે તે માત્ર પુરૂષ પરિણુતિ ( માનસિક વૃત્તિ ) તેજ ભેદનું કારણ છે. કોઈ જાતિએ ઉંચ્ચ હોય, અને વિચારે નીચ હોય તો તે ઉંચ પંક્તિમાં કદી પણ ગણી શકાય નહિ; અને જાતિએ નીચ હોય અને પરિણુતિએ ઉંચ હોય તો તેને નીચ તરીકે ગણવું એ એક લાંછન લગાડવા જેવું છે. મહાત્મા પુરૂષો અને વ્યવહારિક ( સાંસારિક ) પુરૂષોમાં શરીર આકૃતિ ભેદ બીલકુલ જોવામાં આવતો નથી, તોપણ મહાત્માના દર્શન અપાર પાપને નાશ કર્ત્તા થઇ પડે છે, અને તેથીજ તે મહાન્ આત્માધિષ્ઠ શરીરને પવિત્ર ગણવામાં આવે છે તો ઉંચ, નીચનું જે ખરૂં કારણ છે તે ફક્ત માનસિક વૃત્તિજ છે. તે ઉપર એક વૃદ્ધાનું દષ્ટાંત.

એક નગરીની અંદર વસતા બે વણિક્ પુત્રો વેપારાર્થે બહાર ખરીદીએ નીકળ્યા. તેમાંનો એક વણિક્ પુત્ર ઘૃતનો વેપાર કરતો હતો, અને બીજો વણિક્ પુત્ર ચર્મનો વેપાર કરતો હતો. બહાર દેશાવરમાં ફરતા ફરતા એક શહેરની અંદર ગયા. ત્યાં એક વણિક્ વૃદ્ધા રહેતી હતી. ત્યાં તેમને ઘરે જઇ કહ્યું કે, ડોશીમા, અમને રસોઈ કરી આપશો ? એટલે વૃદ્ધાએ વણિક્ પુત્રો જાણી અને પોતાને

ત્યાં પોતાના સ્વજ્ઞાતિ ભાઇઓ ક્યાંથી એમ વિચાર કરી ડોશીએ જણાવ્યું કે ભાઈઓ હું ઘણી ખુશીથી રસોઇ કરી આપીશ. પછી વાતચીત કરતા ઉપરથી વૃદ્ધાએ જાણી લીધું કે એક ઘૃતનો વેપારી છે, અને બીજો ચામડાનો વેપારી છે. તેથી વૃદ્ધાએ રસોઇ કરી લઇ ઘૃતના વેપારીને ઘરની અંદર કાંસાની થાળીમાં અને ચર્મના વેપા-રીને ઘરની બહાર પરશાળમાં પીતળની થાળીમાં જમવા આપ્યું. દરેકે પોતપોતાના મનમાં વિચાર્યું કે આમ કરવાનું કારણ ફક્ત આપણો વેપાર હશે; હશે આપણે ક્યાં તેમની સાથે સંબંધ જોડવાનો છે, એમ વિચારી જમીને પછી પોતપોતાના ધંધાની ખરીદી ઉપર ચાલ્યા. બહાર ગામમાં ખરીદી કરી અને પાછા પેલી વૃદ્ધા રહેતી હતી તેજ શહેરમાં આવ્યા, અને તેમને ઘરે જઇ તેઓએ વૃદ્ધાને રસોઇ કરી આપવા કહ્યું; તેથી તે વૃદ્ધાએ રસોઇ કરીને ઘૃતના વેપારીને ઘરની બહાર પરશાળમાં બેસારી પીતળની થાળીમાં અને ચર્મના વેપારીને ઘરની અંદર કાંસાની થાળીમાં જમવા આપ્યું. આનું કારણ પેલા ઘૃતના વેપારીએ વૃદ્ધાને પૂછ્યું ડોશીમા ! પ્રથમ મને ઘરની અંદર અને બીજાને ઘરની બહાર જમવા આપ્યું હતું તો શું તમે ભૂલી ગયા.? ના ભાઈ, હું ભૂલી નથી. મેં કર્યું છે તે વિચાર કરીને કર્યું છે. જો ભાઇ તમારા પ્રથમના વિચારમાં ને હમણાના વિચારમાં કેટલો તફાવત છે પ્રથમ જ્યારે ખરીદી ઉપર જતા હતા ત્યારે તારા મનમાં એમ હતું કે જો ઢોર ઘણાં હોય અને ઘૃત સોંઘે ભાવે મળે તો વધારે સારૂં; અને બીજાએ એવું વિચાર્યું હતું કે ઘણાં ઢોરો મરી ગયાં હોય અને ચર્મ સસ્તે ભાવે મળે તો વધારે સારૂં. તે કરતાં આજ તમારા વિચાર હું વિપરિત જોઉં છું. તારો વિચાર હમણાં એવો

લાગે છે કે જો ઢોર ઘણાં મરી જાય અને કોઇ પણ ઠેકાણેથી ધૃત ન આવે તો મારા ખરીદેલાં ધૃતનો ભાવ વધારે આવે. ને બીજાનો વિચાર એવો જાણાય છે કે, જો ઢોર મરતાં બંધ થાય મતલબ કે એકે ઢોર ન મરે તો મારા ચર્મનો ભાવ વધારે આવે. તેથી આજ તને બહાર જમવા આપ્યું છે. કહેવાની મતલબ એ છે કે હમેશાં માણસો પોતાના વિચાર પ્રમાણેજ ઉંચ, નીચ ગણાય છે.

આ ઉપરથી એમ પણ સમજવાનું છે કે પ્રાયઃ કરીને વિચારનું કારણ બાહ્ય પ્રવૃત્તિજ માણસને હોય છે, અને તેમજ બાહ્ય પ્રવૃત્તિ નિમિત્ત જનક માનસિક વૃત્તિ પણ થાય છે. તો આ ગ્રંથમાં જે છ જાતના પુરૂષો બતાવેલા છે, તે પુરૂષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) ના અધિકારી પરત્વે બતાવેલા છે.

આ ઉપરથી વાંચક વૃંદે એકાંત એમજ માની લેવાનું નથી જે 'મન ચંગા તો કથરોટમાં ગંગા' એ કહેવત મુજબ આપણે આપણું મન સાફ રાખવું અને બાહ્ય પ્રવૃત્તિ ગમે તેવી કરાય તો તેમાં દોષ નથી. આમ સમજવાથી ખરેખરી રીતે આ શાસ્ત્રના રહસ્યથી ઉલટું સમજ્યું કહેવાશે. કારણ કે મનને બગાડનાર નિરંતર બાહ્ય કારણો હોય છે. તે શરીરથી થાતા યા વચનથી થાતા ગમે તે હો પણ સ્વભાવિક મનને બગાડનાર થાય છે. તો બાહ્ય પ્રવૃત્તિજ પ્રથમ પવિત્ર કરવાની જરૂર છે. તે પવિત્ર થશે તો મન પણ સત્વર પવિત્ર થઇ શકશે. તેથી શુભ વર્તનમાં વર્તી અને યોગ્ય પુરૂષાધિકાર પ્રાપ્ત કરવો એ આ ગ્રંથ વાંચનનું અનંતર ફળ છે, અને પરંપર ફળ મોક્ષ પ્રાપ્તિ છે.

॥ तथास्तु ॥

# દ્વિતીયાવૃત્તિની પ્રસ્તાવના.

આ ષટ્ પુરૂષ ચરિત્ર ગ્રંથનું ભાષાંતર પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજે કરેલું, જેની પ્રથમાવૃત્તિ જૈન જ્ઞાન પ્રસારક મંડળ અમદાવાદ હસ્તે ભગુભાઇ ફતેચંદ કાર-ભારીએ છપાવેલી. તે પુસ્તક અતિ લોકપ્રિય થવાથી તરતમાં ખપી ગયું. પાછળથી વખતોવખત તેની માંગણી થવાથી આ પુસ્તકની બીજી આવૃત્તિ છપાવવાનો અમોને સુયોગ મળ્યો છે. આ પુસ્તક છપાવવામાં માંગરોળવાળા પારેખ જુઠાભાઇ પાનાચંદ જેઓની માતુશ્રી સામુબાઇએ શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમના શ્રી મહાવીર પ્રભુજીના દેરાસરના બાંધકામમાં સારી રકમ ખરચેલી છે, તેઓનીજ સહાયથી આ પુસ્તક છપાવી બહાર પાડવામાં આવ્યું છે.

અમારી ઇચ્છા છે કે એક પછી એક પ્ર વ મહારાજશ્રી ચારિત્રવિજયજી મહારાજના બનાવેલા પુસ્તકો બહાર પાડવા કેમકે લગભગ દરેક પુસ્તકોની પ્રથમાવૃત્તિઓ ખપી ગઇ છે. માટે જૈન શ્રીમંતોને વિનંતી કરીએ છીએ કે અમારા આ પુસ્તક પ્રકાશન કાર્યમાં આપ જરૂર મદદ કરશો. પહેલું પુસ્તક વ્યાખ્યાન સંગ્રહ બાહાર પાડવામાં આવેલ છે અને આ બીજું પુસ્તક ષટ્ પુરૂષ ચરિત્ર ભાષાંતર બાહાર પાડવામાં આવ્યું છે.

આ સંસ્કૃત પુસ્તકના મૂળ કર્ત્તા પુરૂષ પંડિત શ્રી ક્ષેમંકર ગણી છે.

પ્રકાશક—**શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમ.**

**સોનગઢ**—( કાઠિયાવાડ. )



પારેખ જુઠા પાનાચંદ-માંગરોળ.

બી. પી. પ્રેસ-પાલીતાણા.

# અનુક્રમણિકા.


| વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | મંગલાચરણ. ... ... ... | ૧ |
| ૨ | અધમાધમનું સ્વરૂપ. ... ... ... | ૫ |
| ૩ | અધમાધમ ઉપર કથા. ... ... | ૬ |
| ૪ | અધમ પુરૂષનું સ્વરૂપ.... ... ... | ૧૬ |
| ૫ | અધમ પુરૂષો કોને કહેવા. ... ... | ૧૭ |
| ૬ | અધમના સ્વરૂપને બતાવનારી કથા. ... | ૨૫ |
| ૭ | વિમધ્યમ પુરૂષનું સ્વરૂપ. ... ... | ૫૩ |
| ૮ | વિમધ્યમ કોને કહેવા.... ... ... | ૫૪ |
| ૯ | વિમધ્યમના સ્વરૂપને બતાવનારી કથા. ... | ૫૬ |
| ૧૦ | મધ્યમ પુરૂષનું સ્વરૂપ. ... ... | ૬૬ |
| ૧૧ | મધ્યમના સ્વરૂપને બતાવનારી કથા. ... | ૬૭ |
| ૧૨ | ઉત્તમ પુરૂષનું સ્વરૂપ. ... ... | ૮૭ |
| ૧૩ | ઉત્તમના સ્વરૂપને બતાવનારી કથા.... ... | ૮૯ |
| ૧૪ | ઉત્તમોત્તમ પુરૂષોનું સ્વરૂપ. ... ... | ૧૧૭ |

# જાહેર ખબર.

પ્રસિદ્ધ વકતા મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજનાં લખેલાં પુસ્તકો અમારે ત્યાંથી મળશે. તેમજ ધર્મબિંદુ મૂળ ભાષાંતર સાથે કિંમત રૂા. ૨) માં મળશે.

## —: તૈયાર પુસ્તકો :—

| | | |
|---|---|---|
| વ્યાખ્યાન સંગ્રહ. | કિંમત રૂા. | ૧) |
| ષટ્ પુરૂષ ચરિત્ર. | " | ૦ાા) |
| પ્રવૃત્તિનિવૃત્તિ. | " | ૦ા≈) |
| લેખ સંગ્રહ પ્રથમભાગ. | " | ૧) |

શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમ

સોનગઢ. (કાઠિયાવાડ).

श्री वीतरागाय नमः

# श्री षट् पुरुष चरित्र.

નિર્વિઘ્ન પણે ગ્રંથની સમાપ્તિ થવા માટે ભાષાંતર કર્ત્તાએ કરેલું,

## मंगलाचरण.

ध्यायं ध्यायं शान्तिनाथं हृदब्जे ॥
नामं नामं श्रीगुरोः पादयुग्मम् ॥
भाषायां षाट्पूरुषीयं चरित्रम् ॥
गौर्जर्यां वै लिख्यतेऽदो यथाधि ॥ १ ॥

---

## મંગલાચરણ.

श्री अर्हन्तश्चतुस्त्रिंशन्महातिशय शालिनः ॥
श्री धर्मस्य प्रभावेन जयन्ति जगदुत्तमाः ॥

અર્થઃ—ચોત્રીશ મોટા અતિશયોથી શોભતા તથા જગતમાં અતિ ઉત્તમ એવા શ્રી અરિહંત ભગવાન ધર્મના પ્રભાવથી જય પામે છે.

अर्थ कामश्च मोक्षश्च प्रवर्तन्ते यतस्त्रयः ॥
स श्री धर्मः कथं न स्यात् करणीयः सदानृणाम् ॥

અર્થ:—અર્થ, કામ અને મોક્ષ એ ત્રણ પુરુષાર્થ જે ધર્મથી ઉત્પન્ન થાય છે; તો તે ધર્મ, મનુષ્યોને અહર્નિશ કરવા લાયક કેમ ન થાય? અર્થાત્ હમેશ ધર્મ કરવો જોઇએ.

विपाकः पुण्यपापानां विलसन् सर्वजन्तुषु ॥
दक्षैर्मोक्षे मनः कृत्वा प्रत्यक्षः किं न लक्ष्यते ॥

અર્થ:—સર્વ જીવોમાં પુણ્ય પાપનું ફળ રહેલ છે. તે ફળને, વિદ્વાન્ પુરૂષો સંસારમાંથી મનને ખેંચી મોક્ષમાં લઇ જવાથી નજરે દેખે છે.

किं नास्ति मरणं तस्मिन् शरणं वास्ति किञ्चन ॥
किं नानित्याश्च संयोगा निश्चिन्तैः स्थीयते कथम् ॥

અર્થ:—તે આ સંસારમાં કોને મૃત્યુ નથી, તથા શરણે જવા લાયક કોણ છે, તથા સ્ત્રી, પુત્ર, ધનાદિકનો સંયોગ અનિત્ય છે. તો નિશ્ચિતપણે કેમ રહેવાય?

गृहित्वा पुण्यपापे द्वे नाणके स्वयमर्जिते ॥
शेषं विमुच्य निःशेषं जीवा यान्ति भवान्तरे ॥

અર્થ:—જીવો આ ભવમાં સ્ત્રી, પુત્ર, ધનાદિક સર્વ વસ્તુને છોડી પોતેજ મેળવેલ પુણ્યપાપ રૂપી બે જાતના ધનને લઇ અન્ય ભવમાં જાય છે.

लभन्ते तत्र ते ताभ्यां सुखदुःखे क्रयाणके ॥
चिन्तनीया कथं नैषा विशेषज्ञैर्भव स्थितिः ॥

**અર્થ:**—તે જીવો તે અન્ય ભવમાં પુણ્ય પાપરૂપી બે ધનથી સુખદુખરૂપી બે વસ્તુ વેચાતી લે છે. તેથી કરીને બુદ્ધિવાળા પુરૂષોએ આ ભવની સ્થિતિ વિચારવા લાયક છે.

તેમજ અન્ય શાસ્ત્રોમાં કહેલ છે કે.

इहोपपत्तिर्मम केन कर्मणा कच ॥
प्रयातव्यमितो भवादिति ॥
विचारणा यस्य न जायते हृदि ॥
कथं स धर्मप्रवणो भविष्यति ॥

**અર્થ:**—પ્રાણીઓએ વિચાર કરવો કે આ ભવમાં મારો જન્મ કયા કર્મથી થયો છે; અને આ ભવમાંથી નીકળીને કયા ભવમાં જવાનું છે. આવો વિચાર જે માણસના મનમાં ન થાય, તે મનુષ્ય ધર્મમાં તત્પર શી રીતે થઇ શકે !

विचिन्त्यैवं सदा धर्मः करणीयो विवेकिभिः ॥
तत्वज्ञैरुपदेष्टव्यः स योग्यानां हिताय च ॥

**અર્થ:**—માટે એમ વિચારીને તત્વને જાણનારા વિવેકી પુરૂષોએ હંમેશા ધર્મ કરવો. તથા યોગ્ય પુરૂષોને હિત માટે ધર્મ ઉપદેશ કરવો.

समाने पुरुषत्वेऽपि योग्यायोग्य विचारणा ॥
कथं भवोदिति प्रश्ने सर्वज्ञैरुच्यते तथा ॥

અર્થ:—ત્યાં શંકા થાય કે, પુરૂષત્વ સર્વમાં સમાન છે તો યોગ્ય અને અયોગ્યનો વિચાર શી રીતે થાય ? આવા પ્રશ્નમાં સર્વજ્ઞ ભગવાન્ ઉત્તર આપે છે.

धर्माधर्म प्रवाहीऽयं पुरुषः प्रभवः परः ॥
तैः समासेवितः पूर्वं परेषां च प्ररूपितः ॥

અર્થ:—આ સંસારમાં પુરૂષો ધર્મ અધર્મના પ્રવાહ રૂપ છે. ( ધર્મમાં તથા અધર્મમાં સદા રહેનારા છે. ) સર્વજ્ઞ ભગવાન્ ધર્મ અધર્મથી રહિત છે. તેઓએ પૂર્વ અવસ્થામાં પોતે ધર્મ સેવેલો હતો. તથા અન્ય જંતુઓને ઉપદેશ કરેલો હતો.

अनादिकाल प्रभवा स्थितिरेषा प्रवर्तते ॥
तेन तेषां विशेषेण योग्यायोग्य निरूपणा ॥

અર્થ:—ધર્મ અધર્મના પ્રવાહરૂપ, આ સંસારની સ્થિતિ અનાદિકાલથી ચાલી આવે છે. માટે જેમાં ધર્મ વિશેષ હોય તે યોગ્ય પુરૂષ જાણવો; અને જેમાં અધર્મ વિશેષ હોય, તે અયોગ્ય પુરૂષ જાણવો.

આ સંસારમાં જો કે પુરૂષત્વ સર્વ પુરૂષોમાં સમાન છે તો પણ પૂર્વભવમાં પોતે મેળવેલ શુભાશુભ કર્મના

પરિણામને લીધે ભિન્ન ભિન્ન ચાર પુરૂષાર્થ ( ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ ) ના સાધક હોવાથી છ જાતના પુરૂષો થાય છે. તે આવી રીતે અધમાધમ, અધમ, વિમધ્યમ, મધ્યમ, ઉત્તમ, અને ઉત્તમોત્તમ એવી રીતે છ પ્રકારના પુરૂષો થાય છે, તેમાં પ્રથમ અધમાધમ પુરૂષોને બતાવે છે. જે અધમાધમ પુરૂષો છે તે કેવા હોય છે કે ધર્મક્રિ-યાના જ્ઞાન રહિત, પરલોક સંબંધી વિચાર રહિત, શુભ લેશ્યા રહિત, જેણે પાંચ પ્રકારના વિષય ( શબ્દ, સ્પર્શ રૂપ, રસ, ગંધ ) સુખનો આનંદ જાણેલ નથી. ક્રૂર કર્મ કરનારા, પાપ કરવામાં પ્રીતિવાળા, અધર્મના કામમાં આ-નંદવાળા, જેના હાથ પગ ત્રુટીગયા છે, માથાના રોગવાળા, જેને પહેરવા ઓઢવા વસ્ત્ર નથી, આશ્રય રહિત, કોઇનો પણ જેને આધાર નથી, ટાઢથી તડકાથી તથા તોફાની પ-વનથી પીડા પામતા, જેના માથાના કેસ વલ્લીના સ-મુહોથી ગુંથાએલા છે, ચામડાને તથા વલ્કલ વસ્ત્રને પહે-રનાર પર્વતની ગુફાઓમાં વસનારા. જેણે કોઇ દિવસ પણ સંસારના સુખનો આનંદ જોયો નથી, સમગ્ર લોક વ્યવહારથી રહિત, કેવળ પૃથ્વી ઉપર ભાર કરનાર, મનુષ્યપણું મળેલ છે છતાં પશુ જેવા, આવી રીતે તે અધમાધમ પુરૂષો જાણવા.

ત્યાં શંકા થાય કે તેવા અધમાધમ પુરૂષો કયા જાણવા, ત્યારે તેઓના નામ લખી બતાવે છે. ભિલ્લ

પુલિંદ, નાહલ, બર્બર, અને બસિક વગેરે તે સર્વે ઉત્તમ લોકમાં રહેનારા નથી. તેવી રીતે બીજા શૌકરિક, કૈવર્ત, લુબ્ધક, શૌનિક, ચાંડાલ વિગેરે પ્રાણીઓ નીચ કર્મ કરનારા છે.

તે સર્વે મહા કષ્ટથી ધનાદિકને મેળવી મદીરા પીએ છે, માંસ ખાય છે, અથવા ન કરવા લાયક એવું બીજું નીચ કર્મ કરે છે. તે સર્વે સમગ્ર જનથી નીચ પંકિતમાં છે. સમગ્ર લોકના નિંદા પાત્ર છે. સર્વ જનોને ઉદ્વેગ કરનારા સઘળાં અધર્મ રૂપ કર્મ કરનારા, ચારે પુરૂશાર્થથી રહિત તે પુરૂષો આ લોકમાં નિખિલ જનોને નિંદવા લાયક અવસ્થાને ભોગવી પરલોકમાં નરકાદિકની પીડાનો અનુભવ લે છે.

---

## કથા પહેલી.

કોઇ એક અટવીમાં એક ભિલ્લ હતો, તે રસનેંદ્રિયને વશ્ય થએલો આખા જંગલમાં મધ તથા માંસને માટે ભમતો હતો. ત્યાં એક મોટા વૃક્ષમાં મધપોડું દેખી હર્ષિત થયો. ત્યાર પછી તે ભિલ્લ પોતાની પાસે રહેલા માંસને તે વૃક્ષની નીચે મૂકી, મધ લેવા માટે તે ઝાડ ઉપર ચડ્યો. જ્યાં મધ લેવા જાય છે; ત્યાં તો તે મધપુડામાંથી ઉડેલી મધુમક્ષિકાઓ વડે આકુલ વ્યાકુલ કરાએલો તે ભિલ્લ, પોતાના ભારથી ભાંગી ગએલી વૃક્ષની શા-

ખા ઉપરથી એકદમ નીચે પડયો તેટલામાં. દૈવયોગે અ-ચાનક આવી નીકળેલ, તે વૃક્ષની નીચે રહેલ એક અજ-ગર તે ભિલ્લને ગળવા માંડયો ત્યાર પછી અજગરના મોઢામાં જેની અરધી કાયા પેસી ગઇ છે. એવો તે ભીલ્લ, પહેલાં ઝાડની નીચે મૂકેલા સૂવરના માંસને પોતાના શરીર ઉપર લાગેલા મધુબિંદુઓથી મિશ્રિત કરી ખાવા લાગ્યો. તેના સ્વાદને લીધે, અજગરના મુખમાં પેસવાથી થતી પીડાને તથા મરણના ભયને ભૂલી જઈ ઉલટો મધુ માંસની પ્રશંસા કર-વા લાગ્યો કે મધમિશ્રિત માંસનો સ્વાદ તો ઓર તરેહનો છે.

આવા સમયમાં વૈતાઢય નામના પર્વતની ઉત્તર શ્રે-ણીમાં રહેલ રત્નપુર નામના નગરમાં રહેનારા તથા શ્રી નંદીશ્વર તીર્થની યાત્રા માટે નીકળેલા, ચંદ્રચૂડ નામના વિદ્યાધરે આવી અવસ્થામાં પડેલા ભિલ્લને જોઈને વિચાર્યું કે અહો કેવું આશ્ચર્ય છે. આ નીચ પુરૂષ કેવી કષ્ટદાયક અવસ્થામાં પડેલો છે, તો પણ રસના ઇંદ્રિયના વિકારથી મોહિત થયો સતો ક્રૂર અજગરના મુખ પ્રવેશના કષ્ટને જાણતો નથી તથા પોતાની આગળ રહેલા મૃત્યુને પણ જોતો નથી. માટે સર્વ પ્રાણીઓમાં રહેલો ઇંદ્રિયનો વિકાર આશ્ચર્યજનક અવર્ણનીય છે. શાસ્ત્રમાં કહેલું છે કે:—

स कोऽपि दृश्यते नैव संसारी जगतां त्रये ॥
ऐन्द्रियेण विकारेण हहायो न विडंबित ॥ १ ॥

અર્થ:—ત્રણે જગતમાં તેવો કોઇપણ પ્રાણી જોવામાં નથી આવતો કે, જે પ્રાણી ઇંદ્રિય સંબંધી વિકારથી મોહિત થયો ન હોય.

अनादि भव संभूतैर्विकारैरैन्द्रियैरहो ॥
प्रणष्टशिष्ट मर्यादं विनष्टं विष्टपत्रयम् ॥ २ ॥

અર્થ:—અનાદિ કાલના ભવથી થએલા ઇંદ્રિયોના વિકારોએ, ઉત્તમ મર્યાદાના નાશપૂર્વક ત્રણે જગતને નાશ પમાડેલ છે, એ આશ્ચર્ય છે.

देवासुर नराणां ते मान्या धन्या महर्षयः ॥
येषां मनो विकारेषु नैन्द्रियेषु विमुह्यति ॥ ३ ॥

અર્થ:—જે મહર્ષિઓનું મન, ઇંદ્રિયોના વિકારોમાં મોહિત થયું નથી, તે મહર્ષિઓ, દેવોને અસુરોને તથા મનુષ્યોને પૂજવા યોગ્ય છે, તથા તેવા મહર્ષિઓને ધન્યવાદ છે.

તેટલા કારણથી હું આ નીચ ભિલ્લનો કાંઇક ઉપકાર કરૂં. શાસ્ત્રમાં કહેલું છે કે:—

लच्छी सहावचवला तओविचयलं च जीविअं होइ ॥
भावो तओवि चवलो उवयार विलंबणा किस ॥१॥

અર્થ:—લક્ષ્મી સ્વભાવથી ચપલ છે. લક્ષ્મી કરતાં જીવિત ચપલ છે, અને મનનો પરિણામ જીવિત કરતાં પણ ચપલ છે; તો અન્યના ઉપકાર કરવામાં વિલંબ ન કરવો.

એમ વિચાર કરી પોતાના વિમાનમાંથી ઉતરી પોતાના મનમાં ધીરજ રાખી તે અજગરનું મોઢું ફાડી ભિલ્લને તેના મોઢામાંથી ખેંચી કાઢી અજગરને ત્યાંથી બીજે રસ્તે જતો કર્યો. તે ભિલ્લ ક્ષણવાર પછી સ્વસ્થ થઇને ઝેર લાગવાથી આમ તેમ ચકરી ખાતો ખાતો વિદ્યાધરને કહેવા લાગ્યો કે, હે પરોપકારી પુરૂષ, માંસના પિંડ સહિત મને આ વૃક્ષ ઉપર ચડાવ કે જેથી તારી કૃપા વડે મધમિશ્રિત માંસને ખાઉં, એમ બોલવા લાગ્યો. આવી અવસ્થામાં પણ મનમાં રૌદ્ર ધ્યાન હોવાથી જરા પણ પાપથી નિવૃત્ત ન થયો અને ક્ષણવાર પછી મરણ પામ્યો. ત્યાર પછી તે ચંદ્રચૂડ વિદ્યાધર મૃત્યુ પામેલા ભિલ્લને જોઇ આશ્ચર્ય પામેલો વિચારવા લાગ્યો કે જીવોને મરણાંત સમયે પણ સંસારમાંથી તૃપ્તિ થતી નથી. આ કેવું આશ્ચર્ય છે. શાસ્ત્રમાં કહેલું છે કેઃ—

धनेषु जीवितव्येषु स्त्रीषु चान्नेषु सर्वदा ॥
अतृप्ताः प्राणिनः सर्वे याता यास्यन्ति यान्ति च ॥१॥

અર્થ—આ સંસારમાં ભૂતકાળમાં થઇ ગએલા પ્રાણિઓ, ભવિષ્યકાળમાં થનારા પ્રાણીઓ તથા વર્તમાન કાળના પ્રાણિઓ ધનમાં, જીવિતમાં, સ્ત્રીઓમાં અને અન્નમાં કોઇ દિવસ પણ તૃપ્ત થયા નથી, થશે પણ નહિ અને થાતા પણ નથી.

આમ વિચાર કરી વિમાનમાં બેસી નંદીશ્વર દ્વીપમાં યાત્રા કરીને પાછો વળતો હતો. રસ્તામાં આવેલા કોઇએક વનમાં અશોકવૃક્ષની તળે બેઠેલા, સમાધિયોગથી પોતાના મનની ચપલતાને વશ્ય કરનારા, સર્વમાં ઇચ્છા તથા પ્રિતિને રોકવા વડે ઇંદ્રિયોના બળને રોકનારા, એવા કોઈ એક મહામુનિને જોઈ વિસ્મય પામ્યો. જરાવાર સ્થિર થઇ મનમાં તે વિદ્યાધર વિચાર કરવા લાગ્યો કેઃ—

धन्यानां गिरिकंदरे निवसतां ज्योतिः परं ध्यायता
मानंदाश्रुजलं पिबन्ति शकुना निःशङ्कमङ्केशयाः ॥
अन्येषां तु मनोरथापरिचितप्रासाद वापी तटे
क्रीडाकाननकेलि कौतुकवतामायुः परिक्षीयते ॥१॥

અર્થ—મનમાં જરા પણ ભયની શંકાવગર ખોળામાં બેઠેલા પક્ષિઓ, જેના આનંદથી થએલા અશ્રુજલને પીએ છે, એવા પર્વતની ગુફામાં વસનારા, પરમ તેજ સ્વરૂપ ઇશ્વરનું ધ્યાન કરનારા મહાત્માઓને ધન્યવાદ છે, અને પોતાના મનોરથપૂર્વક રચેલા મહેલોમાં, વાવોના કાંઠા ઉપર તથા ક્રીડા કરવાના બાગોમાં, ગમ્મત કરનારા અન્ય પ્રાણીઓનું આયુષ્ય વૃથા ક્ષીણ થાય છે.

આમ વિચાર કરી આનંદપૂર્વક પંચાંગ પ્રણામ કરી તે મહાત્માની આગળ બેસે છે, તેટલામાં વાઘ, હાથી, મૃગ, સુવર વિગેરે ઘાતકી પ્રાણીઓ આવી તે મુનિને નમન

કરી પાસે બેઠા. રાજા તો આ પ્રાણીઓને જોઇ મનમાં અત્યંત આશ્ચર્ય સહિત તે મુનિને નમી કહેવા લાગ્યો કે હે ભગવન્! આ સર્વે પ્રાણીઓ ઘાતકી છે, મહા ક્રૂર છે, પરસ્પર વૈરી છે, છતાં અહીંઆં તો વૈર વગરના તથા શાંત ચહેરાવાળાં જોવામાં આવે છે. તેનું કારણ શું? આવાં ચંદ્રચૂડ વિદ્યાધરના વચન સાંભળી મુનિ બોલ્યા. હે રાજન્! તપ, સંયમ તથા સમાધિને કરનારા, શુભ ધ્યાન કરવાથી સમગ્ર આધિઓનો નાશ કરનારા, એવા મહર્ષિઓના પ્રતાપથી તથા શ્રી જીન પ્રતિપાદક શાસ્ત્રોના શ્રવણ કરવાથી, મહા ક્રૂર પ્રાણીઓ પણ અત્યંત શાંત મનવાળા થાય છે. કહ્યું છે કેઃ—

सारंगी सिंहशावं स्पृशति सुतधिया नन्दिनी व्याघ्रपोतं
मार्जारीहंसबालं प्रणयपरवशा केकिकान्ता भुजङ्गम् ॥
वैराण्याजन्मजातान्यपि गलितमदा जन्तवोऽन्ये त्यजेयु
र्दृष्ट्वा साम्यैक रुढं प्रशमितकलुषं योगिनं क्षीण मोहम् ॥१॥

અર્થઃ—અત્યંત સમતાવાળા ક્રોધાદિક દોષને શાંત કરનારા, તથા મોહનો ક્ષય કરનારા એવા યોગીને જોઇ મહા ક્રૂર પ્રાણીઓ પોતાના જન્મની સાથેજ થએલા વૈરને તજી દઇ, હરિણી સિંહના બાલકને પુત્ર બુદ્ધિથી સ્પર્શ કરે છે, કામધેનુ વાઘના બચ્ચાને પુત્રબુદ્ધિથી સ્પર્શ કરે છે, માર્જારી હંસના બાલકને પુત્ર બુદ્ધિથી સ્પર્શ કરે છે, અને

મોરની સ્ત્રી સર્પને અત્યંત સ્નેહે પુત્રબુદ્ધિથી સ્પર્શ કરે છે, તેમજ અન્યપ્રાણીઓ પણ મહાત્માને જોઇ અન્યોન્ય વૈરને તજી દે છે.

તેમજ બીજું પણ કહ્યું છે કે:—

कूरावि सहावेणं कसायकलुसावि निच्चवेरावि ॥
भाविय जिणवयणमणा ते लुक्कसुहावहा हुन्ति ॥

અર્થ—ક્રૂર સ્વભાવવાળા, કષાયથી યુક્ત, સદા વૈરી એવા પણ પ્રાણીઓ જો મનમાં જીન વચનની ભાવનાવાળા હોય તો તે ( પ્રાણીઓ ) લોકોને સુખકારક થાય છે. દુઃખકારક થતા નથી.

આવાં અમૃત તુલ્ય મહામુનિના વચન સાંભળી ચંદ્રચૂડ વિદ્યાધરે વિચાર્યું કે, ખરેખર આ પ્રતાપ આ મહર્ષિનોજ છે. આ મહર્ષિને ધન્યવાદ છે કે જેના તપનું તથા સંયમનું આવું મહાત્મ્ય છે. અને આ મુનિ સઘળા લોકોનો મોટો ઉપકાર કરનાર છે.

चंद्रः सान्द्रैर्विकिरति सुधामंशुभिर्जीव लोके
भास्वानुच्चैः किरण पटलैरुच्छिनत्यंदकारम् ॥
धात्री धत्ते भुवनमखिलं विश्वमेतच्च वायु
र्यद्वच्छाम्याच्छमयति तथा जंतुजातं यतीन्द्रः ॥ १ ॥

અર્થઃ—જેમ ચંદ્રમા પોતાના શીતલ કિરણોના સમૂહોથી લોકો ઉપર અમૃતનો વરસાદ વરસાવી લોકોને

શાંત કરે છે, જેમ સૂર્ય પોતાના ઉગ્ર કિરણોના સમૂહથી અત્યંત ઘાટા અંધકારને દૂર કરી લોકોને સુખી કરે છે, જેમ પૃથ્વી સમગ્ર ભુવનને ધારણ કરે છે, જેમ વાયુ સઘળા જગતને ધારણ કરી રાખે છે; તેમ આ મુનીંદ્ર સર્વ પ્રાણીઓને પોતાની સમતાને લીધે શાંત કરે છે.

આવી રીતે મનમાં મુનિની પ્રશંસા કરી. ત્યારબાદ સંસારમાં વૈરાગ્ય ઉત્પન્ન કરનારી મુનિએ આપેલી ધર્મ દેશનાને શ્રવણ કરી પછી ચંદ્રચૂડ વિદ્યાધર હાથ જોડી મુનિને પૂછે છે. હે મહામુને! જ્યારે હું યાત્રા માટે મારા શહેરમાંથી નીકળી ચાલતો ચાલતો એક વનમાં આવ્યો, ત્યારે તે વનમાં મેં એક ભિલ્લ પ્રાણાંત સમયમાં પણ રસનાઇંદ્રિયથી મોહિત થઇ મૃત્યુ પામતો જોયો હતો. એ ભિલ્લ કઇ ગતિને પામ્યો હશે. તે આપ કૃપા કરીને કહો. ત્યાર પછી મુનિ બોલ્યા. હે રાજન્! તે ભિલ્લ પહેલી નરકે ગયો છે. ત્યાર પછી મનુષ્યનો જન્મ તથા તિર્યંચનો જન્મ લઇ સાતે નરકોમાં જઇ પાંચ ઇંદ્રિયોના વિષયોમાં લોભાએલો તે ભિલ્લ આ સંસાર રૂપી અરણ્યમાં ભમશે. આવા મુનિનાં વચન સાભળી ચંદ્રચુડ વિદ્યાધર પોતાના હૃદયમાં ખેદ કરવા લાગ્યો. ક્ષણવાર પછી મુનિએ વિદ્યાધરને કહ્યું કે હે રાજા, આ સંસારમાં આ વિષયોજ આવા છે. તો આ વિષયોનું સ્વરૂપ તારી પાસે શું કહું. કહેલું છે કે;—

इह लोके परलोए हवन्ति दुखाइं जाइं चिरकालं ॥
साव्वाइं ताइं जीवा इंद्रिअवसगा अणु हवन्ति ॥

**ભાવાર્થ:**—આ લોકમાં તથા પરલોકમાં જે અત્યંત તિક્ષણ દુઃખો છે. તે સર્વ દુખોને ઇંદ્રિયોને વશ થએલા જીવો અનુભવે છે. અને વળી કહ્યું છે કે:—

दिवसरजनि सारैः सारितं पक्षगेहं
सम्यफलकमेतन्मंडित भूतधात्र्याम् ॥
इह हि जयति कश्चिन्मोक्षमक्षैर्विधेयै
रधिगतमपि षान्ये विप्लुतैर्हरियन्ति ॥

**ભાવાર્થ:**—[१]પૃથ્વીપર સમય (કાળ) રૂપ ચોપાટ નામની રમતનું પાટીયું માંડેલું છે, કે જેમાં દિવસ તથા રાત્રી રૂપ સોગઠાં છે, અને શુકલપક્ષ તથા કૃષ્ણપક્ષ રૂપ સોગઠાંને ચાલવાનાં ઘરો છે. એમાં કોઇ બુદ્ધિમાન પુરૂષ

---

૧ જો પણ કાળ સર્વ લોકમાં વ્યાપક છે, તોપણ આ જગોએ પૃથ્વીનું ગ્રહણ કરેલું છે. તે પૃથ્વીમાં રહેનાર પુરૂષજ મોક્ષાધિકારી છે, એમ સૂચવવા માટે છે. ભાવાર્થ એવો છે કે જે પુરૂષ પોતાની ઇંદ્રિયોને વશ્ય રાખી કાળ નિર્ગમન કરે છે તે મોક્ષ પામે છે, કે જેમ ચોપાટની રમતમાં પણ ઇચ્છા પ્રમાણે પાસા પડતા હોય તે પુરૂષ સોગટાઓને ચલાવી વચલા પ્રદેશમાં પોંચાડી દઇ જીતે છે. તેમ ઇંદ્રિયોને વશ્ય રાખવાથી સઘળા કાળ નિર્ગમનથી પોતાના આત્માને મધ્યસ્થાન સિદ્ધશિલાની પ્રાપ્તિ રૂપ મોક્ષ પમાડે છે.

હોય તેજ વશ્ય કરેલા ઇંદ્રિયો રૂપ પાશાઓથી મોક્ષને મેળવે છે, એટલે એ રમતમાં જય મેળવે છે. અને બીજા મૂર્ખ જનો ઇંદ્રિયો રૂપ પાશાઓને વશ્ય નહિ કરવાને લીધે પ્રાપ્ત થયેલા મોક્ષને પણ હારી જાય છે.

આવા અમૃત સદૃશ મુનિના વચન શ્રવણ કરી સંસારમાં જેને ભય ઉત્પન્ન થયો છે, ઇંદ્રિય સંબંધી વિષયના પરિણામને જાણનાર, સંસારના સુખથી વિમુખ, તે ચંદ્રચૂડ વિદ્યાધર મુનિને નમી પોતાના શહેરમાં આવ્યો. ચંદ્રશેખર નામના પોતાના પુત્રને રાજ્ય ઉપર બેસાડી, પોતાના શાસનના પ્રતાપવાળી પૃથ્વીને કરજ વગરની કરીને જેના મનમાં સંજમ લેવાનો પરિણામ થયો છે, જેનું અંતઃકરણ વૈરાગ્યરૂપી રંગથી રંગાએલું છે, અને મહાસમૃદ્ધવાળા અનેક રાજાઓથી ઘેરાએલા તે વિદ્યાધરે શ્રી જીનચંદ્ર કેવલીની પાસે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂની શિક્ષા ગ્રહણ કરવામાં તથા તેની સેવા કરવામાં અત્યંત તત્પર રહેવા લાગ્યો. ત્યારે ગુરૂએ ઉપદેશ આપ્યો કેઃ—

अणिहे सहिए सुसंवुडे धम्मठीओ वहाण वीरिए ॥
विहरिज्ज समाहिइंदिए आयहिं अंखुदुहेणलम्पई ॥ १ ॥

ભાવાર્થ—કોઇમાં સ્નેહને નહિ રાખનાર, ઉપસર્ગાદિકને સહન કરવામાં સમર્થ, પોતાની સર્વ ઇંદ્રિયોને વશ્ય કરી બ્રહ્મચર્ય વ્રતને પાળનાર, પોતાના ધર્મમાંજ સદા

રહેનાર, ઉપધાનમાં વીર્યવાળો, વિહાર કરવામાં સાવધાન ઇંદ્રિયવાળો એવો પણ પ્રાણી આત્મહિતને મહાકષ્ટથી મેળવી શકે છે. તો પ્રમાદી માણસ આત્મહિતને કેમ મેળવી શકે. માટે સાવધાન રહી આત્મહિત કરવું.

આવા મુનિના ઉપદેશને શ્રવણ કરી, સંવર અને નિર્જરા રૂપજે સર્વ કર્મ કરવામાં તત્પર તે વિદ્યાધર મુનિ સર્વ કર્મનો ક્ષય કરી જેમાં અક્ષય સુખ છે, એવા મોક્ષને પામ્યો.

આ દષ્ટાંતની સમાપ્તિમાં ગ્રંથકાર કહે છે કે હે ભવ્ય જીવો, વિષયોથી થતા દુઃખના પાકને બતાવનારી આ ભિક્ષુની કથા સાંભળીને અધમાધમ પુરૂષના જેવી ચેષ્ટાઓને છોડી દઇ અનંત સુખને આપનારા ધર્મને સેવો.

**હવે અધમપુરૂષો કેવા હોય છે; તેનું સ્વરૂપ બતાવે છે.**

પરલોકને નહિ માનનારા, કેવળ આ લોકનેજ માનનારા અર્થ અને કામ એ બેજ પુરૂષાર્થને માનનારા, ઈંદ્રિયોના સુખમાં અભિલાષા રાખનારા, સંસારમાં ભય વગરના; જન્મથી, અને મરણથી થતા મહા દુઃખોને નહિ વિચારનારા, પારકાના દુઃખના લેશને પણ નહિ જાણનારા, મહા ક્રૂર કર્મ કરવાથી થતા પરિણામને નહિ વિચારનારા એવા અધમ પુરૂષો પોતાની ઇચ્છા મુજબ ખાય છે, પીએ છે, ઇચ્છા મુજબ જેમ આવે તેમ બોલે છે અને પોતાની ઇચ્છા પ્રમાણે નીચ કર્મો કરે છે. તે અધમ

પુરૂષો લોકોની નિંદાથી બીતા નથી, અને તે પુરૂષોની કુમાર્ગમાં પ્રવૃત્તિને અટકાવવા સ્વજનની તથા અન્યજનની લજ્જા સમર્થ થતી નથી.

તે અધમ પુરૂષોના નામ લખી બતાવે છેઃ—

નટ, વૈતાલિક ( ભાટ ચારણ ), ઈંદ્રજાલિક ( ગોડ બજાણીઆ ), જુગટીઆ, ( જુગારી ) ચોર, હાસ્યકારક કથા કહેનારા, આ સિવાયના બીજા પણ નાસ્તિક મતને અનુસરનારા તે સર્વે અધમ પુરૂષો જાણવા. તે અધમ પુરૂષો ધર્મ કરનારા લોકોને હસે છે. મોક્ષ માર્ગને નિંદે છે. ધર્મ શાસ્ત્રોની નિંદા કરે છે. કુદેવ, કગુરૂ, અને કુશાસ્ત્રને માને છે. નાસ્તિક પણ એમાંજ સમાય છે.[1] સદાચારને હસે છે. તે અધમ પુરૂષો આ પ્રમાણે કહે છે. પરલોક કોણે દીઠો છે.

---

૧ કપાલી, ભસ્મ લગાવનાર, યોગી, બ્રાહ્મણાદિ લોક જેઓને વામમાર્ગી કહે છે તેઓ, તથા કૌલિક ઇત્યાદિ નાસ્તિક છે. તેઓના મતનું નામ નાસ્તિક–ચાર્વાક છે. તેઓ જીવ, પુણ્ય, પાપાદિ કાંઇ માનતા નથી. ચારભૌતિક દેહ માને છે. ભૂતોથીજ મદ્યશક્તિવત્ ચૈતન્ય ઉત્પન્ન થાય છે. એમ તેઓના મત છે. પાણીના પરપોટાની જેમ શરીર છે. તેજ જીવ છે, એમ તેઓનું માનવું છે. આ મતવાળા મદ્ય માંસ ખાય છે. માતા, બ્હેન, દીકરી જે અગમ્ય છે તેઓની સાથે ગમન કરે છે. તે નાસ્તિક વામી દરેક વરસે એક દિવસ એક સ્થળે

પરલોકથી કોણ પાછો આવ્યો છે. જુવો પરલોકમાં જાય છે એ કોણે દીઠું છે. અમુક કર્મ કરવાથી પુણ્ય કે પાપ થાય છે. એ કયાં નજરે જોવામાં આવે છે. સ્વર્ગ, નરક, અને મોક્ષ એ કોણે દીઠા છે. માટે માથા ઉપર મોટી જટા રાખવી, આખા શરીરમાં ભસ્મ ચોળવી. કેશનો લોચ કરવો, એ સર્વે પોતાની કાયાને દુઃખ આપનારાં છે. બ્રહ્મચર્યાદિક વ્રત ગ્રહણ કરવું તે પોતાના આત્માને ભોગથી છેતરવા જેવું છે. ઉત્તમ દેવપૂજાદિક ક્રિયા કરવી તે ઢોંગ છે. શાસ્ત્રાદિકનું અધ્યયન કરવું તે ગળાને તથા તાળવાને સૂકાવી નાંખવા જેવું છે. ધર્મનો જે ઉપદેશ આપવો તે મૂર્ખ લોકોને છેતરવા જેવું છે. દેવની તથા ગુરૂની જે પૂજા કરવી તે નાહક પૈસા ગુમાવવા જેવું છે. એટલા કારણ માટે અર્થ અને

---

સર્વે એકઠા થાય છે. સ્ત્રીઓને નગ્ન કરી તેઓની યોનીની પૂજા કરે છે. તે નાસ્તિક, કામ સેવન ઉપરાંત બીજો ધર્મ માનતા નથી. મતલબ કે કામનેજ ધર્મ માને છે.

## ઉત્પત્તિ.

આ મતની ઉત્પત્તિ જૈન મતના શીલ તરંગિણી નામના શાસ્ત્રમાં જે પ્રમાણે લખેલી છે તે પ્રમાણે કહીએ છીએ. બૃહસ્પતિ નામનો એક બ્રાહ્મણ હતો. તેને એક બહેન હતી. તે બાલ્યાવસ્થામાં વિધવા થઇ હતી. જેના આશ્રયથી પોતાની જીંદગી સંપૂર્ણ કરે એવું કોઇ તેણીના સાસરાના ઘરમાં સાધન નહોતું; તેથી નિરાધાર થઇને પોતાના

કામ એ બે પુરૂષાર્થ સિવાય બીજો પુરૂષાર્થ આ જગતમાં છેજ નહિ. તેમજ શાસ્ત્રમાં કહેલું છે કે,-

मुत्तुणअत्थकामे नो अन्नो कोइ अत्थिपरमत्थो ।
जस्सकए चइऊणं दिठ सुहम्मदिठ अहिलासो ॥१॥

**ભાવાર્થ**—અર્થ અને કામ એ બે પુરૂષાર્થ સિવાય અન્ય પુરૂષાર્થ છેજ નહિ. કે જેને માટે દ્રશ્ય સુખાદિકનો ત્યાગ કરી અદૃષ્ટ સુખમાં અભિલાશા કરવી પડે માટે બેજ પુરૂષાર્થ છે.

અર્થ ( પૈસો ) તેજ પુરૂષનું પરમદૈવત છે; કારણ કે ધનાઢય માણસને રાજા પણ માન આપે છે, સર્વ લોકો વખાણે છે, બંધુજનો વીંટી લીએ છે, ભાટ ચારણો વખાણે છે, અને ઘણાં લોકો સેવે છે. તેમજ કહ્યું છે કે,-

---

ભાઇના ઘરમાં આવી રહી. તે અત્યંત સ્વરૂપવતી તેમજ યૌવનવતી હતી. આ સમયે બૃહસ્પતિની પત્ની મૃત્યુ પામી હતી. બૃહસ્પતિને કામ વાસનાથી પીડા થવા લાગી; તેથી વિષયાશક્તને લીધે પોતાની બહેનની સાથે વિષય સેવન કરવાની ઇચ્છા થઇ. વિધવા બહેનને કહ્યું કે હે બહેન ! મારી સાથે તું વિષય સેવન કર. ત્યારે તેની બહેને કહ્યું કે હે ભાઇ ! આ વાત ઉભય લોક વિરૂદ્ધ છે. તેથી તેમ કેમ કરી શકું ! કારણ કે હું તારી બહેન છું; તેથી ભાઇની સાથે વિષય ભોગ કરવાથી નરકની અધિકારી થાઉં, અને આ વાત જગતના જાણવામાં આવે તો સર્વ લોકને ધિક્કારપાત્ર થાઉં. એવી વાત શ્રવણ કરી

अत्थेणगुणा सव्वे अणहुंताचेव पायडा हुंति ।
तेण विणा हुंता विहु नरस्स नस्संति जीव लोए ॥१॥

**ભાવાર્થ**—આ લોકમાં મનુષ્યોમાં જે ગુણો ન હોય તે સર્વે ગુણો પૈસાને લઈ ઉત્પન્ન થાય છે, અને પૈસા વગર મનુષ્યોમાં રહેલા ગુણો નાશ પામે છે.

अत्थो सुहाणमूलं करेइ सयलंपि भुवणमणुकुलम् ।
पुरिसत्थेसु पहाणो सव्वेसुवित्तेणपसत्थो ॥ २ ॥

**ભાવાર્થ**—સઘળા સુખનું મૂળ, સકલ ભુવનને વશ્ય કરનાર, સર્વ પુરૂષાર્થોમાં પ્રધાન અર્થ છે. કારણ કે સર્વે લોકો ધનને લીધે પ્રખ્યાતિને પામ્યા છે.

---

બૃહસ્પતિએ પોતાના મનમાં વિચાર કર્યો કે જ્યાં સૂધી તેણીના મનમાંથી પાપ તેમજ નરકાદિ દુઃખનો ભય દૂર થશેજ નહિ ત્યાં સૂધી તે મારી સાથે કદાપિ સંભોગ કરશે નહિ. એવો વિચાર કરી પોતાની બેનને કહ્યું કે કેટલાક ધર્મધૂતા લોકો પરોક્ષ પદાર્થોને અનુમાન આદિ પ્રમાણોથી સિદ્ધ કરે છે; અને લોકોમાં પોતાને બહુશ્રુત કહેવરાવે છે, અને ઠગે છે. તેનો હું તને પ્રત્યક્ષ પુરાવો આપું છું. એમ કહી પોતાની બહેનને એક રાત્રીએ નગર બહાર લઈ ગયો. નગરના દરવાજાથી ચોક સૂધી ઝીણી ધૂળમાં પોતાના હાથથી વરૂના પંજાના આકાર પાડી દીધા. પ્રાતઃકાલમાં તે વરૂના પંજા દેખીને બહુ લોકો

अत्थेण इंदिअत्था सव्वेसिज्झन्तितिझत्तिपुरिसाणम् ॥
तिहुअणजणाभिरामो कामोविहुतेण सुकयत्था ॥ ३ ॥

**ભાવાર્થ:**—પુરૂષોના ઇંદ્રિયસંબંધી સર્વે વિષયો પૈસાથી એકદમ સિદ્ધ થાય છે. અને ધનનેજ લીધે માણસ ત્રણે લોકને વહાલો થાય છે. તથા કામ પુરૂષાર્થ પણ પૈસાથીજ સારી રીતે સિદ્ધ થાય છે.

जाइविद्यारुवं कलाकलावो गुणाय विन्नाणम् ॥
सव्वे लहन्तिसोहं जेण जण जयउ सो अत्थो ॥४॥

**ભાવાર્થ:**—જાતિ, વિદ્યા, રૂપ, સમગ્ર કળાઓ, ગુણો અને જ્ઞાન એ સર્વે પૈસાને લીધે શોભે છે; માટે અર્થ જગતમાં જયવંતો છે.

---

રસ્તામાં એકઠા થયા. તેટલામાં બહુશ્રુત (પંડિત) પણ ત્યાં આવી ગયા. તે બહુશ્રુત લોકોને કહેવા લાગ્યા કે હે ભાઇઓ વરૂના પગોની અન્યથા અનુપત્તિથી નિશ્ચયે કોઇક વરૂ રાત્રિમાં વનથી અહીંઆ આવ્યું હતું. આ સાંભળી નાસ્તિકમતિ પોતાની બહેનને એ પ્રમાણે કહેનારને બતાવી કહેવા લાગ્યો કે હે બહેન! **वृकपदं पश्य.** વરૂના પંજા તું જો જે પંજાને વરૂના પંજા આ બહુશ્રુત કહે છે, અને લોક રૂઢીથી આ લોક બહુશ્રુત કહેવરાવે છે. પરંતુ પરમાર્થથી તેઓ મહાઠોઠ છે. કારણ કે તેઓ પરમાર્થ તો કાંઇ જાણતા નથી. કેવળ દેખાદેખી શોરબકોર કરવા લાગી રહ્યા છે. પરમાર્થથી તો

આવી રીતે તે વાદ કરનારા, પાંચ ઇંદ્રિયોના વિષયને વશ્ય થએલા, તે અધમ બુદ્ધિને લઇને અધમ કહેવાય છે. પોતે પરલોકથી નષ્ટ થયા સતા ખોટો ઉપદેશ આપી બીજા લોકોને પણ નાશ પમાડે છે. સાંસારિક દુઃખોમાંજ સુખનું માનવાપણું તે અધમ પુરૂષોના અધમબુદ્ધિપણાને જણાવી આપે છે. દુઃખમાં સુખ માનનારા પ્રાણીઓનાં દ્રષ્ટાંત કહે છે.

જેમકેઃ—અજ્ઞાનવડે મૂઢબુદ્ધિવાળા મૃગલાઓ તે પોતાના નાશ માટે સંભળાતા પારાધિના ગીતને પોતાના સુખ માટે માનીલીએ છે.

મછીમારોએ કાંટામાં વળગાડી મોઢામાં ( માછલાના મોઢામાં ) આપેલું માસ તે પોતાનેજ મારનાર છે. તો પણ માછલાંઓને પ્રીતિજનક થઇ પડે છે.

---

તેઓનું વચન માનવા યોગ્ય નથી. તેવીજ રીતે ઘણા મતવાળા ધાર્મિક છદ્મ ( ધૂતારા ) બીજાઓને ઠગવામાં તત્પર એવા તેઓ કાંઈક અનુમાન આગમાદિથી દઢપણે જીવાદિ પદાર્થની અસ્તિ સિદ્ધ કરી ભોળા લોકોને વૃથાજ સ્વર્ગાદિ સુખોનો લોભ દેખાડી ભક્ષ્ય અભક્ષ્ય, ગમ્ય અગમ્ય, હેય ઉપાદેય, આદિ સંકટોમાં નાંખે છે. બહુ મૂર્ખ લોકોને ધાર્મિકપણાનો વ્યામોહ ઉત્પન્ન કરે છે. તેથી બુદ્ધિમાનોએ તેમનાં વચન ન માનવાં જોઇએ. તે સાંભળી તેની બહેન પોતાનાં ભાઈના સર્વ વચન માનવા લાગી. અને વિષય સુખ ભોગવવા લાગી. કેટલોક વખત વ્યતિત થયા પછી તે વાત લોકોના જાણવામાં

કમળની સુગંધવાળો પવન તે પોતાને બંધનકારક છે તોપણ ભમરો તેમાં મોહિત થઇ કમળમાં જઇ બંધાય છે.

દિવાની શીખા તે પોતાને નાશકારક છે તોપણ પતંગીઆને હર્ષજનક થઇ પડે છે.

કૃત્રિમ હાથણી તે પોતાને મારનારી છે તોપણ મોટા હાથીને આનંદકારક થાય છે. ખરો વિચાર કરીએ તો, ઉપર બતાવેલા પ્રાણીઓનો જે વ્યાપાર છે તે કેવળ પોતાના નાશ માટેજ છે. તેમ ઇંદ્રિયોને વશ્ય થએલા નાસ્તિક લોકો દુઃખમાં સુખ માનનારા છે. એ કારણ માટેજ તે અધમ કહેવાય છે. વિદ્વાનો તિરસ્કાર કરે છે. મહાજનોમાં માન પામતા નથી. ધર્મમાં અને મોક્ષમાં શું આનંદ છે એ વાતને નાહિ જાણનારા, કેવળ સંસારમાં અનંત દુઃખને

---

આવી; તેથી ગામમાં ચર્ચા ચાલી, અને લોકો તેની બહુ નિંદા કરવા લાગ્યા. આ ઉપરથી પોતે બૃહસ્પતિ સૂત્રની રચના કરી. તે સૂત્રથી પુણ્ય, પાપ, સ્વર્ગ નરકનો અભાવ સિદ્ધ કરી, લોકોને ઉપદેશ આપવો શરૂ કર્યો, તેથી જે લોકો અત્યંત વિષયી ને અજ્ઞાની હતા, તેઓ તેના શિષ્ય થયા. કેટલોક વખત ગયા પછી તેના શિષ્યો તેનું બહુ માન કરવા વાસ્તે કહેવા લાગ્યા કે આ અમારો મત દેવતાઓના ગુરૂ જે બૃહસ્પતિ નામના આકાશમાં ગ્રહ છે તેમનો પ્રવર્ત્તાવેલો છે. બૃહસ્પતિ કરતાં બીજો કોઇ વિશેષ બુદ્ધિમાન્ નથી તેથી અમારો મત સત્ય છે. આ બૃહસ્પતિની ઉત્પત્તિ અમારા ચોવીશમા

ભોગવનારા, આ લોકમાં ઘણા લોકોની નિંદાના પાત્રરૂપ તે અધમ પુરૂષો પરલોકમાં નરકાદિ ગતિને પામે છે. જેમ મોહરતિ નામનો મંત્રી.

---

તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની પહેલાં થયેલી સિદ્ધ છે. કારણ કે શ્રી મહાવીર સ્વામીએ કથન કરેલા શાસ્ત્રોમાં ચાર્વાક મત્તનું નિરૂપણ કરેલું છે. ચાર્વાક મતની ઉત્પતિ એ પ્રમાણે છે. તેમનાં નામઃ=ચાર્વાક લૌકયતાદિ છે. " **चव अदने, चर्वन्ति भक्षयंति तत्वतो न मन्यंते पुण्य पापादिकं परोक्ष वस्तु जातमिति चार्वाकाः**

હવે ચાર્વાક મતનું સ્વરૂપ લખીએ છીએ. નાસ્તિક એમ કહે છે કે પરલોકમાં ગમન કરનાર જીવ, ચેતના લક્ષણ કાંઇ છે નહિ. પાંચ ભૂતોથી જે ચેતન ઉત્પન્ન થાય છે તે પણ ભૂતોનો નાશ થતાં અહીંઆંજ નાશ પામી જાય છે. જો જીવ પરલોકથી આવ્યો હોય, તો પરલોકનું તેને સ્મરણ હોવું જોઇએ. પરંતુ તે તો થતું નથી. તે કારણથી જીવ પરલોકથી આવ્યો નથી, તેમજ પરલોકમાં જનાર પણ નથી. તથા જીવસ્થાનમાં જો દેવ શબ્દ સ્થાપન કરીએ, તો સર્વજ્ઞાદિ વિશેષણ વિશિષ્ટ કોઇ દેવ નથી, તથા મોક્ષ પણ નથી. ધર્મ અધર્મ નથી, પુણ્ય પાપ નથી, પુણ્ય પાપનું જે ફળ સ્વર્ગ નરક તે પણ નથી. " **तथाचतन्मतं.** "

**एता वानेव लोकोयं, यावा निंद्रिय गोचरः ॥**
**भगिनि वृकपदं पश्य, यद्वदंत्य बहुश्रुताः ॥ १ ॥**

જેટલો પ્રત્યક્ષ દેખવામાં આવે છે, તેટલોજ મનુષ્ય લોક છે. કારણ કે જે પદાર્થ ઇંદ્રીયોથી ગ્રહણ થાય છે તેજ પદાર્થ છે. તે

# કથા બીજી.

જંબુદ્વીપને વિષે ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ મધ્યખંડમાં ' શ્રીકાંતા ' નામની પુરી છે; તેમાં શ્રી ભુવનચંદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાનો જૈનધર્મના તત્વને જાણનારો મતિસાગર નામે મંત્રી હતો. બીજો નાસ્તિક મતને અનુસરનારો ધર્મનો દ્વેષી મોહરતિ નામનો મંત્રી હતો.

---

ઉપરાંત બીજા કોઇ પદાર્થ વથી. જ્યારે લોક શબ્દનો ઉચ્ચાર કરીએ, ત્યારે લોકમાં જે વિદ્યમાન પદાર્થ છે તેજ ગ્રહણ કરવા અને જે આ લોકથી પર એવા જીવ, પુણ્ય, પાપ અને તેનાં ફળ સ્વર્ગ નરકાદિ છે એમ માને છે. તે અપ્રત્યક્ષ હોવાથી અસત્ય છે. જો પ્રત્યક્ષ માનીએ તો શશશ્રૃંગ, વંધ્યાપુત્રઆદિ પણ માનવા જોઇએ. પાંચ પ્રકારે પ્રત્યક્ષથી અનુક્રમે ૧. મૃદુ કઠોરાદિ વસ્તુઓ. ૨. તિક્ત કટુ કષાયાદિ દ્રવ્ય, ૩ સુરભિ અસુરભિરૂપ ગંધ, ૪ ભૂ, ભુધર, ભુવન, ભૂરૂહ, સ્તંભ, કુંભ, અંભોરૂહાદિ; નર, પશુ, શ્વાપદાદિ; સ્થાવર, જંગમ પદાર્થોના સમૂહ; ૫ વિવિધ વેણુ વિણાદિની ધ્વનિ, આ પાંચ વિના બીજી કોઇ પણ વસ્તુની પ્રતીતિ થતી નથી. પાંચ ભૂતોથી વ્યતિરિક્ત નરક, સ્વર્ગમાં ગમન કરનાર એવો જીવજ જ્યારે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ ન થયો ત્યારે જીવનાં સુખ દુઃખનાં કારણ ધર્મ, અધર્મ, અને તે ધર્મ અધર્મની ઉત્કૃષ્ટ ફળ ભોગવવાની ભૂમિ સ્વર્ગ, નરક તથા સર્વથા પુણ્ય પાપનો ક્ષય થવાથી ઉત્પન્ન થનારૂં જે મોક્ષસુખ તેનું જે વર્ણન. તે સઘળું વર્ણન આકાશમાં ચિત્રામણ કરવા જેવું છે.

એક દિવસે રાજાની સભામાં છત્રીશ કુળના રાજાઓ બેઠા છે. તેમજ ભાટ ચારણ વગેરે બીજા લોકો પણ બેઠા છે. તે સમયે ધર્મ સંબંધી ચર્ચા થવા લાગી ત્યારે મોહરાત નામનો મંત્રી નિચે પ્રમાણે બોલી ઉઠ્યા.

**इत्थजए सुपसत्था पुरिसत्थाहुन्तिदुन्नि पुरिसाणम् ॥**
**अत्थो कामोय तहा सुक्ख निमित्तं जओएए ॥ १ ॥**

---

કારણકે જીવનો નથી કોઇએ સ્પર્શ કર્યો, નથી કોઇએ તેનો ખાઇને સ્વાદ ચાખ્યો, નથી કોઇએ તેને સૂંઘ્યો, નથી કોઇએ તેને દીઠો, કે નથી કોઇએ તેને શબ્દવત્ સાંભળ્યો, તેમ છતાં મૂઢમતિ શા વાસ્તે જીવને માનીને સ્વર્ગાદિ સુખોની ઇચ્છા કરી મસ્તક, દાઢી, મૂછ મુંડાવી અનેક પ્રકારનાં દુષ્કર તપ તપી; શીત, આતપ સહન કરી ફોકટ આ શરીરને સંકટોમાં નાંખી મનુષ્ય જન્મ ખરાબ કરી રહ્યા છે! આ તેમની સમજણનુંજ દૂઃખ છે. "**तदुक्तं**"

**तपांसि यातनाश्चित्राः संयमो भोग वंचना ॥**
**अग्नि होत्रादिकं कर्म, बाल क्रीडेव लक्ष्यते ॥ १ ॥**
**यावज्जीवं सुखं जीवेत्, तावद्वैषयिकं सुखं ॥**
**भस्मी भूतस्य देहस्य, पुनरागमनं कुतः ॥ २ ॥**

**અર્થ:**—વિવિધ તપશ્ચર્યા કરવી તે આત્માને સંકટોમાં નાંખવા જેવું છે. શીયલ વારવું તે આત્માને ભોગથી છેતરવા જેવું છે. અગ્નિ હોત્રાદિ કર્મ કરવાં તે બાળકની ક્રીડા સમાન છે. પ્રાણી જ્યાંસુધી

**ભાવાર્થ**—આ જગતમાં સર્વ પુરૂષાર્થોમાં ઉત્તમ, સઘળા સુખનું કારણ, અર્થ અને કામ એ બેજ પુરૂષોના પુરૂષાર્થો છે.

**जइलच्छीवसइ घरे पिआणु कूली सुकित्ति भूवलए ॥**
**ताइच्छेवनराणं सग्गो मुखो असुहहेऊ ॥ २ ॥**

**ભાવાર્થ**—જેના ઘરમાં લક્ષ્મી રહેલી હોય તે માણુસ સર્વને પ્રિય તથા અનુકુળ થાય છે. તે માણુસની કીર્તિ આ

---

જીવે ત્યાંસુધીજ વિષયસુખ છે. બળી ભસ્મ થએલા દેહનું અહીંઆં ફરીથી આવવું શી રીતે ઘટી શકે.

ઇત્યાદિ કારણથી સિદ્ધ થાય છે કે જે ઇંદ્રિયગોચર છે તેજ તાત્વિક છે. મતલબ કે બીજા સુખ કલ્પિત છે.

હવે પ્રમેય પ્રમાણ બંને કહે છે,—

**पृथ्वी जलं तथा तेजो, वायुर्भूत चतुष्टयं ॥**
**आधारो भुमि रेतेषां, मानं त्वक्षजमेवहिं ॥ १ ॥**

**અર્થ**:—૧. પૃથ્વી, ૨. જલ, ૩. અગ્નિ, ૪. વાયુ આ ચાર ભૂત છે. આ ચારેની આધાર પૃથ્વી છે. અને કોઇ જગોએ એવો પણ પાઠ છે કે "ચૈતન્ય ભૂમિ રેતેષાં" આ ચારેને ચૈતન્ય ભૂમિ કહે છે. આ ચારેના એકત્ર રસથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. વળી આ ચાર્વાક મતમાં આ ચારે ભૂત પ્રમાણની ભૂમિકા, પ્રમાણનો વિષય તાત્વિક છે. તેમજ આ મતમાં પ્રમાણ તો એક પ્રત્યક્ષજ છે.

ભુવનમાં વિસ્તાર પામે છે, અને તેનેજ સર્વ લોકો ઇચ્છે છે. માટે સ્વર્ગ તથા મોક્ષ એ કંઇ સુખનું કારણ નથી.

આવાં મોહરતિ મંત્રીનાં વચન સાંભળી હર્ષિત થએલા રાજા વિગેરેને જોઇ મતિસાગર મંત્રી બોલ્યો. હે રાજન! આ વચનો મારા અંતઃકરણને આનંદિત કરતાં નથી. કહ્યું છે કેઃ—

इदंप्रकृत्यः विषयैवशीकृतं परस्परं स्त्रीधनलोलुपं जगत् ॥
सनातने वर्त्मनि साधुभिर्धृतं हाहाकुबोधैः कुगतौ निधीयते १

---

હવે ભૂત ચતુષ્ટયથી દેહને ચેતનતા કેમ પ્રાપ્ત થાય છે? એવી આશંકા મનમાં લાવી કહે છે.

पृथ्व्यादि भूते संहत्या, तथा देह परिणतः ॥
मदशक्तिः सुरांगेभ्यो, यद्वत्तद्वच्चिदात्मनि ॥ १ ॥

**અર્થ**:—પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, તેઓના સંયોગથી થએલો દેહ પરિણામ તે દેહમાં, જેમ મદિરામાં અંગોથી ઉન્માદશક્તિ ઉત્પન્ન થાય છે, તેમ ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થાય છે.

પરંતુ દેહથી અન્ય જીવ પદાર્થ કોઇ છે નહિ, આદિ શબ્દથી પર્વતાદિ સર્વ પદાર્થ ચારે ભૂતોથીજ ઉત્પન્ન થાય છે, તે કારણથી દ્રષ્ટ સુખનો ત્યાગ કરવો અને અદ્રષ્ટ સુખ વાસ્તે પ્રવૃત્ત થવું. આતો લોકની મોટી મૂર્ખતા છે. તેમજ શાંત રસમાં મગ્ન થઇ મોક્ષ સુખનું વર્ણન કરે છે, તે પણ મહા મૂઢ છે. કારણકે મૈથુન સેવનથી બીજો કોઈ પણ ધર્મ નથી; તેમજ કોઈ મોક્ષ નથીઃ તેમજ સુખ નથી.

**ભાવાર્થ—સ્વભાવથીજ વિષયોમાં લંપટ, એક બીજાની સ્ત્રી તથા ધન ચોરવામાં તત્પર આ જગતને સત્ પુરૂષો સારા ઉપદેશથી સારે માર્ગે ચડાવે છે. પણ નીચ પુરૂષો ખરાબ ઉપદેશથી નીચ રસ્તે લઇ જાય છે. આ કેવી ખેદકારક વાત. તેમજ બીજું પણ કહ્યું છે કેઃ—**

**सर्वत्र सुलभा राजन् सततं प्रियवादिनः ॥**
**अप्रियस्यतु पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥ २ ॥**

---

પૂર્વોક્ત મતોનું જે વર્ણન કરેલ છે. તેઓના ઉપદેશક સર્વ કુગુરૂ છે. કારણ કે તેઓના મત યુક્તિ પ્રમાણથી ખંડિત થઇ જાય છે. તેમજ તેઓ પૂર્વાપર વ્યાહત અને વિરોધી છે.

હે સિદ્ધપુત્ર શ્રાવક! અરિહંતનાં કહેલાં તત્ત્વો ઉપર તમને અત્યંત રાગ છે. તેથી તમે પોતાનો મત નિર્દોષ ઠરાવો છો. અને અમારા મતનો પૂર્વાપર વિરોધી કહો છો. પરંતુ અમારા મતમાં કાંઈ પણ પૂર્વાપર વ્યાહતપણું નથી. કારણ કે અમારા મત તદ્દન નિર્દોષ છે. તેથી અમારા મતમાં કલંક દેવું તે અમૃતના પુંજમાં મશીનું બિંદુ નાંખવા સમાન છે.

મોહરતિ મંત્રી કહે છે કે હે સિદ્ધપુત્ર! આત્માજ નથી તેથી મતાવલંબી પુરૂષો શા વાસ્તે વચનકલહ કરે છે. જ્યારે આત્માનોજ અભાવ છે ત્યારે જૈન, બૌદ્ધ, સાંખ્ય, નૈયાયીક, વૈશેષિક, તેમજ જૈમિનીય આ જે છ દર્શનો છે. તેઓ શા વાસ્તે નિઃકેવલ લોકોને ભ્રમમાં નાંખીને ભોગ વિલાસથી છોડાવે છે.! વાસ્તવમાં આત્મા એવી

**ભાવાર્થ—હે રાજન! નિરંતર પ્રિય વચન બોલનારા લોકો સર્વ જગોએ મળી શકે છે. પણ હિતકારક અપ્રિય વચનને કહેનાર દુર્લભ છે. અને સાંભળનાર પણ દુર્લભ છે. એટલા માટે જરા બે અક્ષર બોલવાની રજા લઉં છું.**

**આ જગતમાં ધર્મ સિવાય કોઇ પણ બીજો સુખનો ઉપાય નથી. શાસ્ત્રમાં કહેલું છે કેઃ—**

---

કોઈ વસ્તુજ નથી; તે કારણથી અમારો મત સુંદર છે. જો આત્મા હોય તો તેની સિદ્ધિ બતાવો.

## ખંડન.

સિદ્ધપુત્ર કહે છે કે હે મોહરહિત! પ્રતિ પ્રાણી સ્વસંવેદન પ્રમાણ ચૈતન્યની અન્યથા અનુપપત્તિથી સિદ્ધ છે. જુઓ આ જે ચૈતન્ય છે. તે ભૂતોનો ધર્મ નથી. જો ભૂતોનો ધર્મ હોય તો તો પૃથ્વીની કઠિનતાની પેઠે સર્વ કાળે, સર્વ સ્થળે, ઉપલબ્ધ થવો જોઇએ, તે સર્વદા ઉપલબ્ધ થતો નથી. કારણ કે લોષ્ટાદિમાં તેમજ મૃત અવસ્થામાં ચૈતન્ય ઉપલબ્ધ થતું નથી.

મોહરતિ કહે છે કે, લોષ્ટાદિમાં તેમજ મૃત અવસ્થામાં પણ ચૈતન્ય છે. કેવળ શકિત રૂપે છે. તે કારણથી ઉપલબ્ધ થતું નથી.

સિદ્ધપુત્ર બોલ્યા કે હે મોહરતિ! બે વિકલ્પ ને ઉલંઘન કરવાથી આ તમારૂં કહેવું અયુકત છે. જુઓ તે શકિત ચૈતન્યથી વિલક્ષણ છે? કે ચૈતન્યજ છે? જો કહો કે વિલક્ષણ છે તો તો શકિતરૂપે

लक्ष्मीर्वेश्मनि भारती च वदने शौर्यं चदोष्णोर्युगे
त्यागः पाणितलेसुधीश्च हृदये सौभाग्य शोभा तनौ ॥
कीर्तिर्दिक्षुसपक्षतागुणिजनेयस्माद्भवेदंगिनां सोयं
वांछितपूरणाय सततं धर्मःसमासेव्यताम् ॥ १ ॥

**ભાવાર્થઃ**—ઘરમાં લક્ષ્મી, મુખમાં સરસ્વતી, બે બાહુમાં શુરવીરપણું, કરતલમાં દાનપણું, હૃદયમાં સારી બુદ્ધિ, શરીરમાં રૂપાળાપણું, દિશાઓમાં કીર્તિ, ગુણીજનમાં સં-

---

ચૈતન્ય છે. એમ કહો નહિ; કારણ કે પટ વિદ્યમાન છતાં પટરૂપે ઘટ રહેતોજ નથી.

" आहच " " प्रज्ञाकर गुप्तोपि"
रुपांतरेण यदित, त्तदेवास्तीति मारटीः ॥
चैतन्यादन्यरुपस्य, भावे तद्विद्यतेकथम् ॥ १ ॥

**અર્થઃ**—જો રૂપાંતરથી તે વસ્તુ છે તો તેની તેજ વસ્તુ છે એમ બોલ નહિ. ચૈતન્યથી અન્યરૂપની ઉત્પત્તિમાં તેજ છે એમ કેમ કહેવાય.

જો બીજો પક્ષ માનશો તો તો ચૈતન્યજ તે શક્તિ છે. પછી તે શકિત ઉપલબ્ધ કેમ થતી નથી! જો કહો કે આવૃત થવાથી ઉપલબ્ધ થતી નથી. તો તે પણ ઠીક નથી. કારણ કે આવૃત શબ્દનો અર્થ આવરણ છે. તે આવરણ શું વિવક્ષિત પરિણામનો અભાવ છે? કે પરિણામાંતર છે? કે ભુતોથી અતિરિકત બીજી વસ્તુ છે? તેમાં

ગતી, એ સઘળું પ્રાણીઓને ધર્મથી થાય છે. માટે સર્વ ઇચ્છાઓને પરિપૂર્ણ કરનાર ધર્મને સેવો.

सुखार्थं सर्व जंतूनां, मताः सर्वाः प्रवृत्तयः ॥
सुखं नास्ति विना धर्मं, तस्माद्धर्मपरो भवेत् ॥ १ ॥

**ભાવાર્થઃ**—સર્વ પ્રાણીઓ પોતાના સુખ માટે સર્વ પ્રવૃત્તિઓ કરે છે. પણ સુખ તો ધર્મ વગર થતું નથી. માટે પુરૂષે ધર્મમાં પરાયણ થવું.

---

વિવક્ષિત પરિણામનો અભાવતો નથી. કારણ કે એકાંત તુચ્છ હોવાથી તે વિવક્ષિત પરિણામ અભાવને આવરણ શકિત નથીં. અન્યથા તેનું અતુચ્છ રૂપ હોવાથી, તેપણ ભાવરૂપ થઈ જાય. જ્યારે ભાવરૂપ થાય. ત્યારે પૃથ્વી આદિમાંથી અન્યતમ થાય. કારણ કે " **पृथिव्यादिनि भूतानि तत्वमिति वचनात्.** " અને પૃથ્વીઆદિ જે ભુત છે તે ચૈતન્યના વ્યંજક છે. પરંતુ આવરક નથી. તેથી કેવી રીતે આવરણપણું સિદ્ધ થાય !

જો કહો કે પરિણામાંતર છે, તો તે પણ અયુકત છે. કારણ કે પરિણામાંતર પણ ભૂત સ્વભાવ હોવાથી ભૂતોની પેઠે ચૈતન્ય વ્યંજકજ થઇ શકે છે આવરક થઇ શકતું નથી.

જો કહો કે ભૂતોથી અતિરિકત વસ્તુ માનવાથી " **चत्वार्येव पृथ्व्यादि भूतानि.** " એ તત્ત્વ સંખ્યાનો વ્યાઘાત થઇ જશે.

વળી જુઓ કે આ જે ચૈતન્ય છે. તે એક એક ભૂતનો ધર્મ

केऽपि सहस्त्रंभरयः कुक्षिभरयश्च केऽपि केऽपि नराः
नात्मंभरयस्तदिदं फलमखिलं सुकृतदुष्कृतयोः ॥ ३ ॥

**ભાવાર્થ:**—કેટલાક પુરૂષો હજારો પ્રાણીઓના પેટ ભરી શકે છે. કેટલાક પોતાનું પેટ ભરી શકે છે. કેટલાક તો પોતાનું પણ પેટ ભરી શકતા નથી. આ સઘળું પુણ્ય અને પાપનું ફળ છે.

આવાં મતિસાગરનાં વચન શ્રવણ કરી " આ વાત બહુજ ઉત્તમ છે." એમ જાણી રાજા વિગેરે મૌન રહ્યા.

---

છે ? કે સર્વ ભૂત સમુદાયનો ધર્મ છે ? એક એક ભુતનો ધર્મતો લાગતો નથી; કારણ કે એક એક ભુતમાં દેખાતો નથી. તેમજ એક એક પરમાણુંમાં સંવેદન ઉપલબ્ધ થતું નથી. જો દરેક પરમાણુંમાં હોય તો પુરૂષ, સહસ્ત્ર ચૈતન્યવૃંદની પેઠે પરસ્પર ભિન્ન સ્વભાવ થાય, પરંતુ એકરૂપ ચૈતન્ય નજ થાય, અને દેખવામાં તો એકરૂપ આવે છે. " **अहं पश्यामि.** " અર્થાત્ હું દેખું છું, હું કરૂં છૂં, એવો સકલ શરીર અધિષ્ઠાતા એક ઉપલબ્ધ થાય છે.

જો સમુદાયનો ધર્મ માનો તોપણ પ્રત્યેકમાં અભાવ હોવાથી અસત્ છે. કારણ કે જે પ્રત્યેક અવસ્થામાં અસત્ છે, તે સમુદાયમાં થઈ શકતું નથી. જેમ રેતી સમુહમાંથી તેલ.

જો કહો કે મદ્યાંગોમાં મદશકિત નથી. સમુદાયમાં થઇ જાય છે. તેમ ચૈતન્ય પણ થઇ જાય તો, શું દોષ છે ? આ પણ અયુક્ત છે. કારણ કે પ્રત્યેક મદ્યઅંગમાં મદશક્તિ અનુયાયી માધુર્યાદી ગુણ

પછી મતિસાગરના વચનને નહિ સહન કરનાર, ધર્મનો દ્વેષી મોહરતિ મંત્રી બોલ્યો.

હે સભાસદો ! મારૂં વચન શ્રવણ કરો કે આ જગત્માં અર્થ અને કામ એ બે પુરૂષાર્થ સિવાય ત્રીજો પુરૂષાર્થ કોઇ છેજ નહિ. જો બીજા પુરૂષાર્થો માનીએ તો જોવામાં આવતા સાંસારિક સુખનો ત્યાગ કરવો પડે છે. અને નજરે નહિ જોવામાં આવતા સ્વર્ગાદિકના સુખની કલ્પના કરવી પડે છે. માટે બેજ પુરૂષાર્થો માનવા એજ યોગ્ય છે. પ્રથમ તો એજ કહેવાનું છે કે, આ સંસારમાં જીવ એ

---

દેખાય છે. જુઓ માધુર્યાદિ ઇક્ષુરસમાં ધાતકી પુલોથી થોડી વિકલતા ઉત્પાદક શક્તિ દેખીએ છીએ. તેવી રીતે ચૈતન્ય, સામાન્ય પ્રકારથી ભૂતોમાં ઉપલબ્ધ થતું નથી. તો કેવી રીતે ભૂત સમુદાયથી ચૈતન્ય થઇ શકે છે ? પ્રત્યેકમાં અસત છે. તે સમુદાયમાં થઇ જાય તો, સર્વ સમુદાયથી સર્વ કાંઇ બની જવાં જોઇએ. એ અતિ પ્રસંગ થશે.

વળી જો તમે ચૈતન્યને ધર્મ માનેલ છે. તો ધર્મને અનુરૂપ ધર્મી પણ અવશ્ય માનવો જોઇએ. જો અનુરૂપ નહિ માનશો તો તો જલ અને કઠિનતા આ બંનેને ધર્મ, ધર્મિ માનવા જોઇશે. એમ પણ ન કહેશો કે ભૂતજ ધર્મી છે. કારણ કે ભૂત ચૈતન્યથી વિલક્ષણ છે. તો કેવી રીતે તેઓના પરસ્પર ધર્મ, ધર્મીભાવ થઈ શકે છે ? વળી આ ચૈતન્ય ભૂતોનું કાર્ય પણ નથી. કારણકે અત્યંત વિલક્ષણ હોવાથી કાર્ય કારણભાવ કદાપિ થઈ શકતો નથી. "उक्तंच"

વસ્તુજ નથી. તો પુણ્ય અને પાપ કોને લાગે. અને પુણ્ય પાપનું ફળ સુખ દુઃખ કોને થાય. સ્વર્ગની ગતિ અને નરકની ગતિ કોને થાય. માટે ધર્માદિકની વાત નિઃસાર છે.

એટલા સમયમાં પોતાના શરીરની કાન્તિથી આકાશને પ્રકાશિત કરનારા, શ્વેત વસ્ત્રોથી સર્વ અંગને શોભાવનારા, સમ્યકત્વ મૂળ બાર વ્રતને ધરનારા, આકાશમા ગમન કરનારા, અવાધજ્ઞાનવડે સમગ્ર રૂપી દ્રવ્યને જાણનારા, જૈન શાસ્ત્રમાં પ્રવીણ અન્ય શાસ્ત્રોમાં પાર પામેલા, ધર્મી જનોમાં

---

काठिन्या बोध रूपाणी भूतान्यध्यक्षसिद्धितः ॥
चेतनाच न तद्रुपा साकथं तत् फलं भवेत् ॥

વળી જો ચૈતન્ય ભૂતકાર્ય હોય, તો તો સર્વ જગત્ પ્રાણીમય હોવું જોઇએ. જો કહો કે પરિણુતિ વિશેષ સદ્‌ભાવના અભાવથી સકલ જગત્ પ્રાણિમય થઈ જતું નથી. તો તે પરિણુતિ વિશેષ સદ્‌ભાવ સર્વત્ર શા વાસ્તે થતો નથી. ? તે પરિણુતિ પણ ભૂત માત્ર નિમિત્તજ છે. તો કેવી રીતે તેનું કોઇ સ્થળે હોવું ન હોવું સિદ્ધ થઇ શકે છે ! વળી તે પરિણુતિ વિશેષ કેવા સ્વરૂપવાળો છે. જો કહો કે કઠિનાદિ રૂપ છે. કારણ કે ધુણાદિ જંતુ કાષ્ટાદિમાં ઉત્પન્ન થતા દેખીએ છીએ. તે કારણથી જ્યાં કઠિનત્વાદિ વિશેષ છે તે પ્રાણિમય છે, બીજા નહિ આપણા વ્યભિચાર દેખવાથી અસત્ છે. જુઓ અશિષ્ટપણું કઠિનત્વાદિ વિશેષ છતાં કોઇ સ્થલે હોય છે. અને કોઇ સ્થલે હોતા નથી. અને કોએ સ્થળે કઠિનત્વાદિ વિશેષ વિના પણ સંસ્વેદજ ઘન આકાશમાં સંમૂર્છિમ ઉત્પન્ન થાય છે.

અગ્રણી, શ્રી સર્વજ્ઞ શાસનના પ્રભાવવાળા ત્રણ રત્ન ( જ્ઞાન, દર્શન, અને ચારિત્ર ) ને ઓળખાવનારી સોનાની જનોઇને ધારણ કરનારા, ઉત્તમ બ્રહ્મચારી એવા સિદ્ધપુત્ર નામે શ્રાવક આકાશમાંથી ઉતરી તે રાજાની સભામાં આવ્યા.

મહા પ્રતાપી તે શ્રાવકને જોઇ રાજા વિગેરે સર્વે જનોએ આશ્ચર્ય સહિત એકદમ ઉભા થઇ પ્રણામ કર્યાં.

તે સિદ્ધ પુત્ર નામના શ્રાવકે, રાજાએ અર્પણ કરેલા સોનાના સિંહાસન ઉપર બેસી સભામાં આશિર્વાદ આપ્યો જેમ કે,—

---

વળી કેટલાએક જીવ સમાન યૌનિક પણ વિચિત્ર વર્ણ સંસ્થાનવાળા દેખાવ છે. જુઓ, ગોવૃષભઆદિ એક યોનીવાળાં પણ કેટલાંએક કાળાં શરીરવાળાં તો કેટલાંએક પીળાં શરીરવાળાં હોય છે. બીજાં વિચિત્ર વર્ણવાળાં હોય છે. સંસ્થાન પણ તેઓનાં પરસ્પર ભિન્ન છે. જો ભૂત માત્ર નિમિત્ત ચૈતન્ય હોય, તો તો એક યોનીવાળાં સર્વ એકવર્ણ સંસ્થાનવાળાં હોવાં જોઇએ. પરંતુ તેમ તો થતાં નથી. તે કારણથી આત્માજ તેવા તેવા કર્મના વશથી તેવા ઉત્પન્ન થાય છે. એમ નિશ્ચયે માનવું જોઇએ.

જો કહો કે આત્મા હોય તો ગમના ગમને કરતાં કેમ ન ઉપલબ્ધ થવો જોઇએ. ? કારણ કે કેવળ દેહ વિદ્યમાનજ સંવેદન ઉપલબ્ધ થાય છે. અને દેહનો અભાવ થતાં ભસ્મ અવસ્થામાં દેખાતો નથી. તે કારણથી આત્મા નથી પરંતુ સંવેદન માત્રજ એક છે. તે સંવેદન

आधारोयस्त्रिलोकया जलधि जलधरार्केन्दवोयन्नियो ज्या
भुज्यन्ते यत्प्रसादादसुरसुरनराधीश्वरैः संपदोऽपि ॥
आदेश्या यस्य चिंतामणि सुरसुरभी कल्प वृक्षादयस्ते
श्रीमान् जैनेंद्रधर्मः किसलयतु सवः शाश्वतीं मोक्ष लक्ष्मीम् ॥

ભાવાર્થ:—જે ત્રણે લોકનો આધાર છે. સમુદ્ર, મેઘ, સૂર્ય અને ચંદ્ર વિગેરે જેના હુકમમાં રહેલાં છે. સંપત્તિઓ પણ જેની કૃપાથી અસુર, દેવતા અને રાજાદિકવડે ભોગવાય છે. ચિંતામણી રત્ન, કામધેનુ તથા કલ્પવૃક્ષાદિક તે જેના હુકમને તાબે છે. એવા કલ્યાણકારક જૈન ધર્મ તે તમોને શાશ્વતી મોક્ષરૂપી લક્ષ્મીને આપો.

---

દેહનું કાર્ય છે. દેહમાંજ આશ્રિત છે. ભીંતના ચિત્રની જેમ ચિત્રભીંત વિના રહી શકતું નથી. તેમજ બીજી ભીંતપર સંક્રમણ પણ થઈ શકતું નથી. અને ભીંતની સાથેજ તેનો વિનાશ થાય છે. સંવેદનનું પણ તેવીજ રીતે જાણી લેવું આ કથન પણ અસત્ છે. કારણકે આત્મા સ્વરૂપથી અમૂર્ત છે. અને આંતર શરીર અતિ સૂક્ષ્મ છે. તે કારણથી દષ્ટિગોચર નથી. "तदुक्तं"

अंतराभाव देहोपि सूक्ष्मत्वोन्नोप लभ्यते ॥
निष्कामन् प्रविशन् वात्मा, ना भावोऽनीक्षणादपि ॥

તે કારણથી આંતઃશરીર યુક્ત પણ આત્મા, જતાં આવતાં દેખાતો નથી, પરંતુ લિંગથી ઉપલબ્ધ થાય છે. જુઓ, તત્કાલ ઉત્પન્ન થએલા કૃમિ જીવને પણ પોતાના શરીર વિષે મમત્વ થાય છે. ઘાતકને જાણીને દોડી જાય છે. જેને જેને વિષે મમત્વ છે; તે પૂર્વ મમત્વ

આ આશિર્વાદને સાંભળી હર્ષિત થએલો રાજા વિચાર કરવા લાગ્યો કે, અવસ્થાએ અત્યંત નાના, તપશ્ચર્યા વડે અત્યંત મોટા, બ્રહ્મચર્યવૃતથી અત્યંત તેજસ્વી, આકાશમાં ફરનારા, અતિશય સહિત જ્ઞાનને ધરનારા, આ મહાત્મા ખરેખર પુણ્યશાળી છે; માટે આ મહાત્માના મુખથી જીવ અજીવાદિકના તત્વનો નિર્ણય સાંભળું. એમ વિચારી રાજા બોલ્યા.

હે ધર્મશીલ સિદ્ધપુત્ર! આપ કયાંથી આવો છો? અહીંથી કયાં જવાના છો? અને આપ કોના શિષ્ય છો?

---

અભ્યાસ પૂર્વક છે. તેવુંજ દેખાય છે. કેમકે જ્યાં સુધી કોઇ વસ્તુના ગુણ દોષ જાણતા નથી ત્યાં સુધી તે વસ્તુમાં કોઇને પણ મમત્વ થતું નથી. તે કારણથી જન્મની આદિમાં જે શરીરપર મમત્વ છે. તે શરીર પરિશીલન અભ્યાસ પૂર્વક સંસ્કાર નિબંધન છે. તે સબબથી આત્માનું જન્માંતરથી આવવું સિદ્ધ થાય છે. उक्तंच ॥

शरीर गृह रुपस्य चेतसः संभवो यदा ॥
जन्मादौ देहिनां दृष्टः किन्न जन्मांतरा गति ॥

હવે આ ગતિ પ્રત્યક્ષથી દેખાતી નથી. તો કેવી રીતે તેનો અનુમાનથી બોધ થાય? આ તમારા કહેવાથી કાંઇ દૂષણ આવતું નથી. કારણ કે અનુમેય અર્થ વિશે પ્રત્યક્ષની પ્રવૃત્તિ થઇ શકિત નથી. પરસ્પર વિષયનો પરિહાર કરીને પ્રત્યક્ષ, અનુમાનનું પ્રવર્ત્તવું બુદ્ધિમાન લોકો માને છે. હવે તમારૂં દૂષણ કેવી રીતે લાગે છે? आहच ॥

સિદ્ધપુત્ર બોલ્યા હે રાજન્ ! પ્રથમ અર્હન્ત ભગવાનના તીર્થને વિષે ભરતેશ્વર ચક્રવર્તી સાધર્મીક લોકોની ભક્તિ કરવા માટે અણુવ્રત ધરનારા સર્વ બ્રહ્મચારીઓને ભોજન કરાવતા હતા. ભોજન કરવા માટે તો સાચા ખોટા અણુવ્રત ધારી ઘણા બ્રહ્મચારીઓ આવવા લાગ્યા. તે જોઇ ભરત ચક્રવર્તીએ ત્રણ રત્ન ( જ્ઞાન દર્શન અને ચારિત્ર )ની પરીક્ષા કરી તેની ઓળખાણ માટે ત્રણ ગુણવાળું સોનાનું જનોઇ આપ્યું. પછી સોનાની જનોઇવાળા ખરા અણુવ્રતને ધરનારા બ્રહ્મચારીઓને ભરત ચક્રવર્તી હમેશ જમાડવા લાગ્યા, અને તે બ્રહ્મચારીઓ લોકોમાં અત્યંત પૂજ્ય થયા.

---

**अनुमेयेस्ति नाध्यक्ष, मिति केवात्रदुष्टता ॥**
**अध्यक्षस्यानुमानस्य, विषयो विषमो नहि ॥**

વળી જે ચિત્રનું દૃષ્ટાંત તમે આપ્યું છે, તે પણ વિષમ હોવાથી અયુક્ત છે. જુઓ ચિત્ર તો અચેતન તથા ગમન સ્વભાવ રહિત છે. આત્મા તો ચૈતન્ય છે તથા કર્મવશથી ગમના ગમન કરે છે. તો કેવી રીતે દૃષ્ટાંત તેમજ દાર્ષ્ટાંતિકની સામ્યતા થઈ? જેમ દેવદત્ત કોઈ વિવક્ષિત ગામમાં કેટલાએક દિવસ રહીને પછી બીજે ગામ જઈ રહે છે. તેમ આત્મા પણ વિવક્ષિત ભવમા દેહનો ત્યાગ કરી ભવાંતરમાં દેહ રચીને રહે છે.

વળી તમે કહ્યું કે સંવેદન દેહનું કાર્ય છે તે પણ વાસ્તવિક નથી કારણ કે ચક્ષુરાદિ ઇંદ્રિયદ્વારા ઉત્પન્ન થવાથી ચાક્ષુષાદિ સંવેદન કથંચિત દેહથી પણ ઉત્પન્ન થાય છે. પરંતુ જે માણસજ્ઞાન છે, તે કેવી રીતે

ભરત ચક્રવર્તી પછી તેના વંશમાં થયેલા આઠ રાજાઓએ તેવીજ રીતે પરીક્ષા કરી સુવર્ણનું જનોઇ આપ્યું હતું. આ આઠ રાજાઓએ પછી શ્રી અજીતજીનના પિતા સુધી થએલા રાજાઓએ તેવા બ્રહ્મચારીઓને રૂપાનું જનોઇ આપ્યું હતું. શ્રી અજીતજીનના પિતા પછી તો સુત્રનુંજ જનોઇ થયું.

---

દેહનું કાર્ય થઇ શકે છે? તથા તે માણસ જ્ઞાનદેહથી ઉત્પદ્યમાન હોય તો, ઇંદ્રિયરૂપથી ઉત્પન્ન થાય છે? કે કેશ નખાદિ લક્ષણથી ઉત્પન્ન થાય છે? પ્રથમ પક્ષ તો ઠીક નથી. જો ઇંદ્રિયરૂપથી ઉત્પન્ન થતું હોય, તો તો ઇંદ્રિય બુદ્ધિવત્ વર્તમાન અર્થનુંજ ગ્રહણ હોવું જોઇએ. ઇંદ્રિયજ્ઞાન વર્તમાન અર્થનેજ ગ્રહણ કરી શકે છે. તે સામર્થ્યથી ઉત્પન્ન થતું માણસજ્ઞાન પણ ઇંદ્રિયજ્ઞાનવત્ વર્તમાન અર્થનેજ ગ્રહણ કરી શકશે.

હવે જ્યારે ચક્ષુ રૂપવિષય વ્યાપાર કરે છે, ત્યારેજ રૂપ વિજ્ઞાન ઉત્પન્ન થાય છે. બીજે વખતે થતું નથી. હવે તે રૂપવિજ્ઞાન વર્ત્તમાન અર્થ વિષય છે. કારણ કે વર્ત્તમાન અર્થ વિષયજ ચક્ષુનો વ્યાપાર થાય છે. અને રૂપ વિષય વ્યાવૃત્તિના અભાવમાં મનોજ્ઞાન છે. તે કારણથી તે નિયતકાલ વિષયક નથી. તેવીજ રીતે બીજી ઇંદ્રિયોમાં પણ જાણી લેવું. હવે કેવી રીતે મનોજ્ઞાનને વર્ત્તમાન અર્થ ગ્રહણ પ્રસક્તિ હોય? **उक्तंच** ॥

**अक्ष व्यापारमाश्रित्य, भवदक्षजमिष्यते ॥**
**तद् व्यापारो न तत्रेति कथमक्षभवं भवेत् ॥**

**ત્યાર પછી નવમા તીર્થંકર અને દશમા તીર્થંકરની વચલા સમયમાં સાધુઓનો ઉચ્છેદ થવાથી અને યતિ ધર્મ નષ્ટ પ્રાય થવાથી તે કેટલાક બ્રહ્મચારીઓ મિથ્યાદ્રષ્ટિ થયા, કેટલાક બ્રહ્મચારીઓ ગૃહસ્થ થયા અને કેટલાક વૈરાગ્યવાન બ્રહ્મચારીઓ સમ્યગ્દ્રષ્ટિ થયા. તેના વંશમાં થયેલો હું સિદ્ધાર્થ નામે શ્રાવક છું. મહર્ષિએ મારૂં સિદ્ધપુત્ર એવું બીજું નામ પાડેલું છે.**

---

**અર્થ:—**ઇંદ્રિય સંબંધી વ્યાપારના આશ્રયથી ઉત્પદ્યમાન જ્ઞાન ઇંદ્રિયજન્ય કહેવાય છે. તે વ્યાપાર તેમનામાં નહોવાથી થતું જ્ઞાન ઇંદ્રિયજન્ય શી રીતે કહી શકાય.

જો કહો કે અનિંદ્રિય રૂપથી છે, તો પણ તે અચેતન હોવાથી અયુક્ત છે. વળી કેશ નખાદિતો મનોજ્ઞાનથી સ્ફુરિત ચિદ્રૂપ ઉપલબ્ધજ થતો નથી. તો કેવી રીતે તેઓનાથી મનોજ્ઞાન હોય ? **आहच** ॥

**चेतयंतो न दृश्यंते, केशश्मश्रु नखादयः ॥**
**ततस्तेभ्यो मनोज्ञानं, भवतीत्यति साहसं ॥**

**અર્થ:—**અચેતન, કેશ, દાઢી, મૂછ, નખાદિકથી મનોજ્ઞાન ઉત્પદ્યમાન છે. એમ કહેવું તો અતિ સાહસ ભરેલું છે.

જો કેશ નખાદિથી પ્રતિબદ્ધ મનોજ્ઞાન હોય તો તો તેઓનો ઉચ્છેદ થતાં મનોજ્ઞાન મૂળથીજ રહેશેજ નહિ, વળી કેશ નખાદિનો ઉપઘાત થતાં જ્ઞાન પણ ઉપહત થવું જોઇએ ! પરંતુ તે તો થતું નથી. તે કારણથી ત્રીજો પક્ષ પણ ઠીક નથી.

શ્રી પરમાનંદ કેવલી પાસેથી અણુવ્રત ગ્રહણ કરી તેનોજ શિષ્ય બ્રહ્મચારી હું મેરૂ પર્વત ઉપર યાત્રા કરવા ગયો હતો. ત્યાંથી પાછો વળી આકાશ માર્ગે શ્રી શત્રુંજય પર્વત ઉપર યાત્રા કરવા માટે જતાં હું, તારી સભામાં નાસ્તિક મતને અનુસરનાર, પ્રત્યક્ષ જોવામાં આવતા જીવાદિક પદાર્થોનો અભાવ કરનાર મોહરતિ મંત્રીને જોઇ અહીંઆ આવ્યો છું. આવાં વચન સાંભળી રાજાએ વિચાર્યું

---

વળી બીજી વાત એ છે કે મનોજ્ઞાનમાં સુક્ષ્ણ અર્થ પ્રથક્કરણ પણું તેમજ-સ્મૃતિ પાટવાદિ જે વિશેષ છે, તે અન્વય વ્યતિરેકથી અભ્યાસ પૂર્વક દેખાય છે. જુઓ, તેજ શાસ્ત્ર ઇહા અપોહાદિ પ્રકારથી જો વારંવાર વિચારીએ તો સૂક્ષ્મ, સૂક્ષ્મતર અર્થાવબોધ ઉલ્લાસ થાય છે. અને સ્મૃતિ પાટવ અપૂર્વ વૃદ્ધિ પામે છે. એવી રીતે એક શાસ્ત્ર વિષે અભ્યાસ કરતાં કરતાં સૂક્ષ્માર્થ સ્પષ્ટીકરણ શકિત થતાં તેમજ સ્મૃતિ પાટવ વધતાં અન્ય શાસ્ત્રોમાં પણ સ્વાભવિક રીતે સૂક્ષ્મ અર્થાવબોધ તેમજ સ્મૃતિ પાટવ ઉલ્લાસ પામે છે. એ પ્રમાણે અભ્યાસ હેતુક સૂક્ષ્માર્થ સ્પષ્ટીકરણાદિ મનોજ્ઞાનમાં વિશેષ દેખીએ છીએ. વળી કોઇને અભ્યાસ વિના પણ દેખીએ છીએ. તે વાસ્તે અવશ્ય પરલોકનો અભ્યાસ હેતુ છે. શા કારણથી ? કારણની સાથે કાર્યનું અન્યથા અનુપપન્નપણું છે. તે પ્રતિબંધથી તેના અદૃષ્ટ કારણની પણ સિદ્ધિ છે. તે કારણથી જીવનું પરલોકગમન સિદ્ધ થાય છે. વળી દેહ, ક્ષયોપશમનો હેતુ છે, તેથી દેહને પણ કથંચિત્ જ્ઞાનનો ઉપકારી અમે માનીએ છીએ. દેહ દૂર થવાથી સર્વથા જ્ઞાનની નિવૃત્તિ થતી નથી.

કે આ મહાત્મા ઠીક પધાર્યા. હવે આપણને ઇચ્છિત જીવાદિકનો વિચાર થશે. અને ખરો તત્વનો નિર્ણય થશે. આમ વિચારી રાજા બોલ્યા.

હે મહાત્મન્ જેમ અમો સમજી શકીએ તેમ જીવા· જીવાદિકનું તત્વ કહો. ત્યાર પછી મોહરતિ મંત્રી ઉપર નજર કરી મહાત્મા બોલ્યા.

---

જેમ કે અગ્નિથી ઘટમાં કાંઇક વિશેષતા થાય છે, પરંતુ અગ્નિની નિવૃતિ થતાં ઘટનો મૂળથીજ ઉચ્છેદ થતો નથી. કેવળ કાંઇક વિશેષ છે. તે દુર થઈ જાય છે. જેમકે, સુવર્ણની દ્રવતા તેવી રીતે અહિઆં પણ દેહની નિવૃત્તિ થતાં તત્ પ્રતિબદ્ધજ કાંઇક જ્ઞાન વિશેષ નિવૃત્ત થાય છે. પરંતુ જ્ઞાનનો સમૂળ ઉચ્છેદ થતો નથી. જો દેહનેજ જ્ઞાનનું નિમિત્ત માનશો, તેમજ દેહની વિવૃતિ થયે જ્ઞાનની નિવૃતિ માનશો, તો તો સ્મશાનમાં દેહ ભસ્મ થતાં તો જ્ઞાન નાશ પામે. પરંતુ દેહ વિદ્યમાન છતાં મૃત અવસ્થામાં કેમ હોતું નથી. ?

જો કહો કે પ્રાણ, અપાન પણ જ્ઞાનના હેતુ છે. તેઓના અભાવથી જ્ઞાન રહેતું નથી. તે કહેવું પણ વાસ્તવીક નથી. કારણ કે પ્રાણ, અપાન જ્ઞાનના હેતુ થઇ શકતા નથી. પરંતુ અજ્ઞાનથીજ તેઓની પ્રવૃતિ થાય છે. જુઓ, જ્યારે પ્રાણ અપાન કરનારો મંદ કરવાની ઇચ્છા કરે છે, ત્યારે મંદ થાય છે. અને જ્યારે દીર્ઘની ઇચ્છા કરે છે, ત્યારે દીર્ઘ થાય છે. જો દેહમાત્ર નૈમિત્તિક પ્રાણાપાન હોય, અને પ્રાણાપાન નૈમિત્તિક વિજ્ઞાન હોય, તો તો ઇચ્છાને આધીનપણે

**હે મોહરતિ મંત્રિન્! જીવાદિક પદાર્થોના અભાવનું પ્રતિપાદન કરનારી તારી બુદ્ધિ ખરેખર તારી નરકની ગતિ સૂચવે છે. જરા મનમાં વિચાર તો કર. તું કહે છે કે "જીવાદિક પદાર્થો નથી" આ તારૂં વચન છે કે નથી? જો છે તો અભાવ પ્રતિપાદક પ્રતિજ્ઞાની તને હાનિ થશે. અને જો એ વચન નથી એમ કહીશ તો અસત[1] વસ્તુનો નિષેધ[2]**

---

૧. અસત્ વસ્તુનો નિષેધજ કેમ થાય, કારણ કે જે વસ્તુ વિદ્યમાન હોય તેનોજ વિષેધ થઇ શકે છે. અને જે વસ્તુનો અત્યંત અભાવજ હોય તે વસ્તુનો નિષેધજ થઇ શકે નહિ. માટે બંને વિકલ્પમાંથી એક પણ વિકલ્પ તારાથી સ્વીકારાય તેમ નથી.

૨. જો જીવનો અત્યંત અભાવ હોય તો નિષેધ કોણ કરી શકે. કારણ કે બોલવું, ચાલવું, લેવું, દેવું, ઇત્યાદિક વ્યવહાર જીવ ન હોય તો કોણ કરી શકે; માટે જેનો તું નિષેધ કરે છે તે તું પોતેજ છો. જીવનથી એ તારૂં વચન "મારી મા વાંઝણી છે." એ બરોબર છે.

---

પ્રાણાપાનની પ્રવૃત્તિ થશે નહિ. કારણ કે જેનું નિમિત્ત દેહ છે, એવી જે ઉજ્વલતા તેમજ શ્યામતા, તે ઇચ્છાને આધીન થઇ પ્રવૃત્ત થતી નથી. જો પ્રાણાપાન જ્ઞાનનું નિમિત્ત હોય, તો પ્રાણાપાન મંદ તેમજ દીર્ઘ થવાથી, જ્ઞાન પણ અલ્પ તેમજ વિશેષ થવું જોઇએ. કારણકે જેનું કારણ હીન અથવા અધિક થશે. તેનું કાર્ય પણ હીન અથવા અધિક થશે. જેમ માટીનો પિંડ મોટો અથવા નાનો હશે, તો ઘટ પણ મોટો અથવા નાનો થશે. નહિ તો તે કારણ થશે નહિ.

કરનાર કોણુ છે. તેમ છતાં પણુ તું કહે છે કે આત્મા નથી તે કેવળ તને અજ્ઞાનજ બોલાવે છે. તે અજ્ઞાન તને પરોક્ષ છે, કારણુ કે જો આત્માનો અભાવજ છે તો "નથી" એમ નિષેધ કોણુ કરે. તું કહે છે કે "જીવાદિક પદાર્થો નથી." આ તારૂં વચન છે કે નથી. જો એ વચન છે તો અભાવ પતિપાદકપ્રતિજ્ઞાની તને હાનિ થશે ચિત્ત, વેદના, સંજ્ઞા

---

તમને પણ પ્રાણુાપાન થતો નથી. નિવૃત્ત વિકાર જેમ કે અગ્નિકૃત સુવર્ણમાં દ્રવતા—અનિવૃત્ત વિકાર જેમ કે અગ્નિકૃત કાષ્ટમાં શ્યામતા—વાયુ આદિ જે દોષ છે. તે નિવૃત વિકાર છે. ચિકિત્સા પ્રયોગથી દેખીએ છીએ. જો વાયુ આદિ દોષ પણ અનિવૃત્ત વિકાર હોય તો તો ચિકિત્સા વિફલ થઇ જાય. એમ પણ ન કહેવું કે મરણુની પહેલાં દોષ નિવૃત્ત વિકાર આરંભક છે, અને મરણુ સમયે દોષ અનિવૃત્ત વિકાર આરંભક છે. કારણુ કે એકને એકજ જગાએ નિવૃત્ત, અનિવૃત્તરૂપ બંને વિકાર થઈ શકતા નથી.

હે સિદ્ધપુત્ર! વ્યાધિ બે પ્રકારના છે, એમ લોકમાં પ્રસિદ્ધ છે. એક સાધ્ય, બીજો અસાધ્ય, સાધ્ય વ્યાધિ ચિકિત્સાથી દૂર થઈ જાય છે અસાધ્ય ચિકિત્સાથી દૂર થતો નથી. હવે જુઓ બે પ્રકારના ન્યુન અધિક થવાથી, જ્ઞાન ન્યૂન અધિક થતું નથી. પરંતુ તેથી ઉલટું થતું તો દેખાય છે. કારણુ કે મરણુ અવસ્થામાં પ્રાણુાપાન અધિક થાય છે. તો પણ વિજ્ઞાન ઘટી જાય છે.

જો કહો કે મરણુ અવસ્થામાં વાત પિત્તાદિ દોષથી દેહ

વિજ્ઞાન, ધારણા, બુદ્ધિ, ઇહા, મતિ, વિતર્ક ઇત્યાદિક જીવનાં લક્ષણો છે. તેમજ ચિત્તાદિક જીવના પ્રત્યક્ષ ગુણો છે.

**શંકાઃ—જેમ રક્તાદિક ગુણોના પ્રત્યક્ષ થવાથી ઘટાદિક પદાર્થો પ્રત્યક્ષ થાય છે. તેમ આત્માના ચિત્તાદિક ગુણોના પ્રત્યક્ષ થવાથી આત્મા પણ પ્રત્યક્ષ થવો જોઇએ, પણ પ્રત્યક્ષ થતો નથી. માટે "આત્મા નથી." એમ કહેવું યોગ્ય છે.**

---

વિગુણી થઈ જવાથી પ્રાણાપાનની વૃદ્ધિ થતાં પણ જ્ઞાનની વૃદ્ધિ થતી નથી. તેવીજ રીતે મૃત અવસ્થામાં પણ દેહ વિગુણીભૂત થવાથી ચૈતન્ય નથી. આ પણ તમારૂં કથન અસમીચીન છે. જો એમ થાય તો તો મરી જનારાં પણ જીવતાં થવાં જોઈએ. ॥ **तथाहि "मृतस्यदोषा समी भवंति"** અર્થાત્ મરણ પછી વાત પિતાદિ દોષ રહેતા નથી. અને જવરાદિ વિકાર ન દેખાવાથી દોષોનું અવિદ્યમાનપણું પ્રતિત થાય છે. વળી દોષોનું જે સમપણું છે એજ આરોગ્યતા છે. **तेषांसमत्व मारोग्यं क्षय वृद्धि विपर्ययः"** ॥ ઇતિ વચનાત્.

આરોગ્ય લાભથી દેહને ફરીથી જીવતાં થવું જોઈએ નહિ તો દેહ કારણજ નથી. ચિત્તની સાથે દેહને અન્વય વ્યતિરેક નથી. જો મરેલો જીવતો થાય. તો અમે પણ દેહને કારણ માની લઈએ.

હે સિદ્ધપુત્ર શ્રાવક! આ ફરી જીવતાં થઈ ઉઠવાનો પ્રસંગ તમારો અયુક્ત છે. કારણ કે દોષ તો દેહને વૈગુણ્યે કરીને નિવૃત્ત થઈ ગએલ છે. તો પણ વૈગુણ્યપણાનો પરિણામ નિવૃત્ત થતો નથી. જે-

**સમાધાનઃ**—આત્માના ગુણો ઇંદ્રિયથી જાણી શકાય તેવા નથી. માટે પ્રાણીઓ ચર્મચક્ષુથી આત્માને જોઇ શકે નહિ પણ સિદ્ધ, સર્વજ્ઞ, અને જ્ઞાનસિદ્ધ સાધુઓ આત્માને જોઇ શકે છે. એ કારણથી જીવ છે. એમ સિદ્ધ થાય છે. જો છે તો પુણ્ય પાપ પણ છે. અને પુણ્ય પાપનું ફળ સ્વર્ગ અને નરક; સુખ અને દુઃખ પણ છે.

---

મકે અગ્નિથી કાષ્ટમાં કરાએલો વિકાર, અગ્નિ નિવૃત્ત થયા છતાં પણ તે નિવૃત થતો નથી.

હે મોહરતિ! આ તમારૂં કહેવું અયુક્ત છે. કારણ કે વિકાર પણ બે પ્રકારના છે. એક વિકાર નિવૃત્ત થઇ જાય છે. અને બીજો નિવૃત્ત વ્યાધિ સિદ્ધ છે કે કેમ?

હે મોહરતિ! આ કથન અસત્ છે. તમારા મત પૂર્વક અસાધ્ય વ્યાધિજ થઇ શકે નહિ. વ્યાધિનું અસાધ્યપણું, આયુષ્યના ક્ષણપણાથી થાય છે. કારણ કે જે વ્યાધિમાં વૈદ્યનો યોગ, તથા સમાન ઔષધ છતાં પણ કોઈ મરી જાય છે, અને કોઈ મરતું નથી; અને જે પ્રકૃષ્ટ કર્મોના ઉદયથી ચિત્રાદિ વ્યાધિ છે, તે હજાર ઔષધોથી પણ સાધ્ય થઈ શકતો નથી. આ બંને પ્રકારના વ્યાધિનું સ્વરૂપ પરમેશ્વરના વચન જાણનારાઓના મતમાંજ સિદ્ધ છે. પરંતુ તમારા ભૂતમાત્ર તત્વ વાદિઓના મતમાં સિદ્ધ થઈ શકતું નથી. દોષકૃત વિકાર દૂર કરવામાં વૈદ્યનાં તેમજ સમર્થ ઔષધિના અભાવથી વ્યાધિ વૃદ્ધિમાન્ થઇ જાય છે. ત્યારે તે વ્યાધિ અસાધ્ય થઇ જાય છે. અને તેથી સર્વ આયુષ્યનો અપ્રક્રમ અર્થાત્ ક્ષય તે કરી નાંખે છે. કેટલાએક

માટે કબુદ્ધિએ કલ્પિત આ વાત ત્યાગ કરવા યોગ્ય છે. આવી રીતે મહાત્માનાં વચન સાંભળી જીવાદિકના તત્વને જાણનારા, જેઓની ધર્મમાં બુદ્ધિ થઇ છે. એવા અત્યંત ખુશી થએલા રાજા વિગેરે સભાસદો સિદ્ધપુત્રને વખાણવા લાગ્યા.

હે ધર્મના તત્વને જાણનારા મહાત્મન્! આપના વ-

---

દોષો ઉપશાંત થવાથી અકસ્માત્ મૃત્યુ પામે છે. અને કેટલાએક અત્યંત દુષ્ટ દોષોથી પીડાતાં છતાં પણ મૃત્યુ પામતા નથી. આ વાત તમારા મતમાં સિદ્ધ થઈ શક્તિ નથી. आहच ॥

दोषस्योपशमेप्यस्ति, मरणं कस्यचित् पुनः ॥
जीवनं दोष दुष्टत्वे, ऽप्ये तन्नस्याद् भवन्मते ॥

અમારા મતમાં તો જ્યાં સુધી આયુષ્ય હોય, ત્યાં સુધી દોષોથી પીડાતાં છતાં પણ પ્રાણી જીવતો રહે છે, અને જ્યારે આયુ: ક્ષય થઇ જાય છે, ત્યારે દોષોના વિકાર વિના પણ મૃત્યુ પામે છે. તે કારણથી દેહજ્ઞાનનું નિમિત્ત નથી.

વળી એક સવાલ છે કે, દેહને જે તમે જ્ઞાનનું કારણ માનો છો: તે શું સહકારી કારણ માનો છો? કે ઉપાદાન કારણ માનો છો? જો સહકારી કારણ માનો છો તો તો અમે પણ દેહને ક્ષયોપશમનો હેતુ તો માનીએ છીએ. કથંચિત્ વિજ્ઞાનનો હેતુ માનીએ છીએ. જો ઉપાદાન કારણ માનશો તોતો અયુક્ત છે. ઉપાદાન કારણ તો તે થઇ શકે, જે કારણ વિકારી થતાં કાર્ય પણ વિકારી થઈ જાય. જેમકે મૃતિકા તેમજ ઘટ; અને અહીંઆં તો દેહવિકાર પામતાં છતાંપણ સંવેદન વિકાર પામતો નથી. તેમજ દેહવિકાર પામ્યા વિના

ચન શ્રવણુ કરવાવડે હૃદયમાં ઉગેલા જ્ઞાન રૂપી સૂર્ય, ત-
ત્વના વિચારને આચ્છાદિત કરનારા મોહરૂપી અંધકારને
દૂર કર્યું. શાસ્ત્રમાં કહેલું છે કે,–

**विना गुरुभ्यो गुणनीरधिभ्यो जानाति धर्मं न विचक्षणोऽपि ॥**
**आकर्ण दीर्घोज्वल लोचनोऽपि दीपं विना पश्यति नांधकारे ॥**

**ભાવાર્થઃ**—વિચક્ષણુ પણુ ગુણુના સમુદ્રરૂપ ગુરૂ સિ-
વાય ધર્મને જાણી શકતો નથી. જેમ કાનસૂધી લાંબા ઉ-

---

પણુ ભય શોકાદિથી, સંવેદન વિકાર પામેલો દેખાય છે. તે કારણુથી
દેહ સંવેદનનું યાને જ્ઞાનનુ ઉપાદાન કારણુ થઈ શકતો નથી. **उक्तंच** ॥

**अधिकृत्य हि यद्वस्तु, यःपदार्थो विकार्यते ॥**
**उपादानं न तत्तस्य, युक्तं गोगवयादिवत् ॥**

**અર્થઃ**—જે વસ્તુને લઈ જે પદાર્થમાં વિકાર થાય તે વસ્તુ
તે પદાર્થનું ઉપાદાન કારણુ ન થાય. જેમ ગોનું ઉપાદાન કારણુ ગવય
( રોઝ ) ઘટતું નથી તેમ.

આ કહેવાથી જે કહે છે કે માતા પિતાનું ચૈતન્ય, પુત્રના ચૈ-
તન્યનું ઉપાદાન કારણુ છે, તે પણુ ખંડન થઇ જાય છે. જુઓ,
માતા, પિતા વિકારી થતાં પુત્ર વિકારી થતો નથી. જે જેનું ઉપાદાન
કારણુ છે, તે તે કાર્યથી અભેદ હોય છે. જેમ કે માટી તથા ઘટ જો
માતા, પિતાનાં ચૈતન્ય પુત્રના ચૈતન્યથી અભેદ રૂપ હોય તો તો, પુત્રનું
ચૈતન્ય પણુ માતા પિતાના ચૈતન્યથી અભેદ થવું જોઇએ. તેમ નથી. તેથી
તમારૂં કથન પ્રમાણુ રહિત છે. એ પ્રમાણે સર્વ હેતુ જોતાં ભૂતોનો ધર્મ,
અથવા ભૂતોનું કાર્ય ચૈતન્ય નથી. પરંતુ આત્મા સ્વતઃસિદ્ધ છે.

જ્વલ નેત્રવાળો પણ માણુસ અંધકારમાં રહેલી વસ્તુને દીવા વગર જોઇ શકતો નથી.

આવીરીતે સર્વે સભાસદો જેટલામાં સ્તુતિ કરે છે. તેટલામાં સિદ્ધપુત્ર ઉપર આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ, અને તેની સાથે આકાશ વાણી પણ થઇ. જેમ કે,–

આગળ શ્રી પરમાનંદ કેવલીએ સિદ્ધપુત્ર, ને જીવાદિકના તત્વને જાણુનારા શુદ્ધ પ્રરૂપણા કરનાર અને સત્યવાદી કહેલા છે.

આવાં આકાશવાણીનાં વચન સાંભળી તથા પુષ્પની વૃષ્ટિ જોઈ રૂવાટાં જેમનાં ઊભાં થઈ ગયાં છે એવા સર્વે રાજા વિગેરે કહેવા લાગ્યા કે આ વાત સત્ય છે.

कुर्वन्ति देवा आपि पक्षपातं नरेश्वराःशासनसुद्वहन्ति
शीतीभवन्ति ज्वलनाद्‌यो यत्तत्सत्य वाचाफलमामनन्ति ॥

ભાવાર્થઃ—જે દેવો પણ પક્ષપાત કરે છે રાજાઓ પણ હુકમને ઉઠાવે છે, અગ્નિ વગેરે શીતળ થઇ જાય છે, તે સઘળું સત્ય વાણીનું ફળ છે.

આમ સર્વ લોકો સ્તુતિ કરતા હતા. ત્યારે તે મહાત્મા શત્રુંજય પર્વતની યાત્રા માટે આકાશ માર્ગે ચાલતા થયા, એ સમયમાં નિરૂત્તર કરાએલો, ક્રોધાગ્નિથી જ્વલિત

શરમિંદો થએલો તે મોહરતિ મંત્રી અપમાનના ભયથી સભામાંથી ઉઠી બહાર નીકળી ગામડાઓમાં નાસ્તિક મત ચલાવવા માંડ્યો.

ત્યાં પણ પોતાના આસ્તિક મતવડે નિંદા કરાતો તે મોહરતિ ઘણેક કાળે મૃત્યુ પામી અરણ્યમાં વાનર થયો. તે જન્મમાં પણ અતિ ચપલતાને લીધે અન્ય વાનરોએ મારી નાંખવાથી ચંદ્રપુરમાં નટ થયો. તે શહેરના લોકોએ પૂજા કરાતા તપસ્વીઓને જોઇ પોતે પણ તે તપસ્વી પાસેથી વ્રત ગ્રહણ કરી અત્યંત કઠીન તપ કરી સૌધર્મ દેવલોકમાં અલ્પ સમૃદ્ધિવાળો આભિયોગિક દેવ થયો. તે દેવલોકમાં મહા સમૃદ્ધિવાળા અન્ય દેવોને જોઇ પોતાને ઈર્ષ્યા થઇ કે મારે થોડી સમૃદ્ધિ અને બીજા દેવોને મોટી સમૃદ્ધિ કેમ ! એમ મહા દુઃખથી મૃત્ય પામી ચાંડાલ થયો. રૌદ્ર પરિણામને લીધે દુર્ભાગ્યેી, જ્યાં જાય છે, ત્યાં પરાભવને પામે છે. તેથી પીડા પામતો, પૂર્વ ભવના રહી ગએલા નાસ્તિક વાદના સંસ્કારને લીધે ધર્મની નિંદામાં તત્પર તે ચાંડાલ લાકડાં લેવા માટે વનમાં ગયો. તે વનમાં અત્યંત ઘાટા વૃક્ષની નીચે ધ્યાનમાં બેઠેલા, શાંત, સૌભાગ્યવડે સુંદર એવા કોઈ એક મુનિને જોઇ ચાંડાલ વિચાર કરે છે કે, કોઇ પણ પાખંડીએ આ મુનિને છેતરેલો છે. નહિતર જોવામાં આવતા સુખાદિકનો ત્યાગ કરી નહિ જોવામાં આ-

વતા સ્વર્ગાદિકના સુખને માટે યત્ન શા માટે કરે. આ ચાં-ડાલના વિચારને મનઃપર્યવ જ્ઞાનવડે જાણી મુનિ બોલ્યા કે,–

जाओसिमोहकविरइ नडोभियोगिअसुरोअचंडालो ॥
नाहियवाएणतुमं अद्यविपडिवद्यजिणधम्मम् ॥

ભાવાર્થઃ—હે મોહરતિ મંત્રિન્! નાસ્તિક મતના પરિણામને લીધે તું પ્રથમ વાનર થયો હતો, પછી નટ થયો, પછી આભિયોગિક દેવ થયો, અને હમણા ચાંડાલ થયો છે. માટે હજી પણ આત્માનું કલ્યાણ ઇચ્છતો હો તો જૈન ધર્મને અંગિકાર કર.

આ ગાથાને સાંભળી તેના અર્થનો વિચાર કરે છે. તે-ટલામાં પોતાને જાતિ સ્મરણ જ્ઞાન થવાથી પોતાના પૂર્વ ભવોને જોઇ અત્યંત વિસ્મય પામ્યો. વિચાર કરે છે કે અરે ધર્મ એ ચીજ કેવી છે, અને તેનો પ્રતાપ કેવો છે કે હું દેવ થયો હતો! અધર્મ કેવો ખરાબ છે કે જે અ-ધર્મ વડે હું વાનર નટ અને ચંડાલના ભવોમાં ભટકયો. આમ વિચાર કરતાં તે ચાંડાલને થએલું જાતિસ્મરણ પણ તેના નાસ્તિક પણાના સંસ્કારને લીધે નિષ્ફળ થયું. અને પોતે વિચારવા લાગ્યો કે આ પાખંડી મુનિની પાસે લોકોને લો-ભાવવાનો ડોઇપણ આ ઉપાય લાગે છે. જેથી હું આવી રીતના ભવોને જોઉં છું. નહિતર મને પુણ્ય, પાપ અને

ભવભ્રમણ કેવું હોય; માટે આ પાખંડી મુનિને મારી નાંખું એમ વિચારી જેટલી વારમાં કુવાડો લઇ મારવા દોડે છે, તેટલીવારમાં તે ચાંડાલને કાળોતરો સર્પ કરડવાથી રૌદ્રધ્યાનમાં મરી જઈ પહેલે નરકે ગયો.

આ દષ્ટાંતની સમાપ્તિમાં ગ્રંથકાર કહે છે કે, હે ભવ્ય પ્રાણીઓ આ અનેક નરકાદિકના દુઃખના સ્થાનક રૂપ, આ કુબુદ્ધિ મોહરતિ મંત્રિના નિંદિત ચરિત્રને ધ્યાનમાં લઇ નિરંતર અધમ ચેષ્ટિત છોડી દો.

---

# વિમધ્યમ પુરૂષોનું સ્વરૂપ.

વિમધ્યમ પુરૂષો ધર્મ, અર્થ અને કામ તેઓને એક બીજાને હરકત ન આવે તેમ એક સરખી રીતે સેવે છે ! મોક્ષને તો [1]ગજનિમીલિકા માફક છોડી દીએ છે. પણ મોક્ષની નિંદા કરતા નથી; અને તે લોકો કહે છે કે, જો આપણે ધર્મ કરીશું તો તેના પ્રતાપથી ભવાંતરમાં, સુંદર રૂપવાળા, મહાસમૃદ્ધિવાળા, પુત્ર પૌત્રાદિકના પરિવારવાળા, અને સમગ્ર ક્ષિતિના રાજા આપણે થઇશું. એમ ધારી દાન, શીલ, અને તપમાં તત્પર રહે છે. દુષ્કર ક્રિયા કરે છે.

---

૧. પોતાની મગરૂરીમાં ચાલતો હાથી જેમ આજુબાજુ ચાલતા પ્રાણી ઉપર ધ્યાન આપતો નથી; કેવળ ઉપેક્ષા કરે છે તેમ.

તીર્થાદિકને સેવે છે. અને પરોપકારને ઉત્તમ માને છે. તે વિમધ્યમ પુરૂષોનાં નામ લખી બતાવે છે.

બ્રાહ્મણ, ક્ષત્રીય, વેપારી કણબી, રાજા વિગેરે અને એવા પ્રકારના બીજા પુરૂષો. આ લોક તથા પરલોકને નાશાત્મક માનનારા તે અને જે મોક્ષાભિલાષી, કુશાસ્ત્રને માનનારા, જ્ઞાન ધ્યાન તપમાં કષ્ટ કરનારા, મિથ્યા દૃષ્ટિ પુરૂષો તે સર્વે પણ પરમાર્થ દૃષ્ટિ ન હોવાથી વિમધ્યમ જાણવા. અને ચક્રવર્ત્યાદિ વૈભવના ભોગની ઇચ્છા રાખીને ધર્મ તપશ્ચર્યાદિક કરનારા જે સમકિત દૃષ્ટિ પુરૂષો તે પણ વિમધ્યમ જાણવા.

ઉપર બતાવેલા એ સર્વ વિમધ્યમ પુરૂષો ધર્મની અપેક્ષા રાખે છે. પરલોકથી વિરૂદ્ધ કર્મ કરતા નથી. સ્વર્ગ તથા નરક છે એમ માને છે. પાપથી ભીરૂ હોય છે. અને તેઓ કહે છે કે,–

धर्माज्जन्म कूले शरीरपटूता सौभाग्यमायुर्बलं
धर्मणैव भवन्ति निर्मल यशोविद्यार्थ संपत्तयः ॥
कांताराच्च महाभयाच्च सततं धर्मः परित्रायते
धर्मः सम्यगुपासितो भवति हि स्वर्गापवर्गप्रदः ॥

ભાવાર્થઃ—સારા કુળમાં જન્મ, સુંદર શરીર સૌભાગ્ય, દીર્ઘ આયુષ્ય, શરીરમાં બળ, નિર્મળ યશ, વિદ્યા,

અર્થ સંપત્તિ એ સઘળું ધર્મથી થાય છે. અરણ્યમાં મહાભયથી, સદા બચાવે છે. ધર્મ તે સમ્યક્ ઉપાસના કરવાથી સ્વર્ગ અને મોક્ષને આપનારો થાય છે.

पुंसां शिरोमणीयन्ते धर्मार्जनपरा नराः ॥
आश्रीयन्ते च संपद्भिर्लताभिरिव पादपाः ॥

ભાવાર્થ,—ધર્મનો સંચય કરવામાં તત્પર પુરૂષો, લોકોના શિરોમણી રૂપ થાય છે. જેમ વૃક્ષો લતાઓથી આશ્રિત થાય છે તેમ તે પુરૂષો સંપત્તિથી આશ્રિત થાય છે. આમ માનનારા વિમધ્યમ પુરૂષો જો કે ધર્માર્થિ છે, તો પણ તથાવિધ ધર્મવક્તા ગુરૂ વગર સમ્યક્ ધર્મ સ્વરૂપ જાણતા નથી. કહ્યું છે કે,–

धर्मस्ग दुर्लभो ज्ञाता, साम्यगू वक्ता ततोऽपि च ॥
श्रोता ततोऽपि श्रद्धावान्, कर्त्ता कोऽपि ततः सुधी ॥

ભાવાર્થ,— ધર્મના સ્વરૂપને જાણનારા દુર્લભ છે. તે કરતાં પણ યથાવસ્થિત ધર્મના સ્વરૂપના વકતા દુર્લભ છે. તે કરતાં પણ શ્રદ્ધાળુ શ્રોતા જન દુર્લભ છે. તેમાં પણ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ધ્યાન દઇ રૂડી બુદ્ધિ રાખી ધર્મકર્ત્તા જન અતિ દુર્લભ છે,

એટલા કારણ માટે ધર્માર્થી કેટલાક પ્રાણીઓ લઘુ કર્મવાળા થાય છે; પણ દેવ, ગુરૂ, તથા ધર્મના સ્વરૂપને

સારી રીતે નહિ જાણવાથી યથેચ્છપણાથી વર્તે છે. તેથી ધર્મના શ્રેષ્ટ ફળને સાધી શકતા નથી. જેમ શ્રીપતિ નામનો વણિક. તે વિસ્તરતઃ કહે છે.

---

# કથા ત્રીજી.

જંબુદ્વીપમાં ભરતખંડના મધ્યખંડમાં રહેલી ચંદ્રાવતી નામની નગરીમાં ચંદ્રતિલક નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં મિથ્યાત્વે કરી મૂઢ બુદ્ધિવાળો, જૈન ધર્મને નહિ જાણનાર, ધર્મ કરવાની ઈચ્છાવાળો, સર્વ લોકોમાં માન પામેલો, રાજાને પ્રિય, લક્ષ્મીથી સંપન્ન શ્રીપતિ નામે વણિક્ રહેતો હતો.

તે એક દિવસ પાછલી રાત્રીએ જાગી ઉઠેલો, તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કેઃ-

यांति कालो गलत्यायुर्विभूति रति चंचला ॥
प्रियेषु क्षणिकं प्रेम केयं धर्मेऽवधीरणा ॥

ભાવાર્થઃ—સમય ચાલ્યો જાય છે, આયુષ્યનો ક્ષય થતો જાય છે. સંપત્તિ અતિ ચંચલ છે, પ્રિય વસ્તુ ઉપર પ્રેમ પણ ક્ષણિક છે; માટે ધર્મ કરવામાં ઢીલ કરવી તે યોગ્ય નથી.

તે કારણ માટે મારા કુળને ઉચિત ધર્મ કરૂં, એમ વિચારી યજ્ઞનો પ્રારંભ કર્યો. લાખો પ્રાણીઓને ભોજન કરાવવાનું શરૂ કર્યું; વાવ, કૂવા, તળાવ ખોદાવ્યાં. આવી રીતે બાર વરસ સૂધી લૌકિક ધર્મ કરી, શ્રી તિલક નામના પુત્રને કુટુંબ ભાર સોંપી, રાજાની રજા લઇ, તીર્થ યાત્રા કરવા માટે ઉત્તર દિશામાં ચાલતો થયો.

ત્યારપછી તે શ્રીપતિએ અનેક દેશાંતરોમાં ભમતાં ભમતાં એક દિવસ કોઇ એક અટવીના પ્રદેશમાં વૃક્ષ નીચે પદ્માસના વાળી બેઠેલા, પરબ્રહ્મના ધ્યાન વડે પવિત્ર થએલો છે આત્મા જેનો, એવા તથા મલથી વ્યાપ્ત શરીરવાળા કોઇ એક મહર્ષિને જોયા. જોઇને બોલ્યો કે અમંગલ શરીરવાળા આ મુનિને ધર્મક્રિયા શું કામની ! આવાં શ્રીપતિનાં વચન સાંભળી શત્રુ, મિત્ર, તૃણ, મણિ, લોષ્ટ અને કાંચન વિગેરે જેને સમાન છે એવા તે મુનિ, તેના અનુગ્રહ માટે બોલ્યા કેઃ—

હે શ્રી પતે ! તું પવિત્રતા અને અપવિત્રતા એ બંનેના ખરા સ્વરૂપને જાણતો નથી. કહ્યું છે કેઃ—

शौचमाध्यात्मिकं त्यक्त्वा, भाव शुद्ध्यात्मकं शुभम् ॥
जलादि शौचं यद्दष्टं मूढ विस्मापनं हि तत् ॥

ભાવાર્થઃ—જલાદિકથી થતી શરીરની બાહ્ય પવિ-

ત્રતાને છોડી દઇ ભાવે કરી શુદ્ધ પવિત્રતા તે ઉત્તમ જાણવી. જે જલાદિકથી પવિત્રતા જોવામાં આવે છે; તે મૂઢ લોકોને વિસ્મય પમાડનાર છે.

ब्रह्मचर्येण सत्येन तपसा संयमेन च ॥
शुद्धिराध्यात्मिकी दृष्टा तीर्थं स्नानैर्न तात्विकैः ॥

ભાવાર્થઃ—તત્વેત્તા પુરૂષો, બ્રહ્મચર્ય વડે, સત્ય વચન વડે, તપ વડે, અને સંજમ વડે, દેહની શુદ્ધિ થાય છે, એમ જુએ છે. પણ તીર્થમાં સ્નાન કરવાથી ખરી રીતે દેહની શુદ્ધિ થતી નથી.

ब्रह्मचर्यं ध्रुवं यज्ञं परब्रह्मैक कारणम् ॥
देह शोभा तदर्थं हि त्यज्यते ब्रह्मचारिभिः ॥

ભાવાર્થઃ—પરબ્રહ્મની પ્રાપ્તિના એક કારણ રૂપ બ્રહ્મચર્ય રૂપી યજ્ઞ કરવા માટે બ્રહ્મચારીઓ પોતાના દેહની શોભાને છોડી દીએ છે.

આવાં મુનિએ કહેલાં વચન શ્રવણ કરી શ્રી પતિ વિચાર કરે છે કેઃ—

कोऽप्ययं ननु तत्वज्ञो यःस्वदहेऽपि निःस्पृहः ॥
सर्वं संग परित्यागात्सेवते विजनं वनम् ॥

ભાવાર્થઃ—કોઇ પણ આ મુનિ ખરેખર તત્વજ્ઞાની

લાગે છે કે જે મુનિ પોતાના શરીરમાં પણ સ્પૃહા નહી રાખતાં સર્વ સંગને છોડી વિજન અરણ્યને સેવે છે.

ત્યાર પછી તે વણિક જરા ભવ્ય ભાવને પામી મુનિને કહે છે કે હે મહર્ષે ! આપે કહ્યું કે, અંતરાત્માનું શૌચપણું તેજ ઉત્તમ શૌચ છે. તે યોગ્ય કહ્યું છે; પણ શું કરૂં કે સ્વકુલાચાર છોડી શકતો નથી. મારા અપરાધને ક્ષમા કરજો. એમ કહી આગળ ચાલતો થયો. બાર વર્ષ સુધી તીર્થ યાત્રા કરી પોતાને ઘેર આવ્યો. એમ કરતાં કરતાં વૃદ્ધ થયો એક દિવસે પોતાના પુત્રની વહુએ તથા તેના કહેવાથી પુત્રવડે તિરસ્કાર કરાયેલો તે શ્રીપતિ પોતાના મનમાં વિચાર કરે છે કે, વૃદ્ધપણું પુરૂષને મહાકષ્ટદાયિ છે. કહ્યું છે કે,–

देहो सयणा लच्छी आण महत्तं च बुद्धि विन्नाणम् ॥
वुड्ढत्ते संपत्ते छठाणा जंति पुरिसस्स ॥

ભાવાર્થઃ—દેહ, સ્વજન, લક્ષ્મી, આજ્ઞાનુ મહત્વ બુદ્ધિ અને વિજ્ઞાન એ છ વાના પુરૂષને વૃદ્ધત્વ પ્રાપ્ત થાય ત્યારે નાશ પામે છે.

કેટલેક દિવસે પુત્રની વહુ ઉપર જેને ક્રોધ થયો છે એવો તે શ્રીપતિ વણિક્ મૃત્યુ પામી તેજ નગરમાં કોઇ એક આહીરને ઘેર બકરો થયો. એક દિવસે તેના પુત્રે પિ-

તાના શ્રાદ્ધ માટે તેજ બકરો વેચાતો લીધો. તે બકરો પોતાનું ઘર જોઇ જાતિ સ્મરણ થવાથી પોકાર કરવા લાગ્યો; પણ પુત્રે મારી નાંખ્યો. ફરીથી તે સર્પ થયો. તે સર્પ, આગળના વેરને લીધે પોતાના પુત્રને તથા પુત્રની વહુને કરડ્યો. તે બંને સ્ત્રી પુરૂષ મૃત્યુ પામી જંગલમાં મૃગ તથા મૃગલી થયાં. સર્પ મૃત્યુ પામી તેજ જંગલમાં સિંહ થયો. સિંહે મૃગ તથા મૃગલીને મારી નાંખ્યાં. ફરીથી તે બે તેજ જંગલમા હાથી તથા હાથણી થયાં. તે બંનેને તેજ સિંહે મારી નાખ્યાં. તેજ વનમાં ભિલ્લની જાતિમાં સ્રી પુરૂષ થયાં. તે ભિલ્લ તથા સિંહ પૂર્વના વેરને લીધે એક બીજાને મારવામાં તત્પર થઇ ફર્યા કરે છે.

એક દિવસે વાણીયાના ભવમાં શ્રીપતિએ અરણ્યમાં જે મુનિને જોયા હતા અને જેની નિંદા કરી હતી તેજ મુનિ ફરતાં ફરતાં તે વનમાં આવ્યા. સિંહ તે મુનિને જોઇ મનમાં આનંદિત થઇ નમ્રતા પૂર્વક મુનિની પાસે ગયો. ત્યારે મુનિ બોલ્યા કે હે શ્રીપતે! તુંને સાંભરે છે કે નહિ.

जाओसि सत्थवाहो छागो सप्पो तओअ सिंहोय ॥
मिछ्छत्त मोहमूढो इणिंह पिहु कुण सुजिण धम्मं ॥

ભાવાર્થઃ— મિથ્યાત્વના મોહથી મૂઢ થએલો તું પ્રથમ વાણીઓ હતો, પછી બકરો થયો, સર્પ થયો, અને

હમણાં સિંહ થયો છે, માટે હજી પણ આત્માનું કલ્યાણ કરવું હોય તો ઉત્તમ જૈન ધર્મને આદર.

આ ગાથાને શ્રવણ કરી પૂર્વ ભવ સ્વરૂપનું જ્ઞાન થવાથી પશ્ચાત્ તાપ કરતો કરતો પોતાને નિંદવા લાગ્યો કે, મને ધિક્કાર છે કે જે અજ્ઞાનને લીધે વણિકનો ભવ, બકરાનો ભવ, સર્પનો ભવ, અને સિંહનો ભવ થયો. આ મહાત્માને ધન્ય છે કે જેણે મને પ્રતિબોધ પમાડયો. મેં પૂર્વ ભવમાં જૈન ધર્મ સેવ્યો નહિ કે જેથી મારે આ ભવો ભોગવવા પડયા. હવે આ તિર્યંચના ભવમાં મારાથી શું બની શકે ! આમ પશ્ચાત્ તાપ કરી તે મુનિને નમી દીન મુખ કરી મુનિની પાસે બેઠો છે, તેવામાં ભિક્ષુ તથા તેની સ્ત્રી એ બંને વનમાં ફરતાં ફેરતાં મુનિની પાસે આવ્યાં. ત્યાં શાંત ચિત્તથી બેઠેલા સિંહને જોઇ ભિક્ષુ વિચાર કરે છે કે, આ મહા ક્રૂર સિંહ આ મુનિના પ્રભાવથી શાંત ચિત્તવાળો થયો એ મોટું આશ્ચર્ય છે.

આમ વિચાર કરતાં ભિક્ષુને જોઇ તે સિંહ પૂર્વ વૈરને લીધે ક્રોધાયમાન થઇ મારવા જાય છે તેવામાં મુનિએ કહ્યું કે હે સિંહ તું જાણતો નથી કે આ તારો પુત્ર તથા આ તારા પુત્રની સ્ત્રી છે.

पुत्त बहू सप्प भवे मिअजुअलं मारिअंच सिंह भवे ॥
तत्तोअ हत्थिजुअलं अज्जवि वेरंकि मुव्वहसि ॥

**ભાવાર્થ:**—તેં સર્પના ભવમાં પુત્ર તથા તેની સ્રી એ બંનેને માર્યા. પછી તારો પુત્ર અને પુત્રની સ્ત્રી એ બંને મૃગ તથા મૃગલી થયાં. એ બંનેને તેં સિંહનો ભવ લઇ મારી નાંખ્યાં. ત્યાર પછી તે સ્ત્રી પુરૂષનો હાથણી તથા હાથીનો ભવ થયો. બંનેને પણ તેં સિંહના ભવમાં મારી નાખ્યાં. પાછો તેજ સ્ત્રી પુરૂષનો ભિલ્લનો અવતાર થયો છે. તો હજી સુધી પણ તું વૈર કેમ રાખે છે.

આવી મુનિના મુખથી ગાથા સાંભળી સિંહ શાંત થઇ વિચારવા લાગ્યો કે અરે મેં કેવું નીચ કૃત્ય કર્યું. મેં ત્રણે ભવમાં પુત્ર અને પુત્રીની વહુને મારી નાંખ્યા.

ભિલ્લ તથા તેની સ્ત્રી એ બંને પણ પૂર્વ ભવનું જ્ઞાન થવાથી વિચાર કરે છે કે, જેને જાતિ સ્મરણ થયું છે એવો આ સિંહ મારો પિતા છે. એમ પરસ્પરે પૂર્વ ભવના જ્ઞાનને લીધે પોતાના વૈરને છોડી સર્વે શાંત થયા. થોડી વાર પછી ભિલ્લ બોલ્યો, હે મહર્ષે ! અમારા કોઇ મોટા ભાગ્યનો ઉદય થયો છે કારણ કે આપના વચન શ્રવણ કરવાથી અમારૂં લાંબા વખતનું વૈર નષ્ટ થયું, એટલું બોલી ભિલ્લ સિંહના પગમાં પડયો. અને સિંહને ખમાવ્યો. સિંહ પણ તે સ્ત્રી પુરૂષ ઉપર અત્યંત પ્રસન્ન થયો.

અત્યંત ખેદ પામેલા તેઓને જોઇ મુનિ બોલ્યા, હે

ભદ્રિક જીવો ! તમે જરા પણ ખેદ કરો નહિ. અને જૈન ધર્મને સેવો. આમાં તમારો કંઇ પણ દોષ નથી. કારણ કે આ સંસારજ આવો છે કહ્યું છે કે,—

सव्वे जाया सयणा सव्वे जीवाय परजणा जाया ॥
इक्कक्कस्सजिअस्सउ संसारे संसरं तस्स ॥

ભાવાર્થ:—સંસારમાં ભમતા હરેક જીવને સર્વે જીવો પરજન રૂપે થએલા અને સર્વે જીવો સ્વજન રૂપે થએલા છે.

नसा जाई नासा जोणी नतं ठाणं नतं कुलम् ॥
न जाया न माया जत्थ सव्वे जीवा अनं तसो ॥

ભાવાર્થ:—તેવી કોઇ જાતિ નથી, તેવી કોઈ યોનિ નથી, તેવું કોઇ સ્થાન નથી, તેવું કોઇ કુલ નથી કે જેમાં સર્વે જીવો અનંતવાર ઉત્પન્ન થઇ મૃત્યુ પામ્યા નથી.

આવાં મુનિનાં વચન શ્રવણ કરી ત્રણે જણાં સંસારમાંથી ભયભીત થયા. આવા સમયમાં કેટલાક તાપસ અચાનક ત્યા આવ્યા. તાપસોને જોઈ ભિલ્લ, ભિલ્લડી અને સિંહ એ સર્વે પ્રમુદિત થઇ પૂર્વભવના પરિચયના સંસ્કારને લીધે પ્રણામ કરવા લાગ્યા. ભિલ્લ બોલ્યો કે, હે મહર્ષિઓ, તમે અમારા પૂર્વભવના ગુરૂ છો. અમારાં

કોઇ અહો ભાગ્ય ! કે જેથી આપનાં દર્શન થયાં; માટે અમો કૃતાર્થ થયા છીએ.

ત્યાર પછી મિથ્યાત્વના સંસ્કાર વાળા તેઓને જોઇ મુનિ વિચાર કરે છે કે આ એક આશ્ચર્ય છે. પૂર્વ ભવમાં થએલો દ્દષ્ટિ રાગ તે ભવાંતરમાં પણ જીવોની સાથેજ ફર્યા કરે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે,—

काम राग स्नेह रागो, तत्वज्ञानां न दुस्त्यजौ ॥
एष तेषा मपि प्रायो दृष्टि रागस्तु दुस्त्यजः ॥

**ભાવાર્થ**—તત્ત્વજ્ઞાનિ પુરૂષોને કામ રાગ, અને સ્નેહરાગ, દુસ્ત્યજ્ય નથી. તેઓને પણ ઘણું કરીને આ દ્દષ્ટિ રાગ તો દુસ્ત્યજ થઈ પડે છે.

धर्मार्थिनोऽपि संसारे दृश्यंते बहवो जनाः ॥
धर्म तत्व मपश्यंतो दृष्टिरागविमोहिताः ॥

**ભાવાર્થ**—સંસારમાં ઘણા લોકો ધર્મના અર્થી જોવામાં આવે છે. પણ દ્દષ્ટિરાગમાં મોહ પામવાથી ધર્મના ખરા તત્ત્વને જાણતા નથી.

जगदेकमती कर्तुं न पार्यंते भवतु किमनेन ॥
जिन जैमिनि कणभक्षाक्षपाद बौध कपिल सुरगुरुभिः ॥

**ભાવાર્થ**—જીન, જૈમિનિ ( પૂર્વ મીમાંસાના સૂત્ર

રચનાર ) કણાદ, ( વૈશેષિક શાસ્ત્ર રચનાર ) ગૌતમ ( ન્યાય દર્શન કરનાર ) બૌદ્ધ, કપિલ ( સાંખ્ય શાસ્ત્ર બનાવનાર ) અને બ્રહસ્પતિ એ સર્વે લોકો આખા જગતનો એક મત કરવા માટે સમર્થ ન થયા; તો બીજો કયો માણસ જગતનો એક મત કરી શકે !

આમ વિચાર કરીને મિથ્યાત્વે કરી મૂઢ થએલા તેઓને જોઇ મુનિ ત્યાંથી વિહાર કરી ચાલી ગયા.

મિથ્યાત્વ મતિ સિંહ અનશન કરી મૃત્યુ પામી પ્રથમ સ્વર્ગમાં આભિયોગિક દેવપણાનેપામ્યો. ભિલ્લ તથા તેની સ્ત્રી તાપસવ્રત ગૃહણ કરી અજ્ઞાન વડે તપ કરી પ્રથમ સ્વર્ગમાં આભિયોગિક દેવપણાને પામ્યા. તે સ્વર્ગમાં મોટી ઋદ્ધિવાળા દેવોની ઋદ્ધિ જોઈ "ઉત્તમ મનુષ્ય ભવ પામી આપણે પૂર્વ ભવમાં જૈન ધર્મ ન કર્યો, માટે આપણને ધિક્કાર છે." એમ પોતાની નિંદા કરતા ત્રણેજણ ઘણેક કાળે જીન ધર્મને પામી મોક્ષમાં જશે.

ગ્રંથ કર્ત્તા ભવ્ય જીવોને ભલામણ કરે છે કે હે ભવ્ય જીવો, દષ્ટિરાગથી થતા પરિણામને બતાવનારૂ, લૌકીક આચરણ કરવાની રૂઢીએ કરી વિચિત્ર, આ શ્રીપતિનું ચરિત્ર ધ્યાનમાં લઈ આ સંસારમાં વિમધ્યમ પુરૂષોના જેવું કૃત્ય છોડી દયો.

# મધ્યમ પુરૂષોનું સ્વરૂપ.

મધ્યમ પુરૂષો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થને માનનારા છે. એ ચાર પુરૂષાર્થોમાં એક મોક્ષ રૂપી કાર્યમાં પરમાર્થ જાણી કેવળ મોક્ષનેજ પરમ તત્ત્વપણે માને છે. તોપણ હીન સત્વપણાએ કરી અથવા કાલના પ્રભાવે કરી સ્ત્રી પુત્રાદિકના સ્નેહથી બંધાએલા અને મોહરૂપી બંધનથી બંધાએલા હોય છે.

પરમાર્થને જાણે છે. સંસારમાં રહેલી વસ્તુના અસાર સ્વભાવને જુએ છે, વિષય લુબ્ધ પુરૂષોના થતા કટુ વિપાકને જાણે છે, ઇંદ્રિયોના ઉન્માર્ગ પ્રવર્તકપણાને જાણે છે. તોપણ વિષયોની મધુરતાને લીધે ઇંદ્રિયો અતિ ચપલ હોવાથી, સંસારનો સ્વભાવ દુર્લંઘ્ય હોવાથી, મોક્ષ નિકટ ન હોવાથી, કર્મના પરિણામો અચિંત્ય હોવાથી તે મધ્યમ પુરૂષો મહાપુરૂષોએ સેવેલી દીક્ષાને ગૃહણ કરી શક્તા નથી, અને કેવળ નિરંતર ઘરમાંજ વસે છે.

તે મધ્યમ પુરૂષો કયા તે કહે છે,—સમ્યગ્દૃષ્ટિ જીવા જીવાદિક તત્ત્વને જાણનારા, જીન વચનના રહસ્યને જાણનારા, પોતાની શકિત પ્રમાણે વ્રતને ગૃહણ કરનારા એવા જે શ્રાવક તે મધ્યમ પુરૂષો જાણવા. એમ બીજા પણ પુરૂષો જાણવા. કે જે પુરૂષો સ્વભાવથી ભદ્રિક હોય, સ્વભાવથીજ અંતઃકર-

ણુમાં દયાવાળા હોય, શાન્તિ ( પોતામાં શકિત છતાં પણ પરનો અપરાધ સહન કરવો. ) માર્દવ ( પરનું દુઃખ જોઇ ન શકવું. ) આર્જવ ( કોઇને છેતરવું નહિ. ) એટલાઓથી યુક્ત હોય, જેનું ચિત્ત લોભથી આકુલ વ્યાકુલ ન થતું હોય, દાન આપવામાં સ્વભાવવાળા હોય, તપમાં રૂચિ ધરનારા હોય. અને જેના અંતઃકરણમાં શુભભાવ હોય તેવા પ્રાણીઓ મધ્યમ જાણવા.

ઘણા લોકોને માનવા લાયક તથા પ્રશંસાના પાત્રભુત મોક્ષાભિલાષી તે મધ્યમ પુરૂષો પરલોકમાં દેવપણાને અથવા મનુષ્યપણાને પામે છે. જેમ જિનચંદ્ર કુમારઃ—

---

## કથા ચોથી.

જંબુદ્વીપને વિષે ભરત ક્ષેત્રમાં વિજય નામના નગરમાં સોમચંદ્ર નામે રાજા હતો, ચંદ્રકાન્તા નામે તેની સ્ત્રી હતી. તે નગરમાં ધન એવા નામે એક શેઠ રહેતો હતો. તેને ધનશ્રી નામે સ્ત્રી હતી. તેને પેટ કંઈ પણ સંતાન ન હતું.

એક દિવસે પોતાને કંઇ પણ સંતાન ન હોવાથી તપાયમાન થએલી પોતાની સ્ત્રીને જોઇ તે ધનશ્રેષ્ઠી પોતાના નગરની બહાર રહેલા દેવરમણ નામે ઉદ્યાનમાં જઇ

ત્યાં બિરાજતા મહા પ્રતાપી ચંદ્ર નામના યક્ષની પૂજા કરી હાથ જોડી યક્ષને વિનતિ કરે છે કે હે સ્વામીન્ જો મને પુત્ર થશે તો હું તમને સો પાડા આપીશ, અને મારા સર્વ દ્રવ્ય વડે હું તમારી પૂજા કરીશ. આમ કહી શેઠ પોતાને ઘેર આવ્યો. કાલાંતરે તેની સ્ત્રી ગર્ભવંતી થઇ. તેવા સમયમાં શહેરની બહાર બગીચામાં ચતુર્જ્ઞાની, મહા સમર્થ, ભુવનભાનુ નામના મુનિ સમવસર્યા. તે મુનિને વાંદવા માટે જતા લોકોને જોઇ ધનશ્રેષ્ઠી પણ ત્યાં ગયો. ત્યારે મુનિયે પણ દયામય તથા ધર્મમય એવી ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો.

सव्वजीवहिअंनच्चा सव्वजीव सुहावहम् ॥
सव्वत्तमं दयाधम्मं सव्वन्नूतेण भासए ॥

ભાવાર્થઃ—શ્રી સર્વજ્ઞ ભગવાને, સર્વ જીવોને હિતરૂપ, સર્વ જીવોને સુખકારક એવો દયારૂપી ધર્મ, સર્વ ધર્મોમાં ઉત્તમ કહેલો છે.

दिज्जाहिजोमरंतस्स सागरंतं वसुंधराम् ॥
जीविअं वाविजोदिज्जा जीविअंतु सइच्छइ ॥

ભાવાર્થ,—મરવા પડેલા માણસને જે કોઇ સમુદ્ર પર્યંત પૃથ્વી આપે, અને જે કોઇ જીવીત આપે એ બેમાંથી તે માણસ જીવિતને ઇચ્છે પણ પૃથ્વીને ન ઇચ્છે,

मुखथ्थीहिंकरिअव्वो धम्मोजीव दयामओ ॥
जाइ जीवो अहिंसंतो जओ अमरणं पयम् ॥

ભાવાર્થ,—જો મોક્ષ પામવાની ઇચ્છા હોય તો જીવ દયામય ધર્મ કરવો. જે જીવો હિંસા નથી કરતા તે જીવો મોક્ષપદને પામે છે.

આવી રીતે સર્વોત્તમ દયાધર્મને શ્રવણ કરી ધનશ્રેષ્ટી પ્રતિબોધ પામ્યો અને દયામય મનના પરિણામ થવાથી સમ્યકત્વ મૂલ શ્રાવકના બારવ્રતને પામી પોતાને ઘેર આવ્યો. પોતાના કુટુંબને ધર્મમય કર્યો.

શેઠની સ્ત્રીને નવ માસ પૂર્ણ થયા ત્યારે શુભ દીવસે ઘેર પુત્રનો જન્મ થયો. શેઠે પુત્રનો જન્મોત્સવ કરી યક્ષની માનતા પૂરી કરવા માટે પોતાની ત્રણ લક્ષ સોના મહોરો વડે સુવર્ણમય તથા રત્નમય ત્રણ પુષ્પ કરાવ્યાં. શેઠ પોતાની સ્ત્રીને તથા પોતાના પુત્રને સાથે લઇ સોનાના બનાવેલા ત્રણ પુષ્પને તથા સો પાડાઓને લઇ યક્ષને મંદિરે ગયો. જઇને પાડાઓ દેવને અર્પણ કર્યા અને ત્રણ પુષ્પ વડે યક્ષની પૂજા કરી. પછી[1] નિર્માલ્યના મિષથી યક્ષની ઉપરથી ત્રણે પુષ્પ ઉતારી એક પુષ્પ પોતાના પુત્રના મસ્તક ઉપર મૂક્યું અને બીજું પુષ્પ પોતાના મસ્તક ઉપર મૂક્યું

---

૧ શેષ.

અને ત્રીજું પુષ્પ પોતાની સ્ત્રીના મસ્તક ઉપરમૂકયું. એમ પૂજા કરી શેઠ પોતાને ઘેર આવતો રહ્યો.

આમ કરવાથી અતિ કોપાયમાન થએલો તે યક્ષ રાત્રીમાં પ્રત્યક્ષ થઇ શેઠને કહે છે કે રે મૂર્ખ, તેં મારી પાસે શું આપવા કબુલ કર્યું હતું, અને તેં મને શું આપ્યું.

આવાં યક્ષનાં વચન સાંભળી શેઠ બોલ્યો, હે યક્ષરાજ મેં જે સો પાડા આપવાનું કબુલ કર્યું હતું તે તો મેં તમને આપ્યા, પણ તે પાડાઓને મારીને તમને આપીશ એમ મેં કબુલ કર્યું નથી, માટે જીનધર્મને જાણનાર હું નિરપરાધી તે પાડાઓને કેમ મારૂં. તેમજ મારા ઘરમાં ત્રણ લક્ષ સોના મહોર હતી. તો તેથી મેં તમારી પૂજા પણ કરી અને અમારૂં કલ્યાણ થાય એટલા માટે ત્રણ પુષ્પરૂપી શેષા અમે ગૃહણ કરી એમાં મેં શું ખોટું કર્યું.

આવાં શેઠનાં વચન સાંભળી તે યક્ષરાજ તે શેઠને દયાધર્મમાં નિશ્ચય જાણી શેઠની પ્રશંસા કરીને પોતાને સ્થાને ગયો.

ત્યાર પછી શેઠે પોતાના પુત્રનું નામ જીનચંદ્ર પાડયું. તે કુમાર મોટો થયો ત્યારે સમગ્ર કળામાં કુશળ તથા જીન ધર્મને જાણનાર થયો.

યુવાવસ્થાને પ્રાપ્ત થએલો તે કુમાર એક દિવસે પો-

તાના મિત્રો સાથે રસ્તામાં જતો હતો. ત્યાં કોઇ વડે ભણાતી આ એક ગાથા સાંભળી.

सोलस वरसो पुरिसो लच्छींभुंजेइ जोउजणयस्स ॥
एसोनूणं पुत्तोरिण संबंधेण संपत्तो ॥

ભાવાર્થઃ—સોલ વર્ષનો થએલો પુરૂષ તે પોતાના પિતાની લક્ષ્મીને ભોગવે તો એ પુત્ર ખરેખર પોતાના પિતાનો કરજદાર થાય છે. એમ સમજવું.

આ ગાથા સાંભળી કુમારે વિચાર્યું કે આ માણસવડે ભણાતો શ્લોક યોગ્ય છે. કારણ કે,

तायविढत्तालच्छी नूणं पुत्तस्स होइ साभइणी ॥
होइ परस्स परिथ्थो सयं विढत्ता तओ जुत्ता ॥

ભાવાર્થઃ—પિતાએ[1] વધારેલી લક્ષ્મી તે ખરેખર પુત્રની બેનજ થાય.

( બેન તુલ્ય પિતાની લક્ષ્મી પુત્રવડે કેમ ભોગવાય. ) માટે પોતે મેળવેલી લક્ષ્મી પોતાને ભોગવવા યોગ્ય છે.

આમ વિચારી માતા પિતાની રજા લઇ પોતાના શરીર ઉપર ફક્ત વસ્ત્ર પહેરીને તે કુમાર પોતાના પુણ્યથીજ લક્ષ્મી મેળવવા પરદેશ ચાલી નીકળ્યો. અનેક શહેરો, અ-

---

૧ આ ગાથામાં કાંઇ અપેક્ષા હોવી જોઇએ.

નેક કરબાઓ અનેક ગામડાઓ, અને અનેક બાગ બગીચામા ભમતો ભમતો એક દિવસે તે કુમાર સમુદ્રના તીર ઉપર આવી પહોંચ્યો. ત્યાં કોઇ એક મુસાફર આવ્યો. તે મુસાફર અનેક મોજાંઓની પંક્તિથી આકુલ સમુદ્રને જોઇ બોલ્યો કે,

साहीणा मयरयणो अमरमरोरंच भुवण मकरंतो ॥
उल्लसिरी हिंन लज्जसि लहरीहिं तरंगिणी नाह॥

ભાવાર્થ:—હે સમુદ્ર ! અમૃત અને રત્ન તને સ્વાધીન છે, છતાં તું લોકોને અમર તથા દારિદ્ર રહિત કરતો નથી; અને મોજાંઓને ઉછાળે છે. તો તું જરા પણ કેમ શરમાતો નથી !

આવાં મુસાફરનાં વચન શ્રવણ કરી જીનચંદ્ર બોલ્યો. હે મુસાફર ! પરનાં દૂષણ બતાવવાં એ કંઇ વાણીનું ભૂષણ નથી.

छंदंजो अणुवट्टइ मम्मंरखइ गुणे पयासेइ ॥
सोनिउण माणुसाणं देवाणविवल्लहो होइ ॥

ભાવાર્થ:—પરની ઇચ્છા પ્રમાણે વરતનાર, પરના દૂષણોને ઢાંકનાર, પરના ગુણોને પ્રકાશ કરનાર જે નિપુણ માણુસ છે તે દેવતાઓને પણ પ્રિય થાય છે.

તેટલા માટે તું સમુદ્રના દૂષણ કહેવા યોગ્ય નથી; કારણકે સમુદ્રમાં ગુણો પણ રહેલા છે.

रयण निरंतर भरिओ तह विहुरयणायरस्समज्जाया ॥
तेण जएउवमाणं पढमं जलहीगभीराणम् ॥

ભાવાર્થઃ—સમુદ્ર નિરંતર રત્નોથી ભરપૂર છે તો પણ પોતાની મર્યાદામાં રહે છે. તેથી કરીને જગતમાં ગંભીર પુરૂષોને પ્રથમ સમુદ્રની ઉપમા અપાય છે.

સમુદ્રના ગુણુ દર્શાવનારી આ ગાથાને સાંભળી કોઇ પણ સમુદ્રનો અધિષ્ટાતા દેવ હર્ષ સહિત પ્રત્યક્ષ થઇને કુમારને અમૂલ્ય પાંચ રત્નો આપી અંતર્હિત થયો.

ત્યારપછી કુમાર કોઇએક વહાણુમાં બેસી તારાદ્વીપમાં ગયો. ત્યાં તારાપુરની બહાર ઉદ્યાનમાં રહેલા દેવરમણુ નામના યક્ષના મંદીરમાં તે કુમાર ગયો.

તારાપુરમાં ભુવનશેખર નામે રાજા છે. તેની રૂપરેખા નામની પુત્રી છે. ભુવનતિલક નામના મંત્રીની રૂપનિધિ નામે પુત્રી છે. ભુવનચંદ્ર નામના શેઠની રૂપકલા નામે પુત્રી છે. ભુવનસુંદર નામના વણીકની રૂપરતી નામની પુત્રી છે. ચારે કન્યાઓમાં પરસ્પર પ્રીતિ હોવાથી અન્યોન્ય વિયોગના ભયને લીધે રાત્રિએ રાજભુવનમાં ભેગી થઇ પરસ્પર કહેવા લાગી કે આપણે ચારે જણીઓનો જો એક પતિ થાય તો જીંદગી પર્યંત કોઇનો વિયોગ ન થાય તેટલા માટે કાલ સવારે ગામની બહાર ઉદ્યાનમાં રહેલા

મહા પ્રતાપી યક્ષની પૂજા કરી આપણે વર માગીએ. આમ વિચાર કરી સર્વે કન્યાઓ સૂઇ ગઇ. પ્રાતઃકાલમાં ચારે કન્યાઓ પૂજાનો ઉપસ્કરણ લઈયક્ષના મંદિરમાં આ- વીને ત્યાં બેઠેલા કામદેવ સમાન આકૃતિવાળા એક કુમા- રને જોઈને, વિસ્મયતાને લીધે જેમનાં નેત્રો જરા હસે છે, અને એક બીજાની સામું જોતી ચારે કન્યાઓ તે કુમાર- નુંજ ધ્યાન મનમાં કરી યક્ષની મનના હર્ષ સાથે પૂજા કરી, વિવિધ પ્રકારથી પૂજા કર્યાબાદ આ કુમારજ અમારો પતિ થાય એમ યક્ષની પ્રાર્થના કરી પોતાના રાજ મહે- લમાં ચાલી ગઇ.

તે સ્ત્રીઓનું રૂપ, સૌભાગ્ય, અને ચાતુર્ય જોઇ જેનું મન રંજીત થઇ ગયું છે એવો તે કુમાર ફલાહાર કરી દિ- વસ ગુજારતો રાત્રીએ પણ તેજ યક્ષના મંદિરમાં રહ્યો. મધ્યરાત્રીએ પાંચ રત્નો વડે યક્ષની પૂજા કરી કુમાર સ્તુતિ કરે છે.

तुठेण जेण सिद्धि रिद्धि बुद्धि विअभए भुवणे ॥
सो देव रमण जखो पच्च रको देइ मह सुखम् ॥

ભાવાર્થઃ—જે પ્રસન્ન થવાથી, સર્વ કાર્યની સિદ્ધિ થાય છે, ઘરમાં સમૃદ્ધિ થાય છે, અને સર્વ ભુવનમાં કો- ઈથી પણ ભય થતો નથી. તે દેવરમણ નામના યક્ષ, પ્ર- ત્યક્ષ થઇ મહાસુખ આપનારા થાઓ.

આવી રીતે ભક્તિવડે તથા રત્નની પૂજાવડે પ્રસન્ન થયો છું. તો તને ઇચ્છિત ચાર કન્યાઓ આપું છું, અને અને બીજી જે કંઇ ઇચ્છા હોય તે તું માગ.

યક્ષનાં વચન સાંભળી કુમાર પ્રણામ કરી બોલ્યો. હે સ્વામિન્ ! કોઇ પણ ધારેલું કામ કરવા માટે આપનું સ્મરણ કરૂં તો આપે તે કાર્યમાં સહાયતા કરવી. આવાં વચન શ્રવણ કરી 'તથાસ્તુ' એમ કહી યક્ષ ક્ષણવારમાં કુમારને રાજ ભુવનમાં કુમારના વિયોગથી આકુલિત થએલી તે કન્યાઓની પાસે મુકયો.

આવેલા કુમારને તથા યક્ષને જોઇ તે કન્યાઓ અતિ હર્ષિત થઇ. યક્ષે વિવાહની સઘળી સામગ્રી અર્પણ કરી તે કન્યાઓનો કુમારની સાથે વિવાહ કરી યક્ષ અંતર્હિત થયો. પ્રાતઃકાલ થતાં વિવાહના ચિન્હ વાળી કન્યાઓને જોઈ, વિસ્મય પામેલા રાજા, મંત્રી, શેઠ અને વણિક્ તે સર્વે પોત પોતાની પુત્રી પાસેથી વૃતાંત જાણી આનંદ પામ્યા. રાજાદિકે હાથી, અશ્વ, રત્નાદિકથી સત્કાર કરાએલો કુમાર, કેટલાક સમય સુધી તે નગરીમાં રહ્યો. પોતાની પાસે જે ચાર રત્નો હતાં તે ચાર સ્ત્રીઓને વહેંચી આપ્યાં. ત્યારે તે સ્ત્રીઓએ " આપણા પતિનું આ પ્રીતિનું ચિન્હ છે. " એમ ધારી તે રત્નો પોત પોતાના હારના ચકદાંમાં સ્થાપિત કરી પોતાના શરીરનાં અભૂષણ રૂપ કર્યાં.

ઘણાક દિવસો ગયા ત્યારે કુમારને સ્વદેશમાં રહેલા માતાપિતાદિક સ્વજનોના દર્શનની ઉત્કંઠા થઈ. કારણકેઃ–

जणणीय जम्मभूमी निअचरिअं सुअण दुज्जण विसेसो ॥
मणइठ माणुस्सं पंचविदेशेवि हिअयंमि ॥

**ભાવાર્થ**—પોતાની માતા, પોતાની જન્મભૂમિ, પોતાનું ચરિત્ર, સ્વજન, દુર્જન, અને પોતાને ઇચ્છિત મનુષ્ય, એ પાંચ વ્યક્તિ વિદેશમાં પણ મનુષ્યના હૃદયાં સદા રહે છે.

રાજાદિકવડે સત્કાર કરાએલો તે કુમાર રાજા વિગેરેની રજા લઇ, સ્ત્રી સહીત વહાણમાં બેસી સમુદ્ર માર્ગે ચાલતો થયો. ચાલતાં ચાલતાં રસ્તામાં દૈવયોગથી પોતાનું વહાણ ભાંગ્યું. કુમાર તથા તેની સ્ત્રીઓ સમુદ્રમાં પડ્યાં ત્યારે કુમારની બે ભુજામાં બે બે સ્ત્રીઓ વળગી રહી.

એટલા વખતમાં ચાર હાથણીઓથી યુક્ત એક સમુદ્રનો હાથી ત્યાં આવી સ્ત્રી સહિત તે કુમારને લઈ સમુદ્રના મધ્યમાં રત્નદ્વીપમાં મૂકી ગયો. હાથીના ઉપકારથી આશ્ચર્ય પામેલો કુમાર સમુદ્રના તીર ઉપર ફરે છે. ત્યાં ધ્યાનમાં બેઠેલા કોઇએક મહર્ષિને જોઇ કુમાર સ્તુતિ કરવા લાગ્યો.

धन्यानां त्यक्त संगानां वनवास निषेविणाम् ॥
स्फुरन्ति हृदये येषा महो साम्य महोर्मयः ॥

**ભાવાર્થ:**—જેના હૃદયમાં સમતા રૂપી મોટાં મોજાઓ ઉછળે છે એવા સર્વ સંગને છોડી કેવલ વનવાસ સેવનારા મહાત્માઓને ધન્યવાદ છે.

આમ સ્તુતિ કર્યાબાદ કુમાર પ્રણામ કરી પ્રશ્ન કરે છે કે હે ભગવન્! સમુદ્રના હાથીએ મારા ઉપર આવો ઉત્તમ પ્રકાર કેમ કર્યો હશે ?

મહર્ષિ બોલ્યા. હે કુમાર! તું પૂર્વભવમાં આજ રત્નદ્વીપમાં ભિલ્લ હતો. તું અમારાં વચન શ્રવણ કરવાથી પ્રતિબોધ પામી દયા ધર્મ પાળતો હતો. એક દિવસે ગ્રીષ્મ ઋતુમાં કોઇએક વનને વિષે પાણીની તૃષ્યાથી તથા સૂર્યના તાપથી મૂર્છા પામેલ ચાર હરિણી સહિત એક મૃગને તેં શીત્તલ પાણી છાંટી શાંત કર્યો હતો. હરિણી સહિત તે મૃગ જરા સ્વસ્થ થયો. પણ પાણીની તૃષાને લીધે મૃત્યુ પામી સમુદ્રમાં હાથી થયો. અને જે ચાર હરિણીઓ હતી તે સમુદ્રમાં હાથણીઓ થઈ, માટે પૂર્વભવમાં ઉપકાર કરનાર તને જોઇ પ્રમુદિત થએલા તે હાથીએ તને સમુદ્રની બહાર કહાડી તેં કરેલા ઉપકારનો બદલો વાળ્યો છે.

આ વૃત્તાંત સાંભળી કુમાર મૃગનો મોટો ઉપકાર માની મુનિને પ્રણામ કરી રત્નદ્વિપમાં ગયો. ત્યાં ઘણા રત્નો દીઠાં તેમાંથી પાંચ હજાર રત્નો પોતે લઇ લીધા.

કોઇ એક વણીક સમુદ્રમાં વહાણુ લઈ જતો હતો. તે વહાણુમાં પાણી ખુટી જવાથી પાણી લેવા માટે રત્ન-દ્વિપને તીરે વહાણુ આવ્યું તે વહાણુમાં ભાડુ દઇ ચાર સ્ત્રીઓ સહિત કુમાર ચઢ્યો.

વહાણુનો અધિપતિ જે વણિક હતો. તે વણિકે કુ-મારની ચાર સ્ત્રીઓ તથા રત્નના લોભ વડે રાત્રિના સમ-યમાં જીનચંદ્ર કુમારને સમુદ્રમાં ફેંકી દીધો.

પ્રાતઃકાલમાં કુમારની સ્ત્રીઓ કુમારને નહિ દેખવાથી પોતાના કંઠમાં રહેલા હારને સંતાડી અત્યંત ખેદ કરવા લાગીઓ. વહાણુના અધિપતિએ વિષય ભોગ માટે ઘણો આગ્રહ કર્યો પણ પતિવ્રતાના વ્રતને જાળવનારી તે સ્ત્રીઓ તેને તૃણ બરોબર પણ ન ગણ્યો. ત્યારે અતિ ખિન્ન થએલો અને કોપાયમાન થયેલો તે વણિક ચંદ્રપુરનામના પોતાના નગરમાં આવી તે ચારે સ્ત્રીઓને રાજાને ભેટ ત-રીકે આપી. રાજાવડે સત્કાર કરાએલો તે વણિક કુમારના સર્વ રત્નો લઈ પોતાને ઘેર ગયો.

સુબુદ્ધિ નામના મંત્રીએ રાજાને કહ્યું કે હે! રાજન્ આ સ્ત્રીઓ અત્યંત લજ્જાવાળી હોવાથી કોઇ પણ પુણ્ય-શાળી પુરૂષની કુલાંગના હોય તેમ જણાય છે. માટે તમે આ સ્ત્રીઓ ઉપર કંઇ પણ સાહસ યુક્ત કર્મ કરશો નહિ.

તે સ્ત્રીઓના રૂપ સૌભાગ્યથી મોહિત થએલો રાજા તે ચારે સ્ત્રીઓને પોતાના અંતઃપુરમાં રાખી, તેઓનું સ્વરૂપ જાણવા માટે રાત્રીના સમયમાં પોતે અંતઃપુરની આસપાસ છાનો ઉભ્યો.

હવે કુમારનું શું થયું તે ઉપર જરા લક્ષ દઇએ. વહાણના અધિપતિએ સમુદ્રમાં નાખી દીધેલો જીનચંદ્ર કુમાર તે શુભ દૈવના યોગે કયાંથી પણ મળી આવેલા પાટીયાને પકડી સમુદ્રનાં મોજાંઓથી ઠેલાતો ઠેલાતો ત્રીજે દીવસે ચંદ્રદ્વીપના તીરપર નીકળ્યો. ત્યાં તીરપર બેઠેલા ધ્યાનથી સ્વાધીન મનવાળા કોઇએક મુનિને જોઇ કુમાર ક્ષણવાર ત્યાં બેઠો, થોડીવાર પછી યોગીએ કહ્યું કે હે કુમાર ! તું મારા ભાગ્યથી અહીં આવ્યો છે, મારે એક વિદ્યા સાધવી છે. તેમાં તું પાસે રહેજે. આ વચન સાંભળી કુમારે વિચાર્યું કે—

कृत भूरि परित्राणाः प्राणा यान्ति नृणां स्वयम् ॥
तैश्चेत्परोपकारः स्यात् सुंदरं किमतः परम् ॥

ભાવાર્થઃ—પ્રાણીઓ અનેક ઉપાયોથી પોતાના પ્રાણ બચાવે છે છતાં કોઇક દિવસ પ્રાણ પોતાની મેળે વયાં જાય છે. તો તે પ્રાણોથી જો પરોપકાર થતો હોય તો આ સિવાય ઉત્તમ કાર્ય કયું.

આમ વિચારી યોગીનું વચન કબુલ કરી રાત્રીમાં વિદ્યા સાધતા યોગીની સંનિધિમાં કુમાર રહ્યો. પ્રાતઃકાળમાં સિદ્ધ વિદ્યાવાળા યોગીએ એક રૂપ બદલવાની અને બીજી અદશ્ય થવાની એમ બે અંજન ગુટીકા કુમારને આપી. કુમારતો તે અંજન ગુટિકા લઇ પોતાની સ્ત્રીઓના વિયોગથી ખિન્ન થવાથી સ્ત્રીઓનું નિવાસસ્થાન જાણુવા માટે " તું જયારે મારૂં સ્મરણ કરીશ ત્યારે હું તારી સહાયતા કરીશ, એમ કબુલ કરનારા યક્ષનું મનમાં ધ્યાન કરી સ્તુતિ કરવા લાગ્યો. "

यक्षोऽयं कल्पवृक्षोऽयं चिन्तितार्थं विधौ क्षमः ॥
प्रत्यक्षी भूय मे मंक्षु मनः क्षोभं निरस्यतु ॥

**ભાવાર્થઃ**—કલ્પવૃક્ષ સમાન ધારેલા અર્થને સંપાદન કરવામાં સમર્થ આ યક્ષ તે પ્રત્યક્ષ થઇ તત્કાળ મારા મનઃક્ષોભને દુર કરો. આમ સ્મરણ કરવાથી તરતજ યક્ષ પ્રત્યક્ષ થઇ બોલ્યો કે હે કુમાર ! શા માટે તેં મારૂં સ્મરણ કર્યું.

કુમારે કહ્યું–મહારાજ ! મારી સ્ત્રીઓ કયાં છે, અને તે કેવી સ્થિતિમાં છે. તે આપ કૃપા કરી કહો.

યક્ષ બોલ્યા–હે કુમાર ! તારી સ્ત્રીઓ ચંદ્રાદિત્ય રાજાના અંતઃપુરમાં અખંડ શીલ સહિત રહેલ છે.

કુમારે કહ્યું, આપ કૃપા કરી મને ત્યાં પહોંચાડો.

કુમારનાં વચન શ્રવણ કરી યક્ષ ચંદ્રપુરની બહાર ઉદ્યાનમાં કુમારને મૂકી એક ચિંતામણિ રત્ન આપી અંતર્હિત થયો. કુમાર તો યોગીએ આપેલ અંજન ગુટીકાના પ્રયોગ વડે અદૃશ્ય થઇ, રાત્રીએ અંતઃપુરમાં જઇ જ્યાં રાજા છાનોમાનો ઉભો હતો તેની પાસે ઉભો એટલા વખતમાં રાજાની પુત્રી રૂપરેખા બોલી. હે સખીઓ !

निम्मल कुलंमि जम्मो जुव्वण समओ विदेश पडणं च ॥
पिअ विरहो अइगुरुओ नयाणिमो कज्ज परिणामो ॥

ભાવાર્થઃ—આપણો નિર્મળ કુલમાં જન્મ, યુવાઅવસ્થા, વિદેશમાં નિવાસ, અને પ્રિયનો અત્યંત વિરહ આવી સ્થિતિ છતાં પણ હજુ આ કાર્યનો શું પરિણામ આવશે તે આપણે જાણતા નથી.

ત્યાર પછી મંત્રીની પુત્રી રૂપનિધિ બોલી, હે સખી ! તું જરાપણ ભયભીત થઇશ નહિ; કારણ કે –

रयणायरव्वसुअणा विहिणा विहियाजणोवयारत्थम् ॥
के केवि संति भुवणे जाणमणे वसइ मज्जाया ॥

ભાવાર્થ—વિધાત્રાએ આ ભુવનમાં સમુદ્રની માફક લોકોનો ઉપકાર કરવા માટે કેટલાએક સુજન પુરૂષો બનાવેલા છે, અને કેટલાએક મર્યાદાને જાણનાર તથા મર્યાદામાં રહેનારા પુરૂષો બનાવેલા છે.

શેઠની પુત્રી રૂપકળા બોલી.

धन्नातेच्चिअ पुरिसाजयंमिजीअंचताणसुकयत्थम् ।।
जे मुत्ति रमणिरत्ता विरत्तचित्ता परित्थीसु ।।

ભાવાર્થઃ—જે પુરૂષો મુકિતરૂપી સ્ત્રીમાં આસકત છે, અને જેનું ચિત્ત પરસ્ત્રીઓમાં વિરકત છે, તેજ પુરૂષો લોકોમાં પ્રશંસાપાત્ર થાય છે, તે પુરૂષો જયવંતા વર્તે છે, અને તેજ પુરૂષોનું જીવિતવ્ય સુકૃત થાય છે.

વણીકની પુત્રી રૂપવતી બોલી.

बहु सोचिंतिज्जंतं आवइपडिआणकुलपसूआणम् ।।
मरणं विणा न सरणं रमणीणं रमण विरहेण ।।

ભાવાર્થઃ—ઘણો વિચાર કરનારી, આપત્તિમાં પડેલી, સુંદર કુળમાં ઉત્પન્ન થએલી સ્ત્રીઓને પતિનો વિરહ થવાથી મરણ સિવાય બીજું કંઇ શરણ નથી. આવી રીતે તે ચાર સ્ત્રીઓની ચાર ગાથા સાંભળી રાજાએ વિચાર્યું કે મારા મંત્રિએ મને પ્રથમજ કહેલુ હતું કે " આ કોઇ કુલાંગનાઓ છે. " તે વચન સત્ય છે. અને તેના કહેવા પ્રમાણેજ આ સ્ત્રીઓ જોવામાં આવે છે, આમ વિચાર કરી રાજા શરમાઈ પોતાને સ્થાનકે ગયો.

કુમાર પણ તેઓના વચન શ્રવણ કરવાથી આનંદ

પામી. "હવે પછી પ્રાતઃકાલમાં શું હકીકત બનશે." તે આશ્ચર્ય જોવા માટે ત્યાંથી ઉદ્યાનમાં ગયો.

ત્યાર પછી સવારમાં રાજાએ સભામાં તે ત્યારે સ્ત્રીઓને બોલાવી પૂછયું કે તમો કોણ છો, તમારા પતિનું નામ શું ? અને તમે કોની પુત્રી છો. આમ રાજાએ પૂછયું; પણ તેઓ લજ્જાને લીધે કંઇ બોલી નહિ. ત્યારે રાજાએ જેણે પોતાને આ સ્ત્રીઓ ભેટ તરીકે આપી હતી, તે વણિકને બોલાવી પૂછયું. આ સ્ત્રીઓ કોણ છે ? અને તું કયાંથી લઇ આવ્યો છે ?

વણિક્ બોલ્યો—હે રાજન આપને ભેટ આપવા માટે મેં આ સ્ત્રીઓ દેશાંતરમાંથી વેચાતી લીધી છે.

મંત્રીએ કહ્યું આ વાત અત્યંત અસંભતિ છે. આટલા વખતમાં કુમાર ગુટીકાના પ્રયોગથી પોતાનું રૂપ ફેરવી સભામાં આવી બોલ્યો.

लात्वा पंच सहस्राणि रत्नानां वारिधौ पतिः ॥
येनासां लोभतः :क्षिप्तः ससर्वं कथयिष्यति ॥

ભાવાર્થ:—જેણે પાંચ હજાર રત્નો લઇ લોભને લીધે આ સ્ત્રીઓનો પતિ સમુદ્રમાં ફેંકી દીધો, તે સર્વ હકીકત કહેશે.

આ વચન સાંભળી રાજા વગેરે સર્વ સભાસદો અ-ત્યંત વિસ્મય પામ્યા અને તે ચાર સ્ત્રીઓએ પણ સ્વરવડે તેને ઓળખ્યો, પણ આકૃતિ જુદી હોવાથી વિસ્મય પામી મૌન રહી. આમાં ખરી વાત શું છે તે કોઇ જાણતું નથી, વણિક તો નીચું મુખ કરી ઉભો રહ્યો.

રાજાએ કહ્યું આમાં કોઈ પણ ખરી વાત જાણતા હો તો બોલો. આમ કહેવાથી પણ જ્યારે કોઇ બોલ્યું નહિ ત્યારે મંત્રિએ કહ્યું કે જેણે આ શ્લોક કહ્યો છે તે પુરૂષ સર્વ હકીકત કહેશે. પછી રાજાએ તે પુરૂષને ઘણો આગ્રહ કર્યો ત્યારે કુમારે કહ્યું કે આ વણિકને અભયદાન આપવાનું કબુલ કરો એટલે સર્વ હકીકત કહું. રાજાએ તે કબુલ કર્યું. કુમારે સર્વ હકીકત સભામાં કહી બતાવી.

આ હકીકત સાંભળી રાજાએ વણિક પાસેથી પાંચ હ-જાર રત્નો કુમારને પાછા અપાવી તે વણિકને પોતાના દેશ-માંથી કાઢી મૂક્યો. અને તે સ્ત્રીઓ કુમારને અર્પણ કરી પણ જુદી આકૃતિ હોવાથી સ્ત્રીઓ કુમારને ન ઇચ્છવા લાગી ત્યારે કુમારે તેઓના મનઃખેદને જાણી પોતાનું સ્વા ભાવિક રૂપ કર્યું. પૂર્વની આકૃતિવાળા તે કુમારને જોઇ તે સ્ત્રીઓ અત્યન્ત હર્ષીત થઇ.

કુમારના આવા ઉત્તમ ગુણોથી રંજીત થએલા

રાજાએ સત્કારપૂર્વક કુમારને પોતાની પાસે રાખ્યો. એમ ઘણોક સમય વ્યતિત થયો, ત્યારે માતા પિતાના વિયોગનું દુઃખ ન સહન થવાથી રાજાની રજા લઇ પોતાની ચાર સ્ત્રીઓ સહિત અનેક કિંકરોથી યુકત, ચિંતામણી રત્નના પ્રતાપથી જેની સર્વ ઇચ્છા પરિપૂર્ણ થએલી છે એવા કુમારે મોટા ઉત્સવ પૂર્વક પોતાના પુરમાં જઈ માતા પિતાને હર્ષયુકત કર્યા. એક દિવસે ચતુરજ્ઞાની ભુવનભાનુ નામના મુનિ પધાર્યા. સર્વ લોકો વાંદવા માટે જાય છે. જીનચંદ્ર કુમાર પણ પોતાની સ્ત્રી સહિત પિતાની સાથે વાંદવા માટે ગયો.

आउखयं चेव अबुझमाणे ममाइंसे साहसकारिमंदे ॥
अहो अराओ परितप्पमाणे अठे समूढे अजरामरव्व ॥

**ભાવાર્થ:**—પોતાના આયુષ્યના ક્ષયને નહી જાણનાર, સર્વ વસ્તુઓમાં મમતા કરવાથી સાહસ કરનાર અને અનેક દુઃખોથી પરિતાપ પામતો મૂર્ખ માણસ પોતાના શરીરને અજર અને અમર માની અર્થમાં અત્યંત મૂઢ થઇ વર્તે છે એ મોટું આશ્ચર્ય છે.

संबुझमाणेउ नरे मईमं पावाउ अप्पाण निअट्टइज्जा ॥
हिंसप्पसूयाइं दुहाइंमंता वेराणु बंधीणि महभयाणि ॥

**ભાવાર્થ:**—હિંસા અને પિશુનતા ( ચાડીયાપણું ) હિક તે અતિ ભયજનક છે, અને અન્યોન્ય વૈરને બાંધનારા

છે. અને દુઃખ આપનારાં એમ જાણી મનુષ્યે પોતાના આત્માને પાપથી અટકાવવો.

આવી મુનિની દેશના શ્રવણ કરવાથી ઘણા લોકોને સર્વ વિરતી તથા દેશ વિરતિનો લાભ થયો. કુમાર તો હીન સત્વને લીધે સર્વ વિરતિનો અનાદર કરી સમ્યકત્વ મૂલ બારવ્રતને ગ્રહણ કરી પોતાને ઘેર આવ્યો.

ઘણેક કાળે પોતાના પિતા ઉપરથી સાંસારિક ભાર ઉતારી લીધો. ચિંતામણી રત્નના પ્રભાવથી જેની સર્વ ઇચ્છાઓ પરિપૂર્ણ થતી જાય છે, એવા તે કુમારે પોતાની ઉપર રાજાની કૃપા હોવાથી સર્વ જગાએ અભયદાનમાં પ્રવૃત્તિ કરી અને આ પૃથ્વીને જીન ચૈત્યોથી મંડિત કરી. વીધિપૂર્વક દાન આપવાવડે સત્પાત્રોને પ્રસન્ન કર્યા. અભયદાન આપવાથી દીન તથા અનાથ લોકોને કૃતાર્થ કર્યા. દેવ, ગુરૂ અને સાધર્મિક જનની ભકિત કરનાર કુમાર તે આવી રીતે સર્વ જગ્યોએ પરોપકાર કરવા લાગ્યો.

મિથ્યાદષ્ટિ પુરૂષોએ પોતાના ધર્મમાંથી ચલાયમાન નહિ કરી શકાએલો કુમાર ગૃહસ્થના ધર્મને ઉચિત પ્રવૃત્તિ કરીને, છેવટે બાર પ્રકારની આરાધના કરીને પોતાના ઘરમાં અનશન કરી શુભ ધ્યાનવડે સમાધિમાં મૃત્યુ પામી દ્વાદશ કલ્પમાં ઇન્દ્ર સમાન દેવ થયો. એમ અનુક્રમે મહાવિદેહમાં મોક્ષે જાશે.

ગ્રંથકર્ત્તા ભવ્ય લોકોને કહે છે કે,–હે ભવ્ય જીવો! ત્રણે લોકના પ્રાણીઓના મનને આશ્ચર્ય જનક, ચાર પ્રકારના ધર્મનું પ્રતિપાદન કરવાથી અતિ પવિત્ર એવું જીન ચંદ્ર કુમારનું ચરિત્ર શ્રવણ કરી મધ્યમ પુરૂષોના જેવું કૃત્ય કરવામાં તત્પર થાઓ.

---

# ઉત્તમ પુરૂષોનું સ્વરૂપ.

ઉત્તમ પુરૂષો ચારે પુરૂષાર્થો માને છે પણ પરમ પુરૂષાર્થ એક મોક્ષજ છે, એમ સ્વીકારી એક મોક્ષમાંજ ધ્યાન આપે છે. ત્રણે ભુવનમાં અતિ વિશાલ મોહરૂપી જાલને છેદનારા, વિષયરૂપી ઘરને ભાંગી નાખનારા, સર્વે પ્રાણીઓમાં સદા નિવાસને લીધે જામી ગએલા, અને લોકોના વિવેકને આચ્છાદિત કરવામાં અતિ સમર્થ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર, સમગ્ર પ્રાણીઓના હૃદયમાં શલ્યરૂપ, રાગદ્વેષ રૂપી મોટા મલ્લના કંઠમાં હાથ નાખી ઠેલનારા, સઘળા સુખને નાશ કરનાર સ્નેહરૂપી પાશલાઓને કાપી નાખનારા, આખા જગત્‌ને બાળવામાં અતિ પ્રબળ ક્રોધરૂપી અગ્નિને શાંત કરનારા, વિનયમાં રહેનારી પોતાની ચિત્તવૃત્તિને ભાંગી નાખવાથી દુર્ધર એવા માનરૂપી પર્વતનો ચૂરેચૂરો કરી નાખનારા, જગતને

છેતરવાનો ઉપાય હોવાથી અતિ ગહન, માયારૂપી વેલાઓના વનને મૂળમાંથી ઉખેડી નાખનારા, સમગ્ર દોષરૂપી મગરમચ્છની ખાણુભૂત લોભરૂપી મહા સમુદ્રને ઉલ્લંઘન કરનારા, કુમાર્ગમાં પ્રવૃત્તિ કરનારા દુષ્ટ ઇન્દ્રિયો રૂપી ઘોડાઓને વશ્ય કરનારા, વિષયના ભોગની તૃષ્ણાને નહિ વશ્ય થએલા, પરિષહરૂપી મોટા યોદ્ધાઓથી નહિ જીતાએલા, મહા ભયંકર ઉપસર્ગવડે નહિ ખંડિત થએલા, સ્ત્રીઓના વિલાસોથી અતિ દૂર રહેનારા, નિન્દિત પરિચય વાળા લોકોની સંગત નહિ કરનારા, અસંયમથી દૂર રહેનારા, પરમાર્થને જાણુનારા, કુધર્મને નહિ સેવનારા, આવા પ્રકારના ઉત્તમ પુરૂષો તે લાંબા વખત સુધી નહિ રહેનારા, સંસારના સુખને છોડી સંસારના બંધનને નહિ ગણુકારી, કર્મના પરિણામ રૂપ સ્ત્રી પુત્રાદિકના સંબંધનો તિરસ્કાર કરી, અતિ નિકટ રહેલા મોક્ષમાં ભાવ હોવાથી મહા પુરૂષોએ સેવેલી, સર્વ દુ:ખની નિર્જરાના કારણુભૂત, અતિ ક્રૂર કર્મ કરનારા લોકોના મનને તો અત્યંત દુષ્કર એવી દીક્ષાને અંગીકાર કરે છે.

તેવા ઉત્તમ પુરૂષો તો સાધુઓ સમજવા કે જે સાધુઓ તપ, સંયમ, અને શુભ અધ્યવસાયમાં સાવધાન રહે છે. અને અનેક લબ્ધિના નીધિ રૂપ છે. જેમ માહેંદ્ર નામે રાજા તથા તેનો પરિવાર.

# કથા પાંચમી.

જંબુદ્વીપમાં ભરતક્ષેત્રને વિષે અયોધ્યા નગરીમાં ઇક્ષ્વાકુ કુળને વિષે અલંકારભૂત સુરપતિ નામે રાજા અને સુર સુંદરી નામે તેની સ્રી હતી. તે બન્નેનો મહેન્દ્ર નામે પુત્ર હતો. તેણે એક દિવસે પોતાના મિત્ર ગુણસાગર મંત્રિના પુત્ર ગુણસુંદરને કહ્યું કે, હે મિત્ર! અનેક આશ્ચર્યોથી સુંદર પૃથ્વીને જોવા માટે મારૂં મન ઉત્સાહ કરે છે. કારણ કે,–

दीसइ विविहच्चरिअं जाणिज्जइसुअणदुज्जण विसेसो ॥
अप्पाणं च कलिज्जइ हिंडिज्जइ तेण पुहवीए ॥

ભાવાર્થઃ—જે પુરૂષો પૃથ્વીમાં ફરે છે તે પુરૂષો અનેક પ્રકારના ચરિત્રને દેખે છે. સુજન અને દુર્જન વિશેષને જાણે છે, અને પોતાના આત્માની ખબર પડે છે, આમ સાંભળી મંત્રિપુત્ર બોલ્યો, હે મિત્ર! તમે યોગ્ય કહ્યું.

वत्थुविसेस निरखण विअखणो होइ सो नरो नूणम् ॥
आहिंडिऊणदिठा बहु रयणा जेणिमा पुहवी ॥

જે પુરૂષ ભ્રમણ કરી અનેક રત્નોવાળી પૃથ્વીને જૂએ છે તે પુરૂષ ખરેખર અનેક વસ્તુઓ જોવાથી વિચક્ષણ થાય છે.

આવા મંત્રિપુત્રના વચન શ્રવણ કરવાથી ઉત્સાહિત થએલો તે કુમાર પોતાના વિયોગને નહિ સહન કરનારા માતાપિતાની રજા લીધા વગર પ્રીતિનાં પાત્ર રૂપ તે મિત્રની સાથેજ પૃથ્વીનું નિરીક્ષણ કરવા માટે રાત્રીમાં ચાલી નીકળ્યો. પુર, ગ્રામ, વન, પર્વતાદિકને જોતો જોતો અવંતીપુરીની નિકટ પ્રાપ્ત થએલા રાજપુત્રે અસ્ત પામતા સૂર્યને જોઈને કહ્યું.

उवणं भुवणक्कमणं अत्थमणं चेवएगदिवसंपि ॥
सूरस्सवि तिन्निदसा कागणणा इअर लोगस्स ॥

ભાવાર્થ:—ઉગવું, ભુવનમાં ભમવું અને અસ્ત થવો એવી રીતે સૂર્યની પણ એક દિવસમાં ત્રણે દશા થાય છે. તો ઇતર લોકની શી ગણતરી. ત્યારપછી ઉદયાચલ ઉપર ચંદ્રનો ઉદય જોઇ મંત્રિપુત્ર બોલ્યો.

चंदस्स खओ नहु तारयाण रिद्धिवि तस्स नहु तारयाण ॥
गुरु आण चडण पडणं कागणणा निच्चपडियाण ॥

ભાવાર્થ:—ચંદ્રનો ક્ષય થાય છે. પણ તારાઓનો ક્ષય થતો નથી. ઋદ્ધિ પણ ચંદ્રને છે, તારાઓને ઋદ્ધિ નથી હોતી; માટે ચડવું અને પડવું એ મોટા પુરૂષોને છે તો નીચના પડવાની ગણતરી શું.

એવી રીતે અનેકધા અન્યોક્તિ પૂર્વક વચનની યુક્તિ-

થી વાતો વિનોદ કરી સાયંકાલના સમયમાં ગામની પાસે રહેલ દેવમંદિરમાં તે બે ગયા. ત્યાં રૂપ સૌભાગ્યથી સંપન્ન કોઈ એક યોગીની આવી. તે યોગીની, ઉત્તમ મર્યાદાનું પાલન કરવામાં સમુદ્ર સમાન, જરા નીચું મુખ રાખી બેઠેલ તે મહેન્દ્ર કુમારને જોઇ બોલી.

दिन्न दरिद्दा परवसण दुब्बला अयसरक्खण समत्था ॥
जेए आरिस पुरिसा धरणि धरंती कयत्थासि ॥

ભાવાર્થઃ—દીન, દરિદ્ર અને પારકાના દુઃખને જોવાથી દુબળા થએલા પોતાના આત્માનું અપયશથી રક્ષણ કરવામાં સમર્થ એવા ઉત્તમ પુરૂષોને ધારણ કરનારી હે પૃથ્વી ! તું ખરેખર કૃતાર્થ છે.

ત્યારબાદ દેવને નમસ્કાર કરી કામદેવ સમાન આકૃતિવાળા તે કુમારને જોઇ તે બોલી કે,—

जाहवइ पुरिसदोसं दोसेदट्ठणहिअइ पुरिसाणम् ॥
साझत्ति रयणमाला वरमाला ठवउतुह कंठे ॥

ભાવાર્થઃ- પુરૂષોના દોષોને પોતાના હૃદયમાં જોઇ જે પુરૂષદ્વેષિણી છે તે રત્નમાળા, તારા કંઠમાં વરમાલાને સત્વર સ્થાપન કરો.

આમ શ્રવણ કરી ગુણસુંદર પ્રણામ કરી બોલ્યો, હે

ભગવતિ ! તે રત્નમાલા ક્યાં છે ? કોની પુત્રી છે ? અને તેને પુરૂષો ઉપર દ્વેષ થવાનું કારણ શું ? તે યોગિની બોલી સમુદ્રના મધ્યમાં સાતસેં યોજન વિસ્તૃત સિંહલ નામે દ્વીપ છે કે જે દ્વીપમાં સર્વ જળમાં મોતી રહેલાં છે. હરેક સ્થાનમાં રત્નો રહેલાં છે. હરેક વનમાં હસ્તિઓ રહેલાં છે, હરેક ઘરમાં બત્રીશ લક્ષણ સંયુક્ત પુરૂષો રહેલા છે, અને હરેક ઘરમાં પદ્મિની સ્ત્રીઓ છે. તેવા સિંહલદ્વીપમાં લંકા નામની નગરી છે. તે નગરીમાં કમલકીર્તિ નામે રાજા છે, અને તેની કમલાવતી રાણી છે, તેની સ્ત્રીઓના ગુણોથી અતિ ભૂષિત રત્નમાળા નામે પુત્રી છે, તે પુત્રી ઉદ્વાહ યોગ્ય અવસ્થાને પ્રાપ્ત થઈ છે, પણ તે અહર્નિશ આ ગાથાનું પઠન કરે છે. જેમ કે,—

परंरमणि रत्तचित्ता अवित्ता हुंति केविका पुरिसा ॥
तेण कुमारी कन्ना धन्ना इह जीव लोगंमि ॥

ભાવાર્થ:—પોતાની સ્રીને છોડી પરસ્રીમાં આસકત ચિત્તવાળા થએલા કેટલાએક નીચ પુરૂષો ધનહીન થઇ જાય છે; તો તેટલા માટે આ લોકમાં તેવા પુરૂષોનું પાણિગ્રહણ ન કરી કુંવારી રહેલી કન્યાઓને ધન્ય છે. આટલું કહી યોગિની ગગન માર્ગે ચાલતી થઈ. કન્યાનું સ્વરૂપ શ્રવણ કરવાથી કુમાર કન્યામાં અતિ અનુરાગી

થયો. તોપણ પોતાના ગાંભીર્યવડે તેવી ચેષ્ટાઓને અને તેવા આકારને છુપાવવા લાગ્યો, પણ મંત્રિપુત્ર તેના હૃદયની વાત સર્વ જાણી વિચાર કરે છે કે,—

संतः सच्चरितोदय व्यसनिनः प्रादुर्भवद्यंत्रणाः
सर्वत्रैव जनापवाद चकिता जीवन्ति दुखं सदा॥
अव्युत्पन्नमतिः कृतेन न सता नैवासता व्याकुलः॥
कार्या कार्य विचारणांधबधिरो धन्यो जनः प्राकृतः॥

ભાવાર્થઃ—પોતાના શુભ ચરિત્રનો ઉદય કરવામાં વ્યસન રાખનારા, લજ્જારૂપી ઉત્તમ મર્યાદામાં રહેનારા, સર્વત્ર લોકાપવાદથી ભયભીત થતા સત્ પુરૂષો સદા દુઃખે કરી જીવે છે, માટે સારા નરસાં કાર્યો કરવાથી આકુલ વ્યાકુલ નહિ થતાં કાર્યાકાર્યનો વિચાર કરવામાં અંધ અને બધિર, પૂર્વાપર વિચાર નહિ કરનારા પ્રાકૃત જનને ધન્ય છે.

આમ વિચાર કરી મંત્રિપુત્ર કહે છે હે મિત્ર ! જો આપની ઇચ્છા હોય તો જયાં રત્નમાળા છે, ત્યાં આપણે જઇએ, અને કૌતક જોઇએ. આમ બંને જણ વિચાર કરે છે.

ત્યાર પછી ગગન માર્ગે ગએલી યોગીની લંકા નગરીમાં જઇ રત્નમાળાની પાસે કુમારના સ્વરૂપનું વર્ણન કરવા લાગી તે રત્નમાળા પણ તેના રૂપાદિકનું શ્રવણ કરવાથી પ્રમુદિત થઈ, અને ચિત્તમાં કુમારનુંજ ધ્યાન ધ-

રવા લાગી. રત્નમાળાની પાસે સખી થઇને રહેલી, રત્નમંજરી રત્નપ્રભા અને રત્નવતી નામે ત્રણ રાજકન્યાઓ સ્નેહને લીધે રત્નમાળાને કહે છે કે હે સખિ ! અનેક ગુણશાળી જે પતિ તને અભીષ્ટ છે તો અમારો પણ તેજ પતિ થાઓ. એમ પરસ્પર સલાહ કરી ચારે કન્યાઓ આકાશગમન વિદ્યાના બળવડે અવંતી પુરીની બહાર રહેલા દેવમંદિરમાં પ્રાપ્ત થઇ. ત્યાં પુજારીએ આપેલી ઉત્તમ શય્યામાં મિત્ર સહિત સૂનેલા ભવ્યાકૃતિશાળી કુમારને જોઇ આનંદ સહવર્તમાન ચારે કન્યાઓ ત્યાંથી સમિત્ર કુમારને શય્યા સહિત ઉપાડી ગગન માર્ગે કરી લંકા નગરીના ઉપવનમાં આવી શય્યા સહિત તેને ત્યાં મૂકી પોતે એક તરફ ઉભી રહી.

થોડીવાર પછી પ્રથમ જાગેલો કુમાર સર્વ ઉપવનાદિક વસ્તુને કોઈ જુદા પ્રકારની જોઇ વિસ્મય પામવાથી પોતાના મિત્રને જગાડી બોલ્યો કે મિત્ર ! આ સર્વ જુદા પ્રકારનું જોવામાં આવે છે. રાત્રીએ જ્યાં સુતા હતા, તે આ જગો નથી, દેવનું મંદિર નથી, આ ઉપવન પણ જુદાજ પ્રકારનું જોવામાં આવે છે. માટે આશું થયું. !

આમ ભયભીત બની ગયેલા બેઉ જણાને જોઇ ચારે કન્યાઓ પ્રણામ કરી બોલી કે તમે બીશો નહિ. અમે રત્નમાલા પ્રમુખ રાજકન્યાઓ છીએ. યોગિનીના મુખથી આપના ગુણો શ્રવણ કરવાથી ઉત્સુક થએલી અમે ત્યાંથી

બેઉ જણાને ઉપાડી આકાશ માર્ગે આ લંકા નગરીના ઉપવનમાં લઇ આવી આપની સેવા કરવા માટે ઉભેલ છીએ. આ વચન શ્રવણ કરી મંત્રિપુત્રે કહ્યું હે મિત્ર! આપણને આ સર્વ યત્ન વગર ઉપસ્થિત થયું છે.

કુમારે કહ્યું કે મિત્ર—

अंबयफलं सुपक्कं सिढिल बीटं समुद्धडो पवणो ॥
साहामल्हणसीला नयाणिमो कज्ज परिणामो ॥

**ભાવાર્થ:**—આંબાનું ફળ અતિ પાકી ગયું છે, ડીટીયું શીથીલ થઇ ગયું છે, વાયુ ઝપાટાબંધ વાય છે, અને શાખા પણ અતિ કંપાયમાન છે તો પણ કાર્યનો શું પરિણામ આવશે તે જાણી શકાતું નથી.

આવી રીતે બોલી કુમાર અને મંત્રિપુત્ર પોતાના પલંગમાં સૂઇ ગયા. કુમારે કહેલી ગાથાને સાંભળી ચારે કન્યાઓ પરસ્પર બોલવા લાગી કે કાર્યનો પરિણામ હજી શું સંદિગ્ધ છે કે જેથી કુમારે એમ કહ્યું. શાસ્ત્રમાં કહ્યુ છે કે,—

कार्यं प्रवृत्तौ यदुदार चेतसां प्रमाणमंतः करण प्रवृत्तय॥

હરેક કાર્યમાં પ્રવૃત્તિ કરવા વિષે ઉદાર ચિત્તવાળા પુરૂષોના અંતઃકરણની પ્રવૃત્તિ પ્રમાણભુત છે; માટે કોઇ

જાતનો ઉદ્યમ કરવો એમ વિચારી ચારે કુમારિકાઓ પલં-
ગના ચારે પાયે ઉભી રહી.

હવે એવા સમયમાં વૈતાઢય પર્વત ઉપર સુરપુર ન-
ગરનો સ્વામી ચંદ્રચૂડ રાજાની ચંદ્રિકા નામે પુત્રી છે. તે
પુત્રીએ યોગ્ય વર ન મલવાથી માતા પિતાને ચિંતાતુર
જોઇ પૂર્વે આરાધેલી રોહિણી નામની વિદ્યાને પોતાના
યોગ્ય વર વિષે પૂછયું. તે વિદ્યાએ કહ્યું કે, મહેંદ્ર નામે
કુમાર તારા યોગ્યવર છે; તે હાલ લંકાપુરીના ઉદ્યાનમાં મિત્ર
સહિત આવેલ છે. એમ સાંભળી ચંદ્રિકા વિમાનમાં આરૂઢ
થઇ રોહિણી વિદ્યાના બળથી ત્યાં જઇ શય્યામાં સૂતેલ મિત્ર
સહિત કુમારને અને ચારે પાયે વળગેલ ચારે કન્યાઓ
યુક્ત હરણ કરી પોતાના નગરના ઉદ્યાનમાં મૂકયો અને તે
કન્યા પોતે, પોતાના માતાપિતાને " રોહિણી વિદ્યાને પૂ-
છવું અને તેના કહેવાથી ( લંકાપુરીના ઉદ્યાનમાંથી ) ચાર
કન્યા તથા મિત્ર સહિત કુમારને લાવી ઉદ્યાનમાં મૂકવું."
વિગેરે સ્વરૂપ કહી દેખાડયું ચંદ્રિકાના માતાપિતા તે સાં-
ભળી હર્ષિત થયા. હવે કમલકીર્તિ, કમલભાનુ, કમલાકર
અને કમલપ્રભ એ ચારે રાજાએ પોતાની કન્યાઓ પોતાના
મહેલમાં ન જોવાથી વિદ્યાના બળથી ચારે કન્યાનું હરણ
થએલું જાણી તરત તે ઉદ્યાનમાં આવ્યા, અને પ્રભાતકા-
લમાં ચંદ્રિકા સહિત ચંદ્રચૂડ રાજા પણ પોતાનો પરિવાર

લઇને ત્યાં આવ્યો. ચાર કન્યા અને મિત્ર વિશિષ્ઠ કુમારને જોઇ વિસ્મય પામેલા કમલકીર્તિ વિગેરે રાજાઓ સર્વ હકીકત જાણતા ન હોવાથી પરસ્પર એક બીજાના મુખ સામુ જોવા લાગ્યા.

આશ્ચર્ય પામેલા સઘળા રાજાઓને જોઇ પોતપોતાની પુત્રીઓએ પોતપોતાના પિતાને કુમારની પ્રાપ્તિ સંબંધી સર્વ હકીકત કહી સંભળાવી. ત્યારે અતિ હર્ષ પામેલા સર્વ ભૂપતિઓએ પોતાની પુત્રી સાથે પાણિગ્રહણ કરવા વિષે કુમારને ઘણોક આગ્રહ કર્યો.

આગ્રહ જોઇ મંત્રિપુત્રે કહ્યું, આ કુમાર નિખિલ પૃથ્વીનું નિરીક્ષણ કરવા માટે મને સાથે લઈ પોતાના માતા પિતાની રજા લીધા સિવાય નિકળેલ છે. તે ફરતો ફરતો અહીંઆ આવેલ છે. તે કુંમારની સાથેનિજ પુત્રીઓનો વિવાહ કરવા ધારો છો તો તે અમો કબુલ રાખીએ છીએ, પણ જો તમો હું કહું તેમ કરો તો વધારે ઉત્તમ છે જેમકે, આ કુમારનો વિવાહ તેના નગરમાં જઇ કરો તો તે પાણીગ્રહણ મહોત્સવ જોવાથી તેના માતાપિતાનો મનોરથ સાર્થક થાય માટે આમ કરવું મને વધારે ઉચિત લાગે છે.

આવાં મંત્રિપુત્રના વચન શ્રવણ કરી સર્વે રાજાઓ

એકદમ વિવાહની સામગ્રીઓ તૈયાર કરાવી, પોત પોતાની પુત્રીઓને સાથે લઇ મિત્ર સહિત કુમારને વિમાનમાં બેસાડી અયોધ્યાપુરી પ્રત્યે ચાલતા થયા.

મંત્રિપુત્રે તો એક જુદા વિમાનમાં બેસી સૌની પહેલાં અયોધ્યા નગરીમાં જઇ કુમારના પિતાને કુમારના આવવાના સમાચર કહ્યા.

પુત્રના આવવાના સમાચાર સાંભળી પરિવાર સહિત સુરપતિ રાજા સામો આવી મહોત્સવ પૂર્વક પોતાના પુત્રને ગામમાં લઇ આવ્યો, અને રાજાએ પોતાના મહેલમાં સર્વ વિદ્યાધરોને ઉતારો આપ્યો. ત્યાર પછી મંત્રિપુત્રે રાજાની પાસે કુમારનું આ નગરમાંથી નીકળવું અને વિદ્યાધરની કન્યાઓ સહિત પાછું આવવું વિગેરે સર્વ હકીકત કહી બતાવી. તે સર્વ હકીકત સાંભળી અતિ પ્રસન્ન થએલા સુરપતિ રાજાએ પાણિગ્રહની સમગ્ર સામગ્રીઓ તૈયાર કરાવી પોતાના પુત્ર મહેંદ્ર કુમારની સાથે પાંચે કન્યાઓનો વિવાહ મહોત્સવ પૂર્વક કર્યો. સ્વયંવરને માટે આવેલી એકસો ત્રણ કન્યાઓનું પણ પાણિગ્રહણ કુમારે કર્યું.

આવી રીતે ઉદ્વાહ મહોત્સવ નિર્વિઘ્નપણે સમાપ્ત થઇ રહ્યા પછી જેનાં સર્વે મનોરથો પરિપૂર્ણ થએલા છે એવા સર્વે વિદ્યાધરો સુરપતિ નૃપતિની રજા લઈ સ્વ સ્થાને ગયા.

જાણે કોઇ દેવોનો અવતાર હોય નહિ શું ! તેમ મહા પ્રતાપી એકસો આઠ કન્યાઓથી અલંકૃત મહેન્દ્ર કુમાર પોતાના પિતા ઉપરથી રાજ્ય ભાર ઉતારી લઇ કેટલાક વખત સુધી સંસારના ઉદાર વિષય સુખનો અનુભવ લેવા લાગ્યો.

એક દીવસના સમે અનેક મહર્ષિવૃંદ જેના પાદારવિંદની સેવા કરે છે એવા કેવળજ્ઞાની ભગવાન્ શ્રીભુવન ભાનુ નામના મુનિરાજ અયોધ્યા નગરીની બહાર રહેલા શક્રાવતાર નામના તીર્થને વિષે સમવસર્યા વનપાલે આવી રાજાની પાસે મુનિના પધારવાના સમાચાર કહ્યા. તેથી અતિ પ્રસન્ન થયેલો રાજા તે વનપાલને મહા દાન પૂર્વક પારિતોષિક આપી કુમાર તથા અંતઃપુર સહિત તે મુનિને વંદન કરવા માટે ગયો. મુનિ વંદન કરવા માટે આવેલા સર્વે વિચક્ષણ પુરૂષો પ્રદક્ષિણા કરી તથા પ્રણામ કરી મુનિની સન્મુખ બેઠા ત્યારે મુનિએ ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો.

હે ભવ્ય પ્રાણીઓ ! આ સંસારમાં વસ્તુ માત્ર અનિત્ય છે એમમાની ધર્મકરવામાં પ્રમાદ ન કરો કારણ કે,-

जुव्वणं रूव संपत्ती सोहग्ग धण संपया ॥
जीविअंवावि जोवाणं जलबुव्वुअसंन्निभम् ॥

ભાવાર્થ:—સર્વ જીવોને યુવાવસ્થા રૂપ સંપત્તિ,

સૌભાગ્ય ધન સંપત્તિ અને જીવિતવ્ય એ સઘળું પાણીના પરપોટા સમાન છે.

देविंदास महड्ढिआ दाण विंदाय विस्सुआ ॥
नरिंदा जे अविक्कंता मरणं विवसा गया ॥

ભાવાર્થ:—મોટી ઋદ્ધિવાળા દેવેન્દ્રો, અતિ પ્રખ્યાત દાનવેન્દ્રો અને જે મહા પરાક્રમી નરેદ્રો તે સર્વે પણ મૃત્યુને વશ થઇ ગયા છે.

सव्वत्थ निरक्कोसा निव्विसेसा अपहारिणी ॥
सुत्तमत्तपमत्ताणं एगाजगिअणिच्चया ॥

ભાવાર્થ:—સર્વ ઠેકાણે આક્રોસ નહિ રાખનારા પુરૂષોનું, સૂતેલા મત અને પ્રમત્ત પુરૂષોનું સમગ્ર પદાર્થોપહાર કરનારૂં એક જગત્માં અનિત્યપણુજ રહેલું છે.

दाणमाणो वयारेहिं सामभेअक्किया हिअ ॥
न सक्का सानिवारेउं ते लुक्केणा विनिच्चया ॥

ભાવાર્થ:—ત્રણે લોકના પ્રાણીઓએ પણ દાન, માન, ઉપચાર, સામ, ભેદ, અને અન્ય ક્રિયાઓથી પણ તે અનિત્યતા અટકાવી શકાય તેવી નથી. તેટલા માટે હે ભવ્ય જીવો, અતિ દુર્લભ મનુષ્યત્વને પામી કોઇ પણ વસ્તુમાં મમતા મ કરો.

આવાં અમૃત સરખાં ગુરૂનાં વચન શ્રવણુ કરી જેનું અંતઃકરણુ વૈરાગ્ય રંગથી રંગાઈ ગયું છે. અને સંસારના સુખથી વિમૂખ થએલો સુરપતિ નામે રાજા ગુરૂને પ્રણામ કરી સ્વસ્થાને જઈને રાજ્યની નહિ ઇચ્છા રાખતા એવા પણુ પોતાના પુત્ર મહેન્દ્રકુમારને રાજ્યાસન ઉપર બેસાડી પોતે અનેક રાજકુમારો સહિત દીક્ષા ગ્રહણુ કરી.

ત્યારપછી શ્રી જીનધર્મના મર્મને જાણુનાર, પોતાના બાહુના બળવડે ભૂવલયને કબજે કરનાર, ચતુર્વિધ બુદ્ધિનો નીધિ, ચાર પ્રકારના ઉપાયના[1] વીધિને જાણુનારા ગુણુસુંદર નામના મંત્રિએ જેનો સપ્તાંગ[2] રાજ્ય કારભાર ધારણ કરેલો છે એવો મહેન્દ્રકુમાર ઘણેક કાલે પિતાના શોકને ક્ષીણુ કરી મહા સમૃદ્ધિવાળા ચક્રવર્તિના સુખનો અનુભવ કરવા લાગ્યો. જે કુમારે આખી પૃથ્વીને જીનપ્રસાદોથી મંડિત કરી, જગત્માં પ્રધાન એવું દયારૂપી દાન પ્રવર્ત્તાવ્યું, તત્કાળ મુક્તિને આપનારી શ્રી જૈન સંઘની ભક્તિ કરવા લાગ્યો. આ જીવલોકમાં પરમ સારરૂપ પરોપકાર કરવા

---

૧ સામ, દામ, ભેદ, દંડ.

૨. રાજ્યનાં સાત અંગ ગણાય છે. ૧. સ્વામી [રાજા] ૨ અમાત્ય [ મંત્રી ] ૩ રાષ્ટ્ર [દેશ] ૪ દુર્ગ [ કિલ્લો ] ૫ કોશ [સુવર્ણાદિકનો ભંડાર] ૬ બલ [સૈન્ય ] ૭ સુહૃદ્ [ મિત્ર. ]

લાગ્યો, સત પુરૂષોનો સંગ કરનાર સ્વજન વર્ગને દાન અને માનથી સદા પ્રસન્ન કરતો અને દીન તથા અનાથ લોકોને શ્રેષ્ટ અનુકંપા પૂર્વક દાનવડે કૃતાર્થ કરતો હવો

એવી રીતે ધર્મ, અર્થ અને કામના સંસર્ગવડે પોતાના આત્માને કૃતાર્થ કરનાર અંતઃશત્રુ[૧] ષડ્વર્ગને જીતનારો તે કુમાર એક દિવસે ચતુર્થ પુરૂષાર્થ મોક્ષને સાધવા માટે સાવધાન થયો. તે સમયમાં તેજ ભગવાન્ ભુવનભાનુ કેવળી પધાર્યા ત્યારે ઉદ્યાનપાળે આવી રાજાને સમાચાર કહ્યા.

આ વાત શ્રવણ કરી મહેંદ્રકુમાર તે વનપાલને જીવન પર્યંત ચાલે તેવું પ્રીતિપૂર્વક દાન આપીને અંતઃપુરને સાથે લઇ ગુણસુંદર મંત્રિની સાથે મુનિને વાંદવા માટે ગયો.

મુનિને યથાવીધિ વાંદીને સર્વે લોકો યથાસ્થાને બેશી ગયા પછી અમૃતને પણ ભુલાવીદે એવી મધુર વાણીવડે ભગવાન્ ધર્મ દેશના કહેવા લાગ્યા.

હે ભવ્ય લોકો ? અજ્ઞાનવડે જ્ઞાનનો પ્રકાશ જેનો આચ્છાદિત થયો છે એવા, અને અશણ્ય ભવારણ્યમાં ઉષ્ણઋતુના સૂર્યના તાપથી તપેલા અને જલને માટે ઝાંઝવાના

---

૧. દરેક પ્રાણીના શરીરમાં રહેલા ૭ શત્રુઓ છે. ૧. કામ, ૨ ક્રોધ, ૩ લોભ, ૪ મોહ, ૫ મદ, ૬ મત્સર, ( પરની સંપત્તિ જોઇ સહન ન થવું. )

જલ પ્રત્યે દોડતા હરિણની પેઠે વિષયમૃગ તૃષ્ણાથી આકુલ-વ્યાકુલ થએલા લોકોને તમે જુઓછો.

अवश्यं यातारश्चिरतर मुषित्वापि विषयाः ॥
वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ॥
व्रजन्तः स्वातंत्र्याद् तुलपरितापाय मनसः
स्वयं त्यक्ताह्येते शम सुख मनन्तं विद्धति ॥

ભાવાર્થઃ—શબ્દાદિક વિષયો લાંબા વખત સુધી રહીને પણ અવશ્ય જનારા છે. મતલબ કે તેનો વિયોગ અવશ્ય થવાનો છે. છતાં પણ લોકોવડે વિષયો છોડાતા નથી. આપણને ઈચ્છિત વિષયો પોતાની ઇચ્છા પ્રમાણે છોડી ચાલ્યા જશે ત્યારે આપણા મનમાં પરિતાપ ઉત્પન્ન કરશે. અને આપણે પોતે જો તે વિષયોને તજી દઇએ તો તેજ વિષયો અનંત સુખને આપે છે. માટે વિષયોને પોતાની મેળે છોડી દેવા તેજ ઉત્તમ છે.

साङ्गैः किं न विषद्यते वपुरिदं किं छिद्यते नामयं
मृत्युः किं न विजंभते प्रतिदिनं दुह्यन्ति किं नापदः ॥
सङ्गाः कि न भयानकाः स्वपनवद्भोगा न कि वंचकाः
येन स्वार्थ मपास्य किन्नरपुर प्रख्ये भवे वः स्पृहा ॥

ભાવાર્થઃ—વિષ આપવાથી જેમ શરીર બેભાન બની

જાય છે; તેમ વિષયો શરીરમાં રહીને આ દેહને ભાન વગરનો કરે છે. અનેક રોગો શરીરને ક્ષીણ કરે છે. મૃત્યુ પણ તૈયાર થઇનેજ બેઠો છે. આપત્તિઓ પણ પ્રતિદિન દ્રોહ કરવામાં તત્પર રહે છે. સ્ત્રી પુત્રાદિના સંગો અતિ ભયાનક છે. સ્વપ્નમાં આવેલા પદાર્થોના ભોગની માફક નજરે જોવામાં આવતા ભોગો પણ વંચક[1] છે. કે જેથી કરીને ખરા સ્વાર્થને છોડી દઇ ગંધર્વપુરના જેવા ખોટા આ સંસારમાં તમારી સ્પૃહા થાય છે એ કેવી ભુલ કહેવાય.

भृशं दुःख ज्वाला निचय निचितं जन्म गहनं
यदक्षाधीनं स्यात् सुखमिह तदन्ते त्वविरसम् ॥
अनित्याः कामार्थाः क्षणरुचि चलं जीवित मिदं
विमृश्यैवं स्वार्थे कइह सुकृती मुह्यति जनः ॥

ભાવાર્થઃ—જન્મરૂપી વન અત્યંત દુઃખરૂપી જ્વાલાના સમુહથી વ્યાપ્ત છે; અને જે ઇંદ્રિયોને આધીન સુખ છે, તે પણ છેવટે અપ્રતિકારક થાય છે, ક્ષણ માત્ર રૂચિ કરનારા કામાદિક અર્થો પણ અનિત્ય છે. પોતાનું જીવિત પણ વિજળીની માફક અતિ ચંચલ છે. આમ વિચારીને કયો પુણ્યશાળી પુરૂષ આ ભવમાં પોતાનો સ્વાર્થ સાધવામાં પ્રમાદ કરે.

---

૧ છેતરના.

આવી રીતે મુનિની દેશના શ્રવણ કરી જેને સંસારમાં અતિ ભય ઉત્પન્ન થયો છે એવો, ચતુર પુરૂષોમાં અગ્રણી તે મહેંદ્રકુમારે શ્રીગુરૂને પ્રણામ કરી સંયમ ગ્રહણ કરવાનો પોતાના મનનો પરિણામ કહ્યો. કુમારના આવા વાકય સાંભળી મહર્ષિ બોલ્યા કે હે રાજન્ !

जंकल्ले कायव्व नरेण अज्जेव तंवरं कालम् ॥
मच्चू अकरण हिअओ नहु दीसइ आवयन्तोवि ॥

**ભાવાર્થઃ**—જે કાર્ય આવતી કાલે કરવાનું હોય, તે કાર્ય આજજ ઉત્તમ. એમ ધારી આજજ કરવું; કારણકે આવતા મૃત્યુને આપણે કોઇ જોઇ શકતા નથી; માટે આવતી કાલે આપણે રહીશું કે નહિ તેનો ભરોસો ન હોવાથી કાર્ય તુરત કરી લેવું તે ઉત્તમ છે.

तूरह धम्मं काउं माहुपमायं खणंपि कुव्विज्जा ॥
बहु विग्घोअमुहुत्तो मावरण्हं पडि छाहि ॥

**ભાવાર્થઃ**—ધર્મ કરવા માટે ઘણીજ ઉતાવળ કરવી ક્ષણવાર પણ પ્રમાદ ન કરવો; કારણકે એક મુહુર્તમાં અનંત વિઘ્નો આવે છે. માટે કાર્યમાં આવતા સમય સુધી ખમવું ઉચિત નથી.

આમ શ્રવણ કરી અત્યંત વૈરાગ્યપદવીને પ્રાપ્ત થ-

એલો અને સંસારિક ભાવથી વિમુખ થએલો તે કુમાર પોતાને ઘેર આવી ફરીને વિચાર કરેછે કેઃ—

सव्वस्स अणिच्चत्तं जुवण धण सयण अत्थदाराणम् ॥
देहस्स जीवि अस्सय इकंपि नपित्थहो निच्चम् ॥

ભાવાર્થઃ—યુવાવસ્થા, ધન, સ્વજન, અર્થ, સ્ત્રી, દેહ અને જીવિતવ્ય ઇત્યાદિક સર્વ અનિત્ય છે. એમ જોવું પણ ઉપર બતાવેલ દેહાદિક નિત્ય છે એમ સદા પોતાના મનમાં વિચાર કરવો નહિ.

मायपिअपुत्त बंधव कुसलाहि आइं कीरंति ॥
नमरंतस्सुवयारो तिलतुसमित्तो विहु न जणंति ॥

ભાવાર્થઃ—અતિ ચતુર એવા માતા પિતા અને બાંધવો તે મરવા પડેલા પ્રાણિનો તલમાત્ર પણ ઉપકાર કરી શકતા નથી. ઉલટું અહિતાચરણ કરે છે.

एकः पापात् पतति नरके याति पुण्यात् स्वरेकः ॥
पुण्या पुण्य प्रचय विगमान्मोक्षमेकः प्रयात ॥
संगान्नूनं न भवति सुखं न द्वितीयेन कार्यम्
तस्मादेको विचरति सदानन्द सौख्येन पूर्णः ॥

ભાવાર્થઃ—કોઇ એક પ્રાણી પાપને લીધે નરકમાં પડે છે, કોઇ એક પ્રાણી પુણ્યને લીધે સ્વર્ગમાં જાય છે,

કોઇએક પ્રાણી પુણ્ય પાપના સમુહનો ક્ષય કરી મોક્ષમાં જાય છે. કોઇ પણ સંગ કરવાથી સુખ થતું નથી; માટે અન્યને સાથે રાખવાથી કાંઇપણ ફળ નથી એમ ધારી કોઇ એક પ્રાણી પરમ આનંદ સૌખ્યથી પરિપૂર્ણ થયો સતો સદા પૃથ્વીમાં એકલોજ વિચરે છે.

આવી રીતે પોતાના અંતઃકરણમાં લાંબો વિચાર કરી પૃથ્વીને ઋણ વગરની કરવા માટે ગુણ સુંદર નામના મંત્રિને આદેશ કર્યો, અને પોતે મહેન્દ્રકુમાર ગૃહસ્થાશ્રમને ઉચિત શ્રી જીનશાસ્ત્રમાં બતાવેલાં પુણ્યશાળી કૃત્યો કરવા લાગ્યો.

આવી રીતે પરિણામે વિરસ એવા સંસારના સુખથી વિમુખ થએલા તે મહેંદ્રકુમારે યશ અને કીર્તિમય પોતાનું જીવિત કરી, રત્નમાલા નામની પોતાની સ્રીના કુક્ષિથી ઉત્પન્ન થએલા રત્નશેખર નામના પોતાના પુત્રને રાજ્યાસન ઉપર બેસાડી રાજ્યપાલન કરવાની શિખામણ આપી શાસન પ્રભાવના કરી.

સર્વ વસ્તુમાં અહંતા મમતા છોડીદઈ જૈનશાસ્ત્ર વીધિ પ્રમાણે અઠ્ઠાઇ મહોત્સવ કરી, મહા વૈભવવાળા ક્ષત્રિય કુંડમાં જન્મેલા, અત્યંત ઉત્પન્ન થએલા વૈરાગ્યથી રંગાએલા જેઓએ સાંસારિક સુખનો સંગ છોડી દીધો છે એવા પાંચસો પુરૂષોથી યુક્ત, અને ગુણસુંદરમંત્રિથી યુક્ત, તે

મહેંદ્રકુમારે શ્રીભુવનભાનુ કેવલીની પાસે સાંસારિક દુઃખના પારને આપનારી દીક્ષા ગૃહણ કરી.

દીક્ષા ગૃહણ કર્યા પછી દ્વિવિધ શિક્ષા પાળવામાં ચતુર, એક મોક્ષમાંજ મન રાખનાર, અતિ દુષ્કર તપ સંયમ અને શુભધ્યાનમાં અંતઃકરણ રાખનાર, સમતારૂપી ગુણથી ભુષિત, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવમાં આગ્રહ નહી બાંધનાર, પૃથ્વીમાં વિહાર કરતા આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનાવચય, રૂપ ધર્મ ધ્યાને કરી પોતાના ચિત્તને સ્થિર કરી, જીનમતમાં પ્રધાન, મિથ્યાદષ્ટિ પુરૂષોથી અજ્ઞાત[1] શુકલધ્યાનના અવલંબન રૂપ [2] ક્ષમા, માદર્વ, અર્જવ, અને મુક-

---

૧. શુકલધ્યાન ચાર પ્રકારનું છે. દરેક દ્રવ્યમાં ઉત્પાદિક પર્યાયના ભેદનું ચિંતવન કરવું. ઇત્યાદિક તે પહેલું પૃથકત્વ; વિતર્ક સવિચાર શુકલધ્યાન સમજવું. વાયુવગરના સ્થાનમાં રહેલા દીપની પેઠે ઉત્પાદદિક એક પર્યાયે કરી નિષ્પ્રકંપ ચિત્તવાન થઇને પૂર્વ કરતાં વિપરીત રહેવું તે બીજું એકત્વ પૃથકત્વઃ વિચારે શુકલધ્યાન સમજવું. તેરમા ગુણ ઠાણાને અંતે મનોયોગ તથા વચનયોય રૂંધીને કાયયોગ રૂંધવો તે ત્રીજું સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ નામે શુકલધ્યાન સમજવું. શૈલેશી કરણવડે ગુણ ઠાણે ગયે સતે ક્રિયા વિચ્છેદ થઇને જે પાછું પડવું નહિ, તે ચોથું વ્યુછિન્નક્રિયા અપ્રતિપાતિ શુકલધ્યાન સમજવું.

૨. કોઇપણ પ્રાણી ઉપર ક્રોધ ન કરવો તે ક્ષમા કહેવાય ૨. મનનો ત્યાગ કરવો તે માર્દવ કહેવાય. ૩. માયનો જે ત્યાગ કપટ

**ત્યાદિકનું આલંબન કરી પરિષહ અને [૬]ઉપસર્ગનો સં-સર્ગ થયે સતે આમ વિચાર કરે છે.**

રહિતપણું તે આર્જવ કહેવાય. ૪. લોભ ન રાખવો તે મુકિત કહેવાય. આદિ શબ્દે કરી તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન અને બ્રહ્મચર્ય આવી રીતે દશ પ્રકારનો યતિનો ધર્મ છે. ૫. **परि-सहति इति परिषहः** જૈન માર્ગને ન મૂકવા માટે તથા કર્મની નિર્જરા કરવા માટે દુઃખોને **परि** સર્વ પ્રકારે **सह**સહન કરવું તે પરિષહ કહેવાય તે **परिषहः**બાવીશ છે તેમાં એક **दर्शन परिषहः** અને બીજો **प्रज्ञापरिषह** એ બે જૈન માર્ગ ન મૂકવા માટે છે, અને શેષ વીશ **परिषह** કર્મ નિર્જરા કરવા માટે છે. તે આ પ્રમાણે ૧ ક્ષુધા (ભુખ) ૨. પિપાસા (પાણી પીવાની ઇચ્છા) ૩. શીત (ટાઢ), ૪.ઉષ્ણ (ઉનાળાની ઋતુ), ૫. ડંસ ડાંસ, જુ, માકડ ઇત્યાદિ) ૬. અચેલક (વસ્ત્રનો અભાવ), ૭. અરતિ (અરમણિકતા), ૮. સ્ત્રી, ૯. ચર્યા (વિહાર કરવો-એક ઠેકાણે બેસી રહેવું નહિ), ૧૦ નિષેધિકી (પાપદિકનો નિષેધ કરવો.). અથવા નિષદ્યા (સ્ત્રી પશુ પંડાદિકથી વરજીત સ્થાનમાં રહેવું), ૧૧, શય્યા (સુવાની પથારી ૧૨. આક્રોશ (નિંદા), ૧૩. વધ (દંડાદિકનો માર.) ૧૪. યાચના (કોઇની પાસે વસ્તુનું માગવું), ૧૫. અલાભ (જોઇતી વસ્તુનું ન મળવું), ૧૬. રોગ, ૧૭. તૃણસ્પર્શ (ખડનો સ્પર્શ), ૧૮. મલ (પરસેવાથી શરીરમાં થતો મેલ), ૧૯. સત્કાર રાજાદિકથી થતુંમાન), ૨૦, પ્રજ્ઞા (બુદ્ધિ) ૨૧. અજ્ઞાન ૨૨. સમ્યકત્વ (સદ્દહણાશાસ્ત્રમાં શ્રદ્ધા રાખવી,) ઉપર કહેલા બાવીશ પરિષહો યતિયે સહન કરવા જોઇએ.

---

૬. ઉપસર્ગ ૬ પ્રકારના હોય છે. તે આ પ્રમાણે—દેવકૃત

अहो कैश्चित्कर्मानुदय गत मानीय रभसा
दशेषं निर्ध्धूतं प्रबल तपसा जन्म चकितैः ॥
स्वयं यद्यापातं तदिह मुदमा लंब्य मनसा
न किं सह्यं धीरैरतुल सुखसिद्धि व्यवसितैः ॥

ભાવાર્થઃ—નિંદિત કર્મના ઉદયથી અતિ ભય પામતા કેટલા પુરૂષો નહિ ઉદય પામેલા કર્મનો ઉદય કરીને પોતાના તપના બળવડે સમગ્ર કર્મનો તત્કાળ નાશ કરે છે; અને કેટલાક પુરૂષો તો મનમાં હર્ષ ધારણ કરીને, આવેલાં સારાં વા નરસાં કર્મના ઉદયને સહન કરે છે. એ અતિ આશ્ચર્ય છે. ખરોબર છે કે, મોક્ષસુખની સિદ્ધિ કરવામાં નિશ્ચયવાળા ધીર પુરૂષો શું શું સહન કરી શક્તા નથી. અર્થાત સહન કરી શકે છે.

पुनरपि सहनीयो दुःख पाकस्तवायं,
न खलु भवति नाशः कर्मणां संचितानाम् ॥
इह सह गणयित्वा यद्यदायाति सम्यक्
सद सदिति विवेकोऽन्यत्र भूयः कुतस्ते ॥

---

અનુકૂલ ઉસર્ગ ૨. દેવકૃત પ્રતિકૂલ ઉપસર્ગ, ૩ મનુષ્યકૃત અનુકૂલ ઉપસર્ગ, ૪. મનુષ્યકૃત પ્રતિકૂલ ઉપસર્ગ, ૫. તિર્યંચકૃત અનુકૂલ ઉપસર્ગ ૬. તિર્યંચકૃત પ્રતિકૂલ ઉપસર્ગ

**ભાવાર્થ**:—હે ચિત્ત ! તારે દુઃખનો પાક સહન કર્યાવગર ચાલે તેમ નથી; કારણકે ભોગવ્યા વગર સંચિત (પૂર્વભવમાં મેળવેલ) કર્મનો ક્ષય થતો નથી; માટે જે જે દુઃખ આવે તેને ગણીગણીને સહન કર, કારણકે આ દુઃખ સત્ છે કે અસત્ છે, એવો વિવેક કરવાનો ફરીથી આવો સમય તને ક્યાં મળશે.

આમ વિચાર કરી સર્વ દુઃખાદિકને સહન કરતા, સર્વત્ર બાહ્ય અર્થમાં વિમુખતાને પ્રાપ્ત થએલા, કેવળ આત્મામાંજ રતિ રાખનારા શ્રીમહેંદ્ર રાજર્ષિ દેહાદિકથી વ્યતિરિકત આત્માને જોવાથી કોઇપણ વસ્તુમાં મમતા ન કરતા હતા. સર્વ ઇંદ્રિયો વડે તે તે અર્થ ક્રિયા કરતાં છતાં પણ કોઈ જગોએ કર્મથી બંધાયા નહિ. કારણ કે:—

ज्ञानस्यैव हि सामार्थ्यं वैराग्यस्यैव वा किल ॥
यत्कोऽपि कर्मभिः कर्म भुंजानोऽपि न बध्यते ॥

**ભાવાર્થ**:—જે કોઈ પણ પ્રાણી કર્મ ભોગવતાં છતાં પણ કર્મથી બંધાતો નથી તે કેવળ જ્ઞાનનુંજ સામર્થ્ય છે. અથવા વૈરાગ્યનુંજ સામર્થ્ય છે.

सम्यग् दृष्टे र्भवति नियतं ज्ञान वैराग्य शक्तिः
स्वं वस्तुत्वं कलयितुमलं स्वज्ञरूपाप्तियुक्त्या ॥

यज्ज्ञात्वा व्यतिकरमिमं तत्वतः स्वं परं वा
स्वस्मिन्नास्ते विरमति परात् सर्वतो रागयोगात् ॥

**ભાવાર્થ:**—આત્મરૂપની પ્રાપ્તિની યુક્તિવડે આત્મ-સ્વરૂપ જાણવા માટે સમ્યગ્દૃષ્ટિ પુરૂષનીજ જ્ઞાન, વૈરાગ્યની શક્તિ સમર્થ છે. લોકમાં ચાલતો ( આ હું છું ) આ પર છે. ) આવો વ્યવહાર દુઃખકર છે. એમ ધારી જ્ઞાની આત્માજ સદા મગ્ન રહે છે, અને સર્વત્ર રાગાદિકના યો-ગથી વિરામ પામે છે.

ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात् सर्वरागरसवर्जनशीलः ॥
लिप्यते सकलकर्मभिरेषः कर्म मध्यपतीतोऽपी यतो न ॥

**ભાવાર્થ:**—જ્ઞાનવાન્ પુરૂષ જે આત્મરસને લીધેજ સર્વ પદાર્થોમાં રાગ અને રસાદિકનો ત્યાગ કરનારો થાયછે. એ જ્ઞાની પુરૂષ કર્મના મધ્યમાં પડેલો હોય તો પણ સ-મગ્ર કર્મથી લેપાતો નથી.

ज्ञानिनो नहि परिग्रहभावं कर्म रागरसरिक्त तयेती ॥
रंग युक्त कषायितवस्त्रः स्वीकृतैवही वहीर्लुठतीव ॥

**ભાવાર્થ:**—જ્ઞાની પુરૂષોને પરિગ્રહ ભાવ નથી કેમકે કર્મના રાગરૂપી રસથી રહીત છે માટેજ રંગે કરીને યુક્ત રંગેલા વસ્ત્રો બાહેરના ભાગમાં દેખાય છે. ( તે વસ્ત્રો એમ

સૂચવે છે કે મુનિમહારાજનો અંતરંગ કષાય બાહેર નીકળી ગયો છે, તેથીજ વસ્ત્ર કષાયેલાં દેખાય છે.)

આવી રીતે તપ, સંયમ, શુભધ્યાન, સામ્યાદિકેં કરી મનોહરવૃત્તિવાળા મહેંદ્ર રાજર્ષિને તથા તેની સાથે રહેનારા સમગ્ર સાધુઓને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ. તે લબ્ધિ બતાવે છે.

જેના વિષ્ઠા, મૂત્ર, કફ, મલ, સ્પર્શાદિક સર્વે ઓષધિરૂપ થાયછે. તેવા કેટલાક ૧. સર્વૌષધિ લબ્ધિવાળા થયા. કેટલાક ૨. અણુત્વ, ૩. મહત્વ, ૪. લઘુત્વ, ૫. ગુરૂત્વ, ૬. પ્રાપ્તિ, ૭. પ્રાકામ્ય, ૮. ઇશિત્વ, ૯. વશિત્વ, ૧૦. અપ્રતિઘાતિત્વ, ૧૧. અંતર્ધાન, ૧૨. કામરૂપિત્વાદિ લબ્ધિવાળા થયા. તે સર્વે લબ્ધિનું સવિસ્તર વિવેચન નીચે મુજબ છે.)

૧. પરમાણું બરોબર શરીર કરવું તે અણુત્વલબ્ધી કહેવાય. ૨. મેરૂ પર્વત કરતાં પણ મોટું શરીર બનાવવું તે મહત્વલબ્ધિ કહેવાય. ૩. વાયુ કરતાં પણ હલકું શરીર કરવું તે લઘુત્વ લબ્ધિ કહેવાય. ૪. વજ્ર કરતાં પણ તોલદાર શરીર કરવું તે ગુરૂત્વલબ્ધિ કહેવાય. ૫. ગમે ત્યાં બેસીને પોતાની આંગળીના અગ્રભાગે કરીને મેરૂ પર્વતને સ્પર્શ કરવાની શકિત તે પ્રાપ્તિનામે લબ્ધિ કહેવાય. ૬. જેમ

પૃથ્વી ઉપર ચાલવાની શકિત છે તેમ પાણી ઉપર ચાલવાની શક્તિ તે પ્રાકામ્યલબ્ધિ કહેવાય. ૭. ત્રણે લોકનું પ્રભુપણું થવું, અને તીર્થંકર તથા ઇંદ્રના જેવી ઋદ્ધિ થવી તે ઇશિત્વલબ્ધિ કહેવાય. ૮. સર્વ જીવોને વશ્ય કરી લેવા તે વશિત્વલબ્ધિ કહેવાય.૯. પોતાનું શરીર અદ્દશ્ય કરી દેવું તે અંતર્ધાન નામે લબ્ધિ કહેવાય. ૧૦. પર્વતની ઉપર નિસ્સંગપણે જવું તથા જેની ગતિને કોઇપણ અટકાવી ન શકે તે અપ્રતિઘાતિત્વ લબ્ધિ કહેવાય. ૧૧ એક કાળમાંજ અનેક આકારવાળું રૂપ કરવાની શકિત તે કામરૂપિત્વ લબ્ધિ કહેવાય. ૧૨. વાંચવાથી અથવા શ્રવણ કરવાથી થએલા જ્ઞાનને કોઇ દિવસ પણ ભુલે નહિ તે કોષ્ઠ બુદ્ધિ નામે લબ્ધિ કહેવાય, અને જે પોતાના મનથીજ અનેક તર્ક વિતર્ક, યુકિત પ્રયુકિત ઉત્પન્ન થાય તે પણ કોષ્ઠ બુદ્ધિ નામે લબ્ધિ કહેવાય. ૧૩ અમુક પદ શ્રવણ કરવાથી બાકીના બીજા પદો સ્વતઃઆવડે તે પદાનુંસારિણી લબ્ધિ કહેવાય. ૧૪ થોડું શીખેલાનો ઘણો વિસ્તાર કરે તે બીજ લબ્ધિ કહેવાય. ૧૫ સમગ્ર શાસ્ત્રરૂપી સમુદ્રમાં મનની પ્રવૃત્તિ થવી તે મનોબળ લબ્ધિ કહેવાય. ૧૬. એક મુહુર્તની અંદર સકલશાસ્ત્રનો ઉચ્ચાર કરવામાં સમર્થ વાણી થવી તે વાગ્બળ લબ્ધિ કહેવાય. ૧૭ શ્રમ તથા કલેશ વગર એક વર્ષ સુધી કાઉસગ્ગપણે રહે તે કાયબળ લબ્ધિ કહેવાય. ૧૮ જેના

પાત્રમાં પડેલું કુત્સિત અન્ન પણ ક્ષીરના જેવા સ્વાદવાળું થઇ જાય તે ક્ષીરાશ્રવલબ્ધિ કહેવાય. ૧૯ મધના જેવો સ્વાદ થઇ જાય તે મધ્વાશ્રવ લબ્ધિ કહેવાય. ૨૦ ઘીના જેવો સ્વાદ થઇ જાય તે સર્પિરાશ્રવ લબ્ધિ કહેવાય. ૨૧ અમૃતના જેવો સ્વાદ થઇ જાય તે અમૃતાશ્રવ લબ્ધિ કહેવાય. ૨૨ આવી રીતે કેટલાક મહર્ષિઓ ક્ષીણ મહાનસ લબ્ધિવાળા થયા. ૨૩ કેટલાક અક્ષીણ મહાનસ લબ્ધિવાળા થયા. ૨૪ કેટલાક સંભિન્ન શ્રોત લબ્ધિવાળા થયા. ૨૫ કેટલાએક જંઘાચરણ લબ્ધિવાળા થયા. ૨૬ કેટલાક વિદ્યા ચારણ લબ્ધિવાળા થયા. ૨૭ કેટલાએક આશીવિષ લબ્ધિવાળા થયા. ૨૮ કેટલાક પુલાકલબ્ધિવાળા થયા. ૨૯ કેટલાક અવધિજ્ઞાની થયા. ૩૦ કેટલાક મનઃપર્યાયજ્ઞાની થયા. ૩૧ કેટલાક કેવળજ્ઞાની થયા. આવી રીતે મહર્ષિઓ અનેક લબ્ધિને પામેલા છે; તો પણ તેઓ લબ્ધિઓને ફોરવતા નથી. પરોપકાર કરવા માટે તથા શ્રી તીર્થની પ્રવૃત્તિ કરવા માટે પૃથ્વીમાં તે મહર્ષિઓ વિચરવા લાગ્યા. એક દિવસે પોતાને વિષે અનંતજ્ઞાન, અનંતદર્શનના સૌખ્ય શક્તિમય પોતાના સ્વરૂપનું ચિંતવન કરનાર, જેને શુકલ ધ્યાનનો પ્રકર્ષ ઉત્પન્ન થયો છે. એવા ભગવાન્ શ્રી મહેંદ્રરાજર્ષિને ચારઘાતિ[૧] કર્મનો

૧ ઘાતિકર્મ ચાર છે. ૧. જ્ઞાનાવરણી ૨. દર્શનાવરણી. ૩. મોહનીય. ૪ અંતરાય.

ક્ષય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ આવી કેવળ જ્ઞાનોત્પત્તિનો મહોત્સવ જેનો કરેલ છે એવા, તથા પૃથ્વીમાં કેટલોક વખત વિહાર કરી અનેક ભવ્ય જીવોના સમૂહને પ્રતિબોધ પમાડનારા શ્રી તીર્થ પ્રવૃત્તિનો મોટો ઉદય કરનારા, શ્રી મહેંદ્રરાજર્ષિ તે પરિવાર સહિત શ્રી શત્રુંજય મહાતીર્થને વિષે જઇ [1]ભવોપગ્રાહી કર્મનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત થયા.

શ્રી મહેંદ્રરાજર્ષિની સાથે ફરનારા બીજાપણ કેટલાએક મહર્ષિઓ અતિ દુષ્કર તપ, સંયમ અને શુભધ્યાનવડે કર્મનો ક્ષય કરી મોક્ષને પામ્યા. કેટલાએક મહર્ષિઓ અનુત્તર વિમાનને વિષે ગયા. કેટલાએક મહર્ષિઓ ગ્રૈવેયકને વિષે ગયા. અને કેટલાક મહર્ષિઓ દેવલોકમાં ઇંદ્રસમાન ઋદ્ધિને ભોગવી બીજા અથવા ત્રીજા ભવમાં મોક્ષે જશે.

ગ્રંથકર્ત્તા કહે છે કે, હે ભવ્ય જીવો ! સંસારના અનેક દુઃખોનો નાશ કરનાર, શુદ્ધગુણની ખાણરૂપ, આ મહેંદ્રકુમારનું ચરિત્ર ધ્યાનમાં લઇ ઉત્તમપણું કરવા માટે ઉદ્યમી થાઓ.

---

૧. ભવોપગ્રાહિ કર્મ ચાર છે. ૧. નામકર્મ. ૨. ગોત્રકર્મ. ૩. વેદનીયકર્મ. ૪. આયુષ્યકર્મ.

# ઉત્તમોત્તમ પુરૂષોનું સ્વરૂપ.

તીર્થંકર નામકર્મના વિપાકોદયમાં વર્તનારા, ત્રણે લોકના ઈશ્વર, ત્રણે લોકના નાથ, ત્રણે લોકમાં અતિ પૂજનીય, ત્રણે લોકમાં સ્તુતિ કરવા લાયક, ત્રણે લોકમાં ધ્યાન કરવા યોગ્ય, નિર્દોશ, સર્વગુણોથી સંપૂર્ણ, એટલા માટેજ સર્વ પ્રકારે કરી સર્વ જીવો કરતાં ઉત્તમોત્તમ તીર્થંકરોને જાણવા.

જ્યારે એ તીર્થંકરો અનાદિકાલથી અવ્યવહાર રાશિમાં રહેલા હોય છે ત્યારે પણ તેવા ભવ્યપરિણામે કરી બીજા જીવો કરતાં કેટલાએક વિશેષ ગુણોવડે ઉત્તમપણે રહેછે. જેમ, રત્નની ખાણમાં ઉત્પન્ન થએલાં, રજથી ઢંકાએલાં રત્નોમાં ચિંતામણી રત્ન વિશેષ છે. તેમ.

યથા પ્રવૃત્તિકરણેકરી વ્યવહાર રાશિને પ્રાપ્ત થયા સતા તથાવિધ કર્મના વિપાકે કરીને પૃથ્વીકાયિકને વિષે જો ઉત્પન્ન થાય તો ચિંતામણી પદ્મરાગ, લક્ષ્મીપુષ્પ, સૌભાગ્યકરાદિક રત્નની જાતિમાં તીર્થંકરો ઉત્પન્ન થાય. અપ્કાયિકને વિષે ઉત્પન્ન થાય તો તીર્થોદકાદિકમાં ઉત્પન્ન થાય. તેજઃકાયિકમાં ઉત્પન્ન થાય તો યજ્ઞના અગ્નિમાં તથા મંગલ પ્રદીપાદિકમાં ઉત્પન્ન થાય. જો વાયુકાયિકમાં ઉત્પન્ન થાય તો વસંતઋતુમાં થનારા મૃદુ શીતલ તથા સુગંધિ મલયાચલના પવનાદિકમાં ઉત્પન્નથાય. વનસ્પતિ કાયિકને વિષે

ઉત્પન્ન થાય તો [1]હરિચંદન, મંદાર, પારિજાતક, સંતાનક, નંદન, આમ્રવૃક્ષ, ચંપક, અશોકાદિકમાં તથા ચિત્રકવલ્લી દ્રાક્ષા, નાગવલ્લી અને અતિ પ્રતાપી મોટી ઓશધીઓમાં ઉત્પન્ન થાય. બેઇંદ્રિય જીવોમાં જો ઉત્પન્ન થાય તો દક્ષિણાવર્ત શંખમાં, શુક્તિમાં ( છીપમાં ) તથા શાલીગ્રામાદિકમાં ઉત્પન્ન થાય. એવી રીતે તેરેંદ્રિય ચતુરિંદ્રિયાદિકમાં પણ સમજવું.

પચેંદ્રિય તિર્યંચને વિષે ઉત્તમ જાતિવાળા ગજ તથા અશ્વાદિકમાં ઉત્પન્ન થાય. મનુષ્યમાં આવેલા તીર્થંકરો તે અપૂર્વકરણેકરી ગ્રંથીનો ભેદ કરીને અનિવૃત્તિ કરણાદિકના ક્રમથી સમ્યકત્વ મેળવી તેવા પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ-ભાવાદિક સમગ્ર સામગ્રીને પ્રાપ્ત થઇને શ્રીમત્ અરિહંતા-દિકની વિશેષ ભક્તિ કરવાથી તીર્થંકર નામ કર્મ મેળવી અનુત્તર વિમાનાદિકમાં ઉત્પન્ન થાય છે.

અનુત્તર વિમાનાદિકને વિષે દેવલોકનું સમગ્ર સુખ ભોગવી ચ્યવેલા તીર્થંકરો સર્વોત્તમ તથા વિશુદ્ધ જાતિ કૂલ અને વંશને વિષે ઉત્પન્ન થાય છે. તીહાં તીર્થંકરોના થનારા અવતારના પ્રતાપે કરી તેની માતાને મોટાં ચૌદ સ્વપ્નો પ્રાપ્ત થાય છે. તે તીર્થંકરો માતાના ગર્ભમાં પણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનસહિત હોય છે. મા-

---

૧. મંદાર, પારિજાતક, સંતાનક અને નંદન, એ કલ્પવૃક્ષના ભેદ છે.

તાના ગર્ભમાં અવતાર જ્યારે થાય છે, ત્યારે તે તીર્થંક-રોના પ્રાચીન પુણ્યના ઉદયવડે પ્રેરણા કરાએલા જંભક નામે દેવે ઇંદ્રના કહેવાથી તીર્થંકરના પિતાના ઘરમાં અનેક સ્વ-ર્ણાદિકના નીધિઓ લઇ આવી મૂકે છે. તીર્થંકરોને માતાના ગર્ભવાસમાં પણ અન્ય ગર્ભની માફક વેદના થતી નથી. સર્વ શુભ વસ્તુની સંપત્તિ હોવાથી તીર્થંકરની માતાને અશુભ આહારાદિકનો પરિણામ થતો નથી. અન્ય જીવની માતાની માફક તીર્થંકરની માતાને જરાપણ કષ્ટનો અનુભવ કરવો પડતો નથી; પણ ઉલ્ટું રૂપ, સૌભાગ્ય, કાંતિ, બુદ્ધિ અને બલાદિકની અભિવૃદ્ધિ થાય છે. મન, વાણિ અને કાયાનો શુભ પરિણામ થાય છે. ઉદારતા, ગંભીરતા અને ધૈર્યાદિક વિશેષ ઉત્પન્ન થાય છે. પરોપકાર, દયા, દાન, દેવગુરૂની ભક્તિ, સ્વજનોને માન આપવું. ઇત્યાદિક દોહદ[1] તીર્થંકરની માતાને થાય છે. સર્વ ઇંદ્રિયોને ઇષ્ટ વિષય મળે. સર્વમાં પ્રીતિ થાય છે.

તીર્થંકરના પિતાને અતિ હર્ષ થાય. કયાંયથી પણ પરાભવ ન થાય. સર્વે ભૂપાળો પ્રણામ કરે. તીર્થંકરના

પિતાની આજ્ઞા સર્વત્ર વિસ્તારને પામે. સર્વ દિશાઓમાં યશ તથા કીર્તિ થાય. પોતાના વંશની વૃદ્ધિ થાય. ઘરમાં સર્વ વસ્તુઓની સંપત્તિ થાય, તથા સર્વ સંપત્તિઓ આવે. વિપત્તિઓ દૂર થાય.

---

૧ ગર્ભવાળી સ્ત્રીને થતી ઇચ્છા.

તીર્થંકરોના જન્મ સમયે [૧]સર્વે શુભગ્રહો [૨]શુભસ્થાનમાં રહેલા હોય છે. ત્રણે લોકમાં સર્વસ્થળે પ્રકાશ થઇ રહે છે. નારકી જીવોને પણ ક્ષણવાર સુખ થાય છે. દેવતાઓ રત્ન, સુવર્ણ, રૂપું, અનેક પ્રકારના આભરણો, વસ્ત્ર અને સુગંધિ પુષ્પ ઇત્યાદિકનો વરસાદ વરસાવે છે. તે સમયે અતિહર્ષ પામેલા દેવો સ્વર્ગને તથા પૃથ્વીને ગજવી મૂકે એવા જયજય શબ્દને બોલે છે. આકાશમાં દેવતાના દુંદુંભિ વાગે છે. સર્વદિશાઓ અતિપ્રસન્ન થઈ જાય છે. સુગંધિ તથા અતિશીતલ પવન વાયા કરે છે, સર્વ જગાએ ઉડતી રજ શાંત થઈ જાય છે. સમુદ્રની લહેરો શીતલ તથા સુગંધી થાય છે. અને હર્ષને લીધે ચાર આંગળ વધારે ઉછળે છે. તીર્થંકરની માતાનું સુવાવડનું કાર્ય છપનદિક્ કુમારિકાઓ આવી કરે છે. તથા જન્મકલ્યાણક કરે છે. ચોસઠ ઇન્દ્રો મેરૂ પર્વત ઉપર તીર્થંકરનો જન્માભિષેક મહોત્સવ કરે છે. તે સમયે આખુ જગત આનંદમય થાય છે.

તે સમયે દેવતાઓનું અસુરોનું મનુષ્યોનું, પશુપક્ષિયોનું પરસ્પર વૈર નાશ પામેછે. લોકોની આધિ તથા વ્યાધિ શાંત પામે છે. લોકોમાં ક્ષુદ્ર ઉપદ્રવો ઉત્પન્ન થાય નહિ.

---

૧. ગુરૂ, શુક્ર, શુકલપક્ષનો ચંદ્રમાં, તથા પાપગ્રહથી નહિ યુક્ત બુધ. એટલા શુભગ્રહો કહેવાય છે.

૨. છઠ્ઠુ, આઠમું, અને બારમું એ સિવાય બાકીનાં શુભસ્થળ સમજવાં.

શાકિની, ડાકિની વિગેરે કોઇપણ પરાભવ કરી શક્તિ નથી. દુષ્ટ મંત્ર તથા તંત્ર સામર્થ્ય વગરના થઈ જાય છે. સૂર્યાદિક ગ્રહો સર્વ લોકોને શાંત કરે છે. ભૂત પ્રેતાદિક શાંત થઇ જાય છે. સર્વ લોકોનાં મન પરસ્પર પ્રીતિવાળાં થાય છે. દૂધ, ઘી, તેલ, શેરડીનો રસ ઇત્યાદિક રસની પૃથ્વીમાં વૃદ્ધિ થાય છે. સર્વ વનસ્પતિઓમાં ફળ પુષ્પાદિકની વૃદ્ધિ થાય છે. મોટી ઔષધિઓમાં અધિક પ્રભાવ થાય છે. ખાણોમાં રત્ન સુવર્ણાદિક ધાતુઓની અધિક ઉત્પત્તિ થાય છે. સર્વત્ર અતિ મીઠાં તથા શીતલ જલ થાય છે. સર્વે પુષ્પો અતિ સુગંધી થાય છે. પૃથ્વીમાં રહેલા સુવર્ણાદિકના નીધિઓ પૃથ્વી ઉપર ચડી આવે છે.

તીર્થંકરોના જન્મ સમયે મંત્ર સાધનારા પુરૂષોને વિદ્યાસિદ્ધિ તથા મંત્રસિદ્ધિ સુલભ થાય છે. લોકોના હૃદયમાં સદ્બુદ્ધિ થાય છે. તથા મન દયાર્દ્ર થાય છે. લોકોના મુખમાંથી અસત્ય વચન નીકળતાં નથી. પારકું દ્રવ્ય હરવાની મતિ થતી નથી. કુશીલ જનની સંગતિ થતી નથી. ક્રોધવડે અન્યજનનો પરાભવ થતો નથી. માનવડે વિનયનો અતિક્રમ થતો નથી. માયાવડે લોકો અન્યજનને છેતરતા નથી. લોભથી ન્યાયનું ઉલ્લંઘન કરતા નથી. લોકોના મનમાં સંતાપ થતો નથી. પરને પીડા કરે એવી વાણીને લોકો

બોલતા નથી. પોતાની કાયાથી અશુભક્રિયા કરતા નથી. પાપ કરવામાં બુદ્ધિ થતી નથી.

તીર્થંકરોના જન્મ સમયે સારાં કૃત્ય કરવામાં લોકોનું મન પ્રવર્તે છે. ઇચ્છિત કાર્યની સિદ્ધિ થાય છે. અન્ય-જનના ગુણ ગ્રહણ કરવાની બુદ્ધિ થાય છે. સર્વે લોકો પોતપોતાને ઘરે મહોત્સવ કરે છે. જન્મ સમયે મંગલકારિક ગીતો ગાય છે. ઘરે ઘરે વધામણી કહે છે.

તીર્થંકરોના પ્રાદુર્ભાવ સમયે સ્વર્ગવાસી, પાતાલવાસી, અને ભૂમિવાસી દેવો પ્રમુદિત થાય છે. શાશ્વત ચૈત્યોને વિષે મહોત્સવ કરે છે. દેવતાની સ્ત્રીઓ ધાત્રી માતા ( ધાવ ) ના કામકાજ કરે છે. દેવતાની સ્ત્રીઓ તે બાળકને નવનવા આભરણવડે શોભાવે છે. નાના પ્રકારની ક્રીડા કરાવે છે. બાલકના જમણા હાથના અંગુઠામાં અમૃત સંચારે છે. તે બાલકો બાલ્યાવસ્થામાં પણ ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે. બળ તથા પરાક્રમ અપરિમિત હોય છે. દેવતા તથા અસુરોથી બીતા નથી. બીજાં બાલકો કરતાં આ બાલકો સર્વોત્તમ પ્રકૃતિવાળા હોય છે. ત્રણે લોકની રક્ષા કરવાને શક્તિમાન્ હોય છે. અધ્યયન કર્યા વગર વિદ્વાન હોય છે. સર્વ કલાઓમાં શીખ્યા વગર કુશલ થાય છે. અલંકાર સિવાય પણ સર્વ અંગોમાં શોભીતા હોય છે. બાલકપણામાં અવ્યક્ત

વાણી હોય છે. તોપણ દેવતા, અસુર અને પુરૂષોને આનંદ કરનારા હોય છે. ચપલ સ્વભાવવાળા હોતા નથી. સ્વજનને તથા પરજનને ઉપતાપ કરનારા થતા નથી. જેની લીલા તથા વિલાસો અતિ ચંચળ હોતા નથી. સર્વ વસ્તુનું જ્ઞાન હોવાથી અલ્પ ઇચ્છાવાળા હોય છે. " ૧. વ્યાધિ રહિત તથા સ્વેદમલાદિકથી રહિત દેહ. ૨ પ્રફુલીત કમલની માફક દેહમાં તથા મુખમાં સુગંધ. ૩. ગાયના દૂધની ધારા માફક સફેદ રૂધિર તથા માંસ. ૪ ચર્મચક્ષુથી જાણી ન શકાય એવો આહારાદિક વ્યવહાર. " આ ચારે અતિશયો તીર્થંકરોને જન્મથીજ સિદ્ધ હોય છે.

તીર્થંકરોના દરેક અંગોમાં અનુપમ રૂપ સૌભાગ્યથી ઉત્પન્ન થએલા પવિત્ર યૌવનને વિષે તો એવી કોઇપણરૂપ શોભા થાય છે કે, જે શોભાસુર, અસુર અને રાજાઓના અંતઃકરણમાં ચમત્કાર ઉપ્તન્ન કરે છે. તેમજ કહ્યું છે કે—

सव्वसुराजइरूवं अंगुठ पमाणयं विउविज्जा ॥
जिणपायं गुठं पई नसोह एतं जहिंगालो ॥

**ભાવાર્થઃ**—જો સર્વ સુરાસુરનું રૂપ એક અંગુઠા પ્રમાણે વિકુર્વે અને તે જીનેશ્વરના અંગુઠાની આગળ મૂકે તો કોલસા જેવું લાગે.

संघयणरूवसंठाणं वन्नगई सत्तसार ओसासा ॥
एमाइंणुत्तराइं हवंति नामोदया तस्स ॥

ભાવાર્થ:—સંઘયણ, રૂપ, સંસ્થાન, વર્ણ ગતિ, સત્વ, બળ, શ્વાસોશ્વાસ એ સર્વે તીર્થંકર નામ કર્મના ઉદયથી અનુપમ હોય છે.

જે તીર્થંકરોનો તેવો કોઇ એક રૂપ સૌભાગ્યાદિક તથાએક હજાર આઠ બાહ્ય દેહના અતિશય હોય છે કે, જે અતિશયને સ્વર્ગલોકમાં દેવ તથા દેવીઓ ગાય છે. પાતાલમાં નાગપત્નીઓ સ્તુતિ કરે,મર્ત્યલોકમાં સ્ત્રીઓ ગાય છે. વિશેષ શું કહું, તોપણ જે તીર્થંકરોનું રૂપ, ભાગ્ય, સૌભાગ્ય, લાવણ્ય, ગમન, જાણે છે, તોપણ તીર્થંકરોને પાંચમા બ્રહ્મકલ્પમાં રહેનારા લોકાંતિક સુરો આવીને " દીક્ષા લેવાનો તથા સંવત્સર સુધી દાન આપવાનો આ સમય છે. " એમ જણાવે છે. જેમ પ્રભાત સમયે રાજા પોતે નિંદ્રાથી જાગેલો હોય છતાં પણ ભાટ ચારણો શંખાદિક વાજીંત્રના શબ્દો વડે જગાડે છે તેમ.

આ પ્રમાણે દેવોના વચન શ્રવણ કરી તીર્થંકરો ગ્રામ, પુર, પત્તનાદિકમાં " જે જે ઇચ્છિત હોય, તે તે વસ્તુ પોતાની ઇચ્છા પ્રમાણે સર્વે લોકો માગી લીઓ. " એમ પટહ વગડાવી જાહેર કરે છે. તે પછી સર્વ લોકમાં સાધા-

રણુ કૃપા પૂર્વક, સુવર્ણ, રત્ન, માણિક્ય, વસ્ત્ર, આભરણ, હાથી, અશ્વાદિકનું સાંવત્સરિક મહાદાન આપે છે.

આવીરીતે એક વર્ષ સુધી મહાદાન આપવા વડે જે તીર્થંકરોનો યશ તથા કીર્તિરૂપ પટહ આખા જગતને ગજવી મૂકે છે. તે સમયે શ્રી તીર્થંકરોનો આ દીક્ષા સમય છે એમ અવધિજ્ઞાનવડે જાણી ચોસઠ સુરેંદ્રો પરિવાર સહિત ત્યાં આવી પોતાની સર્વ સમૃદ્ધિવડે અઠાઇ મહોત્સવ કરી દિક્ષા મહોત્સવ કરે છે.

ત્યારપછી પોતાની મેળે દીક્ષાગૃહણ કરનારા સમગ્ર શિક્ષાને જાણનારા એક મોક્ષની પ્રાપ્તિ માટેજ બદ્ધ, કચ્છ થયેલા યતિધર્મને પાળવામાં અતિચતુર તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને વિષે નહિ મમતા રાખનારા તીર્થંકરો આ પૃથ્વીમાં વિહાર કરે છે. અને પોતાની મેળે પ્રાપ્ત થતા પરિષહ ઉપસર્ગાદિકને સહન કરે છે. કહ્યું છે કે,—

रागद्दोसकसाए इंदियाणिय पंचवि ॥
परीसहे उवसग्गे नामयंता नमोरिहा ॥

ભાવાર્થઃ—રાગ, દ્વેષ, કષાય, પાંચ ઇન્દ્રિય, પરિસહ, ઉપસર્ગ ને નમાવતા એવા જે અરિહંત તેમને નમસ્કાર થાઓ.

ત્યારપછી બાહ્ય તથા અભ્યંતર સર્વપરિગ્રહને ત્યાગ કરનારા તીર્થંકરોનિગ્રંથ થાય છે. તદનંતર, મૈત્રી, પ્રમોદ,

કરૂણા, માધ્યસ્થભાવેં કરી સ્થિર થએલા ધર્મધ્યાનને વિષે ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુક્ત્યાદિના આલંબનવડે શુક્લ-ધ્યાન વિલોકન, વચન, દર્શન, સ્પર્શન, શ્રવણ, ઔદાર્ય, ગાંભીર્ય ધૈર્ય, મર્યાદા સહિત આર્યપણું, દયાળુપણું, અનુ-દ્ધતપણું, સદાચારપણું, મનનું સત્યપણું, વાણીનું સત્યપણું, અકામક્રિયાનું સત્યપણું, સર્વજનનું હિતેચ્છુપણું, પ્રભુપણું, પ્રશાંતપણું, જીતેંદ્રિયપણું, ગુણિપણું, ગુણોમાં અનુરાગિપણું, મમતાથી રહિતપણું, સર્વમાં સમાનભાવપણું, સર્વને આદર આપવાપણું, નિર્ભયપણું, નિર્દોષપણું, ઇત્યાદિક જેમાં છે તેવું સકલ ત્રૈલોકમાં પણ દેવ, અસુર, મનુષ્યાદિકમાં નથી.

ત્રણે લોકમાં અલૌકિક તથા શ્રેષ્ઠ ગુણના સમૂહોથી ગરિષ્ટ હોવાથીજ સર્વત્ર મહાપ્રતિષ્ટાને પામનારા વિવેક-પૂર્વક વિવિધ કાર્યને કરનારા સર્વત્ર ઉચિતકાર્ય કરવામાં અતિચતુર તિર્થંકરે સર્વોત્તમ જાતિકુલ, રૂપ, બલ, પ્રભુત્વ, સંપત્તિઆદિ વિકારના કારણો છતાં પણ ગર્વાદિક વિકારને પ્રાપ્ત થતા નથી.

અનંત દુઃખોનું મુખરૂપ તથા અતિચંચળ વિષય સુખને જાણે છે, તોપણ જે તીર્થંકર તથાવિધ પ્રાગ્ભવમાં બાંધેલા ભોગફળ કર્મના બળથી સામ્રાજ્ય લક્ષ્મીને ભોગવે છે. તેવા સમયે પણ પરિણામે વિરસ એવા ભોગને માટે

ઉદ્યોગ કરવામાં વિમુખ તથા અનુપમ વૈરાગ્યરંગથી રંગાએલા હોય છે.

તેમજ શાસ્ત્રમાં કહેલું છે કે.

यदामर नरद्रश्रीस्त्वया नाथोप भुज्यते ॥
यत्र तत्र रति र्नाम विरक्तत्वं तदापि ते ॥

ભાવાર્થઃ—હે નાથ ! જ્યારે જે સમય તમે દેવની તથા રાજાની લક્ષ્મીને ભોગવો છો તે સમયે ત્યારે પણ તમને ખરેખર વૈરાગ્યમાં પ્રીતિ હોય છે.

આ સંસારમાં તેવી કોઇ પણ શ્રેષ્ટ અને મનોહર ભોગાદિકની સંપત્તિ તીર્થંકરોના મનને રંજીત કરતી નથી. વસ્તુતાએ કરી ઉત્તમ એવી કોઇપણ વસ્તુ સંસારમાં નથી. કે જેમાં તીર્થંકરોનું મન ખેંચાય. તેમ છતાં પણ શાસ્ત્રોક્ત વીધિ પ્રમાણે ત્રણ પુરૂષાર્થ ( ધર્મ, અર્થ અને કામ ) ને સિદ્ધ કર્યાપછી ચતુર્થ પુરૂષાર્થરૂપ પરબ્રહ્મપદ ( મોક્ષ ) મેળવવાના સાધનના સમયને મેળવી ક્ષિપકશ્રેણીનો આશ્રય કરી ચાર ઘાતિકર્મનો ક્ષય કરે છે. તે પછી તરતજ જે તિર્થંકરોને સકલ દ્રવ્ય પર્યાયને સાક્ષાત્ કરનાર કેવલજ્ઞાન તથા કેવલદર્શન ઉત્પન્ન થાય છે.

ગ્રંથકર્તા કહે છે કે, હે શ્રોતાજનો ! તીર્થંકરોના નામ કર્મ પ્રકૃતિના મહિમાને સાવધાનપણે શ્રવણ કરો.

તીર્થંકરો જે સ્થળે બીરાજવાના હોય છે તે સ્થળે વાયુકુમાર દેવો એક યોજન પર્યંત પૃથ્વીને સાફ કરે છે. મેઘકુમાર દેવો સુગંધીજળ છાંટેછે. ઋતુકુમાર દેવો પાંચવર્ણ સંયુક્ત, સુગંધી યુક્ત, પુષ્પની વૃષ્ટિ કરે છે. વ્યંતર દેવો એક યોજનમાં મણિરત્ન અને સુવર્ણમય પીઠ બાંધે છે. તે પીઠ ઉપર વૈમાનિક દેવો મણિના બનાવેલા કાંગરાઓથી મંડિત તથા જેના ચારે દરવાજા પતાકા, તોરણ, ધજા, પૂતળીઓથી વિરાજીત કરે છે. એવો રત્નનો પહેલો ગઢ બનાવે છે. તે પહેલા ગઢનો ફરતો રત્નમય કાંગરાથી શોભિત ચાર દરવાજાવાળા સુવર્ણના મધ્યગઢને જ્યોતિષ દેવો કરે છે. તે બીજા ગઢને ફરતો સોનાના કાંગરાથી વિભૂષિત ચાર દરવાજાથી સંયુક્ત રૂપાનો ત્રીજો ગઢ ભુવનપતિ દેવો બનાવે છે. તેવી રીતે અશોકવૃક્ષ, રત્નમય પીઠ, તથા દેવછંદ આસન ઇત્યાદિક પણ તીર્થંકરોના પુણ્ય પ્રભાવથી દેવો કરે છે.

ત્યાર પછી જ્યારે તીર્થંકરો ચાલવાના હોય છે ત્યાર દેવોએ પ્રભુના પગ નીચે અનુક્રમે મૂકેલા નવ સોનાના કમલો ઉપર પગમૂકી ચાલતા તથા ચાર પ્રકારના દેવોના ઇંદ્રોથી વિંટાએલા તીર્થંકરો સમવસણમાં આવે છે. સમવસરણમાં આવી તીર્થંને પ્રણામ કરી ચારે બારણેથી આવનારા તમામ લોકોને પ્રભુના મુખનું દર્શન થાય એટલા

માટે દેવોએ બનાવેલા બીજા ત્રણ રૂપોએં સહિત તીર્થંકરો પૂર્વ દિશામાં મુખ રાખી સિંહાસન ઉપર બેસે છે.

બાર પ્રકારની સભા પોતપોતાને સ્થાને બેસી ગયા પછી જગતના ગુરૂ, જગતના નાથ, જગતને તારનાર, અનંત ગુણોથી ગરિષ્ટ, અનંત શક્તિવાળા, અનંત મહિમાવાળા, ચોત્રીશ અતિશયોથી સંયુક્ત, અષ્ટમહા પ્રાતિહાર્યથી બિરાજમાન્ પાંત્રીશ વાણીના ગુણોવડે દેવ, અસુર, નર, તિર્યંચને પ્રસન્ન કરનારા, ત્રણે ભુવનના પાપોને બાળી ભસ્મ કરનારા, અઢાર દોષોથી રહિત અને જઘન્યેં કરી ચતુર્વિધ દેવ, નિકાયદેવ, કોટીથી પરિવૃત એવા તીર્થંકરો જો કે પોતે તો કૃતાર્થ છે તોપણ પરોપકારને માટે એક યોજનમાં વિસ્તાર પામનારી, સર્વ સંદેહને હરનારી, તથા સર્વ ભાષાને કહેનારી એવી વાણીવડે મોક્ષ માર્ગનો પ્રકાશ કરનારી ધર્મદેશના કરે છે. તથા પરોપકાર માટે પૃથ્વીમાં વિહાર કરે છે. તેમજ શાસ્ત્રમાં કહેલ છે કે,—

चउतीस अइसयजुआ अठमहापाडिहेर कय सोहा ॥
तित्थयरागय मोहा झाए अव्वापयत्तणम् ॥

**ભાવાર્થ:**—ચોત્રીશ અતિશયેકરી યુક્ત એવા અને અષ્ટ મહાપ્રાતિહાર્યેં કરી છે શોભા જેમની એવા, તેમજ

રાગ અને મોહ જેમના ગએલા છે એવા તીર્થંકર ધ્યાન કરવા યોગ્ય છે.

चउराजम्मप्पभिई इक्कार सकम्मसंखए जाए॥
इगुणीसंदेवकअे चउतीसं अईसया हुंति ॥

ભાવાર્થઃ—ચાર જન્મથી, અગીઆરકર્મના ક્ષયથી અને ઓગણીશ દેવોના કરેલા, એવા ચોત્રીશ અતિશયો હોય છે.

अशोकाख्यं वृक्षं सुरविरचितं पुष्पनिकरं ॥
ध्वनि दिव्यं श्रव्यंरुचिर चमरावासनवरम् ॥
वपुर्भासं भारं समधुररवं दुंदुभि मथ
प्रभोः प्रेक्ष्यछत्र त्रयमधिमनः कस्यन मुदे

ભાવાર્થઃ—૧. અશોકવૃક્ષ. ૨. દેવોએ રચેલો પુષ્પનો સમૂહ, ૩. શ્રવણ કરવા યોગ્યદિવ્યધ્વનિ, ૪. મનોહર ચામર યુગલ, ૫. ઉત્તમ આસન, ૬. ભામંડળ, ૭. મધુર અવાજ કરનાર દુંદુભિ વાજીંત્ર, અને ૮. ત્રણ છત્ર. આવી રીતે પ્રભુના અષ્ટ પ્રાતિહાર્યને જોઇ કોના મનમાં હર્ષને માટે ન થાય.

चउतीस अइसमयजुआ अठमहापाडिहेर कय सोहा ॥
वाणी पण तीसगुणा अठारस दोष रहि आय ॥

ભાવાર્થઃ—ચોત્રીશ અતિશયે યુક્ત, અષ્ટમહા પ્રાતીહાર્યથી થઈ છે શોભા જેમની અને પાંત્રીશ વાણીના ગુણે સહિત, અને અઢાર દોષે રહિત એવા, તથા.

जेए आरिस देवा निज्जि अरिउरागदोस मोहाय ॥
देवाहिदेव नामं तोसिंचि अत्थ ज्जुए भुवणे ॥

ભાવાર્થઃ—નિર્જરા છે રાગ, દ્વેષ, મોહ, જેમને; એવા જે દેવ તેમનુંજ દેવાધિદેવ નામ જગત્માં અર્થે કરી યુક્ત છે.

એવી રીતે અનેક ગુણોથી અલંકૃત, ત્રણે લોકમાં પ્રતિષ્ટાને પામેલા સમગ્ર દેવ અસુર તથા નરમાં અતિશ્રેષ્ટ અને મહિતલ ઉપર વિહાર કરતા તીર્થંકરો કુત્સિત મત રૂપી અંધકારને દૂર કરી સન્માર્ગનો પ્રકાશ કરે છે. તથા અનાદિ કાળથી જામી ગએલા મિથ્યાત્વનો નાશ કરેછે. જિનશાસનની ઉન્નતિ કરે છે. જાણવા યોગ્ય પદાર્થનો પ્રકાશ વિસ્તારે છે. સંસારમાં ભ્રમણ કરાવનારા કુબોધને ભેદે છે, અને અનેક ભવ્ય જનના મનમાં પ્રતિબોધ કરેછે.

ત્યારપછી આયુષ્ય કર્મના ભોગના અંત સમયે શુકલધ્યાનવડે ભવોપગ્રાહી ચાર કર્મનો ક્ષય કરી એક સમયે ઋજુશ્રેણીએ કરી તીર્થંકરો સિદ્ધિક્ષેત્રમાં જાય છે. તેથી ઉ-

પર જાતા નથી, કારણ કે અવગ્રહ નથી; તેમ નીચે પણ જતા નથી કારણકે ગૌરવ ( વજનપણું ) હોતું નથી. તેમ આડીગતિ પણ હોતી નથી, કારણ કે યોગ પ્રયોગનો અભાવ છે.

સર્વ દેવ તથા મનુષ્યોએ ભૂતકાળમાં જે સુખ ભોગવેલુંછે તથા સર્વ દેવ મનુષ્યો ભવિષ્ય કાળમાં જે સુખ ભોગવશે તે સર્વ સુખને અનંતગણું કરીએ એટલું સુખ એક સમયમાં સિદ્ધ ભોગવે છે.

अनंत दर्शन ज्ञानशक्ति सौख्य मयास्ततः ॥
त्रैलोक्य तिलकी भूतास्तत्र तिष्ठन्ति सर्वदा ॥

ભાવાર્થ:—અનંત દર્શન તથા અનંત જ્ઞાનશક્તિના સુખમય અને ત્રણ લોકના તિલકરૂપ તિર્થંકરો તે સિદ્ધ-ક્ષેત્રમાંજ સર્વદા રહે છે.

તે સમયે તીર્થંકરોનો આ નિર્વાણ સમય છે, એમ અવધિજ્ઞાનવડે જાણીને પરિવાર સહિત ચોસઠ સુરેંદ્રો આ-વેછે. આવીને ગોચંદનાદિક સુગંધિદ્રવ્યોવડે તીર્થંકરોના શરીર ઉપર લેપન કરે છે. અને સમગ્ર શાશ્વત ચૈત્યોને વિષે અઠ્ઠાઈ મહોત્સવ કરે છે.

આશ્ચર્ય છે કે જે તીર્થંકરોનું માતાના ઉદરમાં આવવું જન્મથવો, ગૃહવાસ, સંસારમાં ભમવું, દીક્ષાલેવી, કેવલજ્ઞાન થવું અને અંતે નિર્વાણની પ્રાપ્તિ ઈત્યાદિક સર્વ અલૌકિક છે. એટલા કારણ માટે ભગવંત તે તિર્થંકરો સર્વસંસારી જીવો કરતાં સર્વપ્રકારે ઉત્તમોત્તમ જાણવા.

ગ્રંથકર્ત્તા કહે છે કે,—

उत्तमोत्तम या तया तया विश्व त्रिश्व सुख दायिनो जिनाः ॥
अक्षयाखिल सुखादि मेदुराः मापुरव्यय पदं महोदयः ॥

ભાવાર્થઃ—આ વિશ્વમાં સમગ્રસુખ આપનારા, સર્વ અક્ષય સુખાદિકે કરી પરિપૂર્ણ તથા જેનો મોટો ઉદય છે એવા જીનેશ્વરો ઉત્તમોત્તમપણે પ્રાપ્ત થએલી અક્ષય સિદ્ધિવડે મોક્ષપદને પ્રાપ્ત થયા.

श्रीमत्तपोगण नभोगण वर्य सूर्य
श्रीदेव सुंदर गुरु प्रवर प्रसादात् ॥
श्रेमंकरो गणिवरः स्वपरोपकार
हेतोश्चकार पुरुषाश्रयिणं विचारम् ॥

ભાવાર્થ:—કલાણકારક તપગચ્છરૂપી ગ્રહગણમાં શ્રેષ્ઠ સૂર્ય સમાન શ્રી દેવસુંદર નામના ગુરૂની ઉત્તમ કૃપાથી

શ્રી ક્ષેમંકર ગણિએ પોતાના તથા પરના ઉપકાર માટે આ ષટ્ પુરૂષ સંબંધી વિચાર કરેલો છે, અર્થાત તેણે આ ગ્રંથ રચેલો છે.

इति श्री देवसुंदर सूरी शिष्य पंपद धारक
क्षेमंकर रचित षट् पुरुष चरित्रं समाप्तम्

# સમય આ જાય છે મોંઘો !

( ગઝલ ).

સમજ જન ! તું જરા મનથી, ફના આ જીદંગી થાશે;
યુવાની કાલ વહી જાશે, સ્મરણનાં સોણલાં રે'શે ! ૧

કીધા બહુ પાપના ધંધા, બની અભિમાનમાં અંધા;
જગતના પ્યારમા રમતાં, પલકમાં પ્રાણ વહી જાશે ! ૨

ઝુકાવ્યું પાપ સાગરમાં, વિકારોથી ભરી મનને;
મમત મદ મોહને ખડકે, જીવનનું નાવ પટકાશે ! ૩

વિષયમાં મારતા વલખાં, નથી જગદીશને રટતાં;
સમય આ વ્યર્થ કાં ખોતા, ધડાકો કાળનો થાશે ! ૪

વિલાસી આમ કાં થાતા, ધરીને મોહ ઉર ખોટા;
શરીર પિંજર તણું પંખી, ઉડી જાતાં સુનું થાશે ! ૫

ભજી લે ઈશને પ્રેમે, નહિ તો ખૂબ પસ્તાશે;
સમય આ જાય છે મોંઘો, ગયેલી તક નહિ મળશે ! ૬